


# સિદ્ધિભુવન
# પ્રાચીન સ્તવન સંગ્રહ

સંગ્રાહક:

પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ

સંપાદક:

મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી

મુનિ જંબૂવિજય

Download From : http://PDFSeva.com

# સિદ્ધિભુવન
# પ્રાચીન સ્તવન સંગ્રહ

સંગ્રાહક :

પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ

સંપાદક :

મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી

મુનિ જંબૂવિજય

Download From : https://PDFSeva.com

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૧૯૮૫

પ્રકાશક-મુદ્રક :
કેશવજી હીરજી ગોગરી
હર્ષા પ્રિન્ટરી,
૧૨૨, ડૉ. મૈશેરી રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૯.

Download From : https://PDFSeva.com

श्री ऋषभदेवस्वामिने नमः ।।

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।।

श्री महावीरस्वामिने नमः ।।

श्री गौतमस्वामिने नमः ।।

श्री सद्गुरुदेवाय नमः ।।

# કિંચિદ્ વક્તવ્ય

પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય સદ્ગુરૂદેવ તથા સંસારી અવસ્થાના મારા પિતાશ્રી પૂજ્યપાદ મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજનું સમગ્ર જીવન ભક્તિરંગથી રંગાયેલું હતું. પૂ. ગુરુદેવ આગમશાસ્ત્રોના—પ્રભુની મંગલવાણીના પણ પરમ ભક્ત હતા. દીક્ષા લીધા પછી જ્ઞાનસાધના તથા ચારિત્રસાધના સાથે ભક્તિરંગ પણ તેમના અંતરંગમાં વ્યાપેલો હતો તેથી વિક્રમ સંવત્ ૨૦૧૪ ના **ઝીંઝુવાડા**ના ચતુર્માસમાં આંતરિક પ્રેરણાથી જ તેઓશ્રીએ પૂર્વ-મહર્ષિવિરચિત સ્તવનોનો ભક્તિરંગથી સંગ્રહ કરવા માંડ્યો હતો. તે જ સંગ્રહ આજે પ્રગટ કરતાં મને અત્યંત હર્ષનો અનુભવ થાય છે.

પૂજ્યપાદ ગુરૂદેવ આ સ્તવનસંગ્રહ લખતા હતા ત્યારે મને કલ્પના પણ નહોતી કે પૂજ્ય ગુરૂદેવના હૃદયમાં નિરંતર વહેતી ભક્તિરસની ધારાનો આ અંતિમ આવિષ્કાર છે.

પૂજ્યપાદ ગુરૂદેવ ઝીંઝુવાડામાં ચતુર્માસ પૂર્ણ કરીને, વિક્રમ સંવત્ ૨૦૧૫ માં પોષ વદિમાં વિહાર કરીને શ્રી **શંખેશ્વરજી** તીર્થે

Download From : https://PDFSeva.com

પધાર્યા. ત્યાં લગભગ પંદરેક દિવસ રહ્યા પછી પૂ. ગુરૂદેવની તબિયતે અણધાર્યો પલટો લીધો. બે વર્ષથી તેઓશ્રીને શ્વાસનો-દમનો વ્યાધિ તો હતો જ. પણ આ વખતે એ વધારે જોરદાર બન્યો. પરિણામે વિક્રમ સંવત્ ૨૦૧૫ ના મહા સુદિ ૮ તા. ૧૬-૨-૧૯૫૯ સોમવારે સાંજે પ્રતિક્રમણ કર્યા પછી, જાપ આદિની તેઓશ્રીની સાધના પૂર્ણ કર્યા પછી, શ્રી શંખેશ્વરજી તીર્થમાં **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** પ્રભુજીની છાયામાં તેઓશ્રીનો સમાધિમય સ્વર્ગવાસ થયો.

પૂજ્યપાદ ગુરુદેવનો દેહવિલય એ મારા માટે ઘણી જ આકસ્મિક અને આઘાતજનક ઘટના હતી. તે પછી તરત મુનિરાજશ્રી **દેવભદ્રવિજયજી**ની વિક્રમ સંવત્ ૨૦૧૫ના ફાગણ સુદિ ત્રીજે શંખેશ્વરજીમાં દીક્ષા થઇ અને અમે શંખેશ્વરજીથી વિહાર કરી અમારા પરમ ગુરુદેવ પૂજ્યપાદ સંઘસ્થવિર આચાર્યદેવ શ્રી ૧૦૦૮ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજની છાયામાં અમદાવાદ ગયા. ત્યાં તેઓશ્રીના વરદ હસ્તે મુનિરાજ **દેવભદ્રવિજયજી**ની વડી દીક્ષા થઈ.


તે પછી કચ્છમાં શ્રી **ભદ્રેશ્વરજી** તીર્થની યાત્રાએ અમારે જવાનું થયું. ત્યાં માંડવીમાં વિક્રમ સંવત્ ૨૦૨૨ માં વૈશાખ સુદિ ચોથે રવિવારે (તા. ૨૪-૪-૬૬) મુનિશ્રી **ધર્મચંદ્રવિજયજી** ની દીક્ષા થઇ.

પૂજ્યપાદ ગુરુદેવે સ્વહસ્તે લખેલો આ નાનો પણ પ્રાચીન-મહર્ષિવિરચિત સ્તવનોનો સંગ્રહ, બીજાઓને પણ ભકિતભાવનામાં ઉપયોગી થાઓ એ ભાવનાથી આ સ્તવનસંગ્રહ પૂ. ગુરુદેવના સ્વર્ગવાસ પછી તરત પ્રકાશિત કરવાની મારી તીવ્ર અભિલાષા હતી, છતાં નિરાંતે સુંદર રીતે પ્રકાશિત કરવાની ભાવનામાં ને ભાવનામાં અનેક કારણોને લીધે ૨૫ વર્ષ વીતી ગયાં. આ વાત મને નિરંતર ખટક્યા જ કરતી હતી તેવામાં, કચ્છ-**પત્રી** ગામના વતની અને હમણાં મુંબઇમાં

Download From : https://PDFSeva.com

પૂજ્યપાદ સંઘસ્થવિર આ. ભ. શ્રી વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** મ. ના

પટ્ટાલંકાર પૂ. પા. આ. શ્રી વિજય **મેઘસૂરીશ્વરજી** મ. ના શિષ્ય



પૂજ્ય ગુરુદેવ મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજ

| | | |
|---|---|---|
| **જન્મ.** વિ. સં. ૧૯૫૧ | **દીક્ષા.** વિ. સં. ૧૯૮૯ | **સ્વર્ગવાસ.** વિ. સં. ૨૦૧૫ |
| શ્રાવણ વદિ ૫, માંડળ | જેઠ વદિ ૬, અમદાવાદ. | મહા સુદિ ૮, શંખેશ્વરજીતીર્થ. |

Download From : https://PDFSeva.com

Download From : https://PDFSeva.com

વસતા શ્રી કેશવજીભાઈ ગોગરી કે જે મુંબઈની પ્રસિદ્ધ હર્ષા પ્રિન્ટરીના અધિપતિ છે તે મળ્યા. પત્રીમાં વિક્રમ સંવત્ ૨૦૩૧માં અમે ચતુર્માસ કરેલું હતું એટલે **પત્રી**-સંઘના શ્રાવકો ચિરપરિચિત રહ્યા છે. કેશવજીભાઈના હાથે આનું મુદ્રણ-પ્રકાશન બહુ સુંદર રીતે થશે એમ સમજીને કેશવજીભાઈને આ કાર્ય પૂર્ણ કરવા સૂચવ્યું અને તેમણે તે તરત જ સહર્ષ સ્વીકારી લીધું. એટલે આના પ્રકાશનનો લાભ અને યશ શ્રી કેશવજીભાઈના ફાળે જાય છે.

## પૂજ્યપાદ ગુરુદેવનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

પૂજ્યપાદ ગુરુદેવના પિતાશ્રીનું નામ શા. **મોહનલાલ જોઈતારામ** હતું અને માતુશ્રીનું નામ **ડાહીબેન ડામરસીભાઈ** હતું. તેઓશ્રીનો જન્મ વિક્રમ સંવત્ ૧૯૫૧ શ્રાવણ વદિ પંચમીને દિવસે (તા. ૧૦-૮-૧૮૯૫) શનિવારે **માંડલ**માં (શંખેશ્વરજી તીર્થથી ૨૦ માઈલ દૂર) થયો હતો. લગભગ ૧૬ વર્ષની ઉંમરે તેમનું લગ્ન **ઝીંઝુવાડા**ના શા. **પોપટલાલ ભાઈચંદ** તથા **બેનીબેન**નાં ત્રીજા નંબરના સુપુત્રી **મણિબેન** સાથે થયું હતું કે જેઓ મારાં પરમોપકારી માતુશ્રી છે.

પૂજ્યપાદ ગુરુદેવની દીક્ષા વિક્રમસંવત્ ૧૯૮૮ જેઠ વદિ ૬ (તા. ૨૪-૬-૧૯૩૨) શુક્રવારે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ૧૦૦૮ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજના વરદ હસ્તે અમદાવાદમાં થઈ હતી અને પૂજ્યપાદ **બાપજી** મહારાજના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજય **મેઘસૂરીશ્વરજી** મહારાજના તેઓ શિષ્ય થયા હતા. તે પછી વિક્રમ સંવત્ ૧૯૯૩ વૈશાખ સુદિ તેરસના દિવસે **રતલામ** (મધ્ય પ્રદેશ) માં મારી દીક્ષા થઈ હતી. તે પછી મારાં માતુશ્રી **મણિ**બેનની દીક્ષા

Download From : https://PDFSeva.com

અમદાવાદમાં વિક્રમ સંવત્ ૧૯૯૫ મહા વદિ ૧૨ ના દિવસે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય **નીતિસૂરીશ્વરજી** મહારાજના વરદ હસ્તે થઈ હતી અને મારાં મોટા માસી સાધ્વીજી **લાભશ્રીજી** મહારાજ (સરકારી ઉપાશ્રયવાળા)નાં તેઓ શિષ્યા થયાં હતાં. તેમનું નામ સાધ્વીજી **મનોહરશ્રીજી** છે. અત્યારે તેમની ઉંમર ૯૧ વર્ષની છે.

પૂજ્યપાદ પિતાશ્રી ગુરૂદેવે આ અસાર અને વિષમ સંસારમાંથી પ્રભુના સાચા માર્ગે ચડાવીને અમારો સર્વનો મહાન્ ઉદ્ધાર કર્યો છે, તેથી પૂજ્યપાદ ગુરૂદેવનો અમારા ઉપર અનંત અનંત ઉપકાર છે.

પૂજ્યપાદ ગુરૂદેવશ્રીના અનંત ઉપકારોને, પરમાત્માની કૃપાથી આત્મસાત્ કરીને, અને જન્મે જન્મે આ સદ્ગુરૂદેવને પ્રાપ્ત કરીને અમે શીઘ્રમેવ સિદ્ધપદને પ્રાપ્ત કરીએ એવી પ્રભુ પાસે ઉત્કટ અભિલાષાથી પ્રાર્થના કરીને અહીં **વેડ** ગ્રામનાં જિનપ્રાસાદમાં વિરાજમાન શાસનનાયક પરમાત્મા ભગવાન **મહાવીર સ્વામીના** કરકમલમાં આ લઘુ પુસ્તિકા ભક્તિભાવથી અર્પણ કરીને આજે અતિઆનંદ અને ધન્યતા અનુભવું છું.

—પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** પટ્ટાલંકાર-
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મેઘસૂરીશ્વરજી** શિષ્ય-
પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી **ભુવનવિજયાન્તેવાસી**
મુનિ **જંબૂવિજય**

વિક્રમ સં. ૨૦૪૧, આષાડ સુદિ ૧, (તા. ૧૯-૬-૮૫) બુધવાર,
**વેડ** (તાલુકો- સમી) (જિલ્લો- મહેસાણા) ઉત્તર ગુજરાત.

Download From : https://PDFSeva.com

# અ*નુ*ક્ર*મ*ણિ*કા


| | |
|---|---|
| શ્રી ઋષભ જિન સ્તવનો ..... ..... ..... | ૧ |
| શ્રી અજિતનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૧૫ |
| શ્રી સંભવનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૧૯ |
| શ્રી અભિનંદન જિન સ્તવનો ..... ..... ..... | ૨૨ |
| શ્રી સુમતિનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૨૪ |
| શ્રી પદ્મપ્રભ જિન સ્તવનો ..... ..... ..... | ૨૬ |
| શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૨૮ |
| શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવનો ..... ..... ..... | ૩૦ |
| શ્રી સુવિધિનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૩૪ |
| શ્રી શીતલનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૩૬ |
| શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૩૮ |
| શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો ..... ..... ..... | ૪૧ |
| શ્રી વિમલનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૪૪ |
| શ્રી અનંતનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૪૬ |
| શ્રી ધર્મનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૫૦ |
| શ્રી શાંતિનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૫૫ |
| શ્રી કુંથુનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૬૪ |
| શ્રી અરનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૬૫ |
| શ્રી મલ્લિનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૬૭ |
| શ્રી મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનો ..... ..... | ૭૨ |
| શ્રી નમિનાથ જિન સ્તવનો ..... ..... ..... | ૭૬ |


Download From : https://PDFSeva.com

શ્રી નેમિનાથ જિન સ્તવનો ..... ..... ..... ૭૯
શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં સ્તવનો ..... ..... ..... ૮૧
ભગવાન મહાવીર પ્રભુનાં સ્તવનો ..... ..... ૯૨
શ્રી ચોવીસ જિનેશ્વરનું સ્તવન ..... ..... ..... ૧૦૮
શ્રી જિન પંચક સ્તવન ..... ..... ..... ૧૧૦
શ્રી સિદ્ધચક્ર સ્તવન ..... ..... ..... ૧૧૨
સામાન્ય જિન સ્તવન ..... ..... ..... ૧૧૪
વિહરમાન જિન સ્તવન ..... ..... ..... ૧૧૫
શ્રી સિદ્ધાચલનાં સ્તવનો ..... ..... ..... ૧૨૪

## શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૬ | યહ | યા હી |
| ૪ | ૯ | ધન્ય ને | ધન્ય તે |
| ,, | ૧૪ | વિસામો ? | વિમાસો ? |
| ૭ | ૧૮ | માયમન | માય મન |
| ૧૧ | ૧૯ | દોષ રહિતને | દોષરહિતને |
| ૧૪ | ૫ | બ્રહ્યા | બ્રહ્મા |
| ૩૫ | ૧૪ | ઉત્તજઝયણે | ઉત્તરજઝયણે |
| ૩૫ | ૧૪ | યઉહા | ચઉહા |
| ૪૪ | ૪ | લોયણ | લોયણે |
| ૮૧ | ૧૫ | મે તેરા | મેં તેરા |
| ૮૩ | ૧૧ | પમ્યા | પામ્યા |
| ૧૦૦ | ૬ | ઉપદાન | ઉપાદાન |
| ૧૦૭ | ૧૭ | બાંહ | બાંહે |

Download From : https://PDFSeva.com

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રીઋષભજિન સ્તવનો

- १ -

आदिजिनं वन्दे गुणसदनं सदनन्तामलबोधं रे ।
बोधकतागुणविस्तृतकीर्तिं कीर्तितपथमविरोधं रे ॥ आदि० १

रोधरहितविस्फुरदुपयोगं योगं दधतमभङ्गं रे ।
भङ्गनयव्रजपेशलवाचं वाचंयमसुखसङ्गं रे ॥ आदि० २

संगतशुचिपदवचनतरङ्गं रङ्गं जगति ददानं रे ।
दानसुरद्रुममञ्जुलहृदयं हृदयंगमगुणभानं रे ॥ आदि० ३

भानन्दितसुरवरपुंनागं नागरमानसहंसं रे ।
हंसगतिं पंचमगतिवासं वासवविहिताशंसं रे ॥ आदि० ४

शंसन्तं नयवचनमनवमं नवमङ्गलदातारं रे ।
तारस्वरमघघनपवमानं मानसुभटजेतारं रे ॥ आदि० ५

इत्थं स्तुतः प्रथमतीर्थपतिः प्रमोदा
च्छ्रीमद्यशोविजयवाचकपुंगवेन ।
श्री पुण्डरीकगिरिराजविराजमानो
मानोन्मुखानि वितनोतु सतां सुखानि ॥ आदि० ६

卐

Download From : https://PDFSeva.com

-૨-

ઋષભદેવ હિતકારી, જગતગુરૂ ઋષભદેવ હિતકારી,
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિવ્રતધારી જગતગુરૂ-૧

વરસીદાન દેઇ તુમે જગમેં, ઇલતિ ઇતિ નિવારી,
તૈસી કાહી કરત નાહિં કરૂણા, સાહિબ બેર હમારી જગતગુરૂ-૨

માંગત નહિં હમ હાથી ઘોડે, ધન કણ કંચન નારી
દીઓ મોહે ચરણકમલ કી સેવા, યહ લગત મોહે પ્યારી જગતગુરૂ-૩

ભવલીલા વાસિત સુરદારે, તું પર સબહી ઉવારી,
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિરધારી જગતગુરૂ-૪

ઐસો સાહિબ નહિં કોઇ જગમેં, યાશું હોયે દિલદારી,
દિલ હી દલાલ પ્રેમ કે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી જગતગુરૂ-૫

તું છે સાહિબ મેં તુજ બંદા, યા મત દીઓ વિસારી,
શ્રી નયવિજયવિબુધ સેવક કહે, તુમ હો પરમ ઉપગારી જગતગુરૂ-૬

* 卐 *

-૩-

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલ રે,
મુખદીઠે સુખ ઉપજે, દરિશન અતિહી આનંદ લાલ રે જગ....૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશીસમ ભાલ લાલ રે
વદન તે શારદ ચંદલો, વાણી અતિહી રસાલ લાલ રે જગ....૨

લક્ષણ અંગે વિરાજતાં અડહિઅ સહસ ઉદાર લાલ રે
રેખા-કર - ચરણાદિકે, અભ્યન્તર નહિં પાર લાલ રે જગ....૩

Download From : https://PDFSeva.com

ઇન્દ્ર, ચન્દ્ર, રવિ, ગિરીતણાં, ગુણ લહી ઘડીયું અંગ લાલ રે
ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે જગ....૪

ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે
વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે જગ....૫

❋ 卐 ❋

-૪-

ઋષભ જિનરાજ મુજ આજદિન અતિ ભલો,
ગુણનીલો જેણે તું નયણે દીઠો;
દુઃખ ટળ્યાં, સુખ મળ્યાં સ્વામી તુજ નિરખતાં,
સુકૃતસંચય હુઓ પાપ નીઠો .... ....ઋષભ-૧

કલ્પશાખી ફળ્યો, કામઘટ મુજ મીલ્યો,
આંગણે અમીયના મેહ વુઠયા;
મુજ મહીરાણ મહીભાણ તુજ દર્શને,
ક્ષય ગયા કુમતિ અંધાર જુઠા.... .... ....ઋષભ-૨

કવણ નર કનકમણી છોડી તૃણ સંગ્રહે?
કવણ કુંજર તજી કરહ લેવે?
કવણ બેસે તજી કલ્પતરૂ બાઉલે?
તુજ તજી અવર સુર કોણ સેવે?.... .... ....ઋષભ-૩

એક મુજ ટેક સુવિવેક સાહિબ સદા,
તુજ વિના દેવ દુજો ન ઇહું;
તુજ વચનરાગ સુખસાગરે ઝીલતો;
કર્મભર ભ્રમથકી હું ન બીહું.... .... ....ઋષભ-૪

Download From : https://PDFSeva.com

કોડી છે દાસ વિભુ ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિતપાવન સમો જગતઉદ્ધાર કર,
મહેર કરી મોહે ભવજલધિ તારો .... ....ઋષભ-૫

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબલ પ્રતિબંધ લાગો;
ચમકપાષાણુ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો .... ....ઋષભ-૬

ધન્ય ને કાય જેણે પાય તુજ પ્રણમીયેં,
તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા;
ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,
ધન્ય તે રાત ને ધન્ય દીહા.... .... ....ઋષભ-૭

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિસામો ?
રયણુ એક દેત શી હાણુ રયણાયરે ?
લોકની આપદા જેણે નાસો.... .... ....ઋષભ-૮

ગંગસમ રંગ તુજ કીર્તિ કલ્લોલિની,
રવિ થકી અધિક તપ તેજ તાજો,
નયવિજય વિબુધ સેવક હું આપરો,
જશ કહે અબ મોહે બહુ નિવાજો .... ....ઋષભ-૯

Download From : https://PDFSeva.com

- ૫ -

બાલપણે આપણુ સસનેહિ, રમતાં નવ નવ વેશે,
આજ તુમે પામ્યા પ્રભુતાઇ અમે તો સંસાર નિવેશે;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... .... ...૧
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીયેં, તો તુમને કેઇ ધ્યાવે
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણુ, કોઇ ન મુકિત જાવે;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... ... ...૨
સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ, તેમાં શો પાડ તુમારો?
તો ઉપગાર તુમારો વહીએ, અભવ્ય સિદ્ધને તારો
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... .... ....૩
નાણરયણુ પામી એકાંતે થઈ બેઠા મેવાશી,
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... .... ...૪
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવી થાએ,
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાએ?
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો ... .... ....૫
સેવા ગુણુ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી,
તો તુમે સ્વામી કેમ કહાઓ, નિરમમ ને નીરાગી;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... ... ....૬
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જગ જયકારી,
રૂપવિબુધનો મોહન પભણે, વૃષભ લંછન બલિહારી;
હો પ્રભુજી, ઓલંભડે મત ખીજો .... ... ...૭

Download From : https://PDFSeva.com

– ૬ –

નાભિનરિંદનો નંદન વંદીએ, મરૂદેવા માત મલ્હાર,
નહિં જસ લંછન, લંછન ગવયનું રે, મેલ્યા મોહ મહાવિકાર;
કેવલ કમલા વિમલા તું વર્યો રે.... .... .... ૧

હરિહર બ્રહ્મ પુરંદર જ્ઞાનથી રે, જ્ઞાન અનંતું શ્રી જિનરાજ,
જગલોચનથી અધિક પ્રભા નહિં રે, જેમ રિખ તારકના સમુદાય;
કેવલ કમલા વિમલા તું વર્યો રે.... .... .... ૨

ધર્મ બતાયા માયા પરિહરી રે, ભવ દાવાનલ ઉપશમ નીર,
પાપ હરાયા કાયા ધનુષની રે, પંચસયા સોવન્ન શરીર;
કેવલ કમલા વિમલા તું વર્યો રે.... ... ... ૩

શિવસુખ ભોગી શિવસુખ આપીયેં, દાસતણી અરદાસ મનાય,
મોટા મૌન ધરીને જો રહે રે, તો કીમ સેવક કારજ થાય ?
કેવલ કમલા વિમલા તું વર્યો રે.... .... .... ૪

પંકજ દલ જલબિંદુ જગ લહે રે, ઉપમા મોતીની મહારાજ,
સજજન સંગે જગ જશ પામીયેં રે, કહે શુભ સેવક ઘો શિવરાજ;
કેવલ કમલા વિમલા તું વર્યો રે.... .... .... ૫

* 卐 *

– ૭ –

ભરતજી કહે સુણો માવડી, પ્રગટયા પુણ્ય નિધાન રે,
નિત્ય નિત્ય દેતા ઓલંભડો, હવે જુઓ પુત્રોના માન રે;
ઋષભની શોભા હું શી કહું ? .... .... .... –૧

અઢાર કોડાકોડી સાગરે, વસીયો નયર અનુપ રે,
ચાર જોજનનું રે માન છે, ચાલો જોવાને ભૂપ રે....ઋષભ–૨

Download From : https://PDFSeva.com

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન વાન રે,
બીજો કનકનો કોટ છે, કાંગરા રત્ન સમાન રે....ઋષભ-૩

ત્રીજો રતનનો કોટ છે, કાંગરા મણીમય જાણુ રે;
તેમાં બેઠા સિંહાસને, હુકમ કરે પ્રમાણુ રે...ઋષભ-૪

પુરવ દિશાની સંખ્યા સુણો, પગથીયા વીસ હજાર રે,
એણીપેરે ગણતાં ચારે દિશા, પગથીયા એંશી હજાર રે...ઋષભ-૫

શિર પર ત્રણ છત્ર ઝળહળે, તેહથી ત્રિભુવન રાય રે,
ત્રણ ભુવનનો રે બાદશાહ, કેવલજ્ઞાન સોહાય રે...ઋષભ-૬

વીશ બત્રીશ દશ સુરપતિ, વળી દોય ચંદ્ર ને સૂર્ય રે,
દો કર જોડી ઊભા ખડા, તુમ સુત ઋષભ હજુર રે....ઋષભ-૭

ચામર જોડી ચઉ દિશ છે, ભામંડળ ઝળકંત રે,
ગાજે ગગને રે દુંદુભિ, ફુલપગર વરસંત રે....ઋષભ-૮

બાર ગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકાર રે,
મેઘ સમાણી રે દેશના, અમૃતવાણી જયકાર રે....ઋષભ-૯

પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદાર રે,
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવાર રે...ઋષભ-૧૦

દૂરથી વાજા રે સાંભળી, માયમન હરખ ન માય રે.
હરખના આંસુથી ફાટીયાં, પડલ તે દૂર પલાય રે...ઋષભ-૧૧

ગયવર ખંધેથી દેખીયો, નિરૂપમ પુત્ર દેદાર રે,
આદર દીધો નહીં માયને, માય મન ખેદ અપાર રે...ઋષભ-૧૨

કેના છોરૂ કેની માવડી, એ તો છે વીતરાગ રે,
એણીપેરે ભાવના ભાવતાં, કેવલ પામ્યા મહાભાગ રે....ઋષભ-૧૩

ગયવર ખંધેથી મુગતે ગયા, અંતગડ કેવલી એહ રે,
વંદો પુત્રને માવડી, આણી અધિક સનેહ રે....ઋષભ-૧૪

Download From : https://PDFSeva.com

ઋષભની શોભા મેં વરણવી, સમકિતપુર મોઝાર રે,
સિદ્ધગિરિ માહાત્મ્ય સાંભળો, સંઘને જય જયકાર રે...ઋષભ-૧૫
સંવત અઢાર એંશીએ, માગશર માસ કહાય રે,
દીપવિજય કવિરાયને, મંગલમાળ સોહાય રે...ઋષભ-૧૬

* 卐 *

-૮-

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂર રે,
મોહન મરૂદેવીનો લાડલોજી, દીઠો મીઠો આનંદપૂર રે,
સમકિત દ્વાર ગભારે પેસતાંજી .... .... ....૧

આયુ વરજિત સાતે કરમનીજી, સાગર કોડાકોડી હીણ રે,
સ્થિતિ પઢમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોઘર લીધ રે,
સમકિત ......૨

ભુંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યાત્વ મોહની સાંકળ સાથ રે,
દ્વાર ઉઘાડયા શમ સંવેગનાજી, અનુભવ ભવને બેઠો નાથ રે,
સમકિત......૩

તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથીઓ પૂર્યો શ્રદ્ધારૂપ રે,
ધૂપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાજી, ધીગુણ મંગળ આઠ અનુપ રે,
સમકિત ......૪

સંવર પાણી અંગ પખાલણેજી, કેસરચંદન ઉત્તમ ધ્યાન રે,
આતમગુણ રૂચિ મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાન રે,
સમકિત ......૫

ભાવ પૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે,
કારણ જોગે કારજ નિપજેજી, ખિમાવિજય જિન આગમ રીત રે,
સમકિત ......૬

Download From : https://PDFSeva.com

- ૯ -

જ્ઞાનરયણ રયણાયરૂ રે, સ્વામી શ્રી ઋષભ જિણંદ,
ઉપગારી અરિહા પ્રભુ રે, લોક લોકોત્તરાનંદ રે,
ભવિયા, ભાવે ભજો ભગવંત, મહિમા અતુલ અનંત રે
ભવિયા, ભાવે ભજો ભગવંત .... ... .... ....૧

તિગ તિગ આરગ સાગરૂ રે, કોડા કોડી અઢાર,
યુગલા ધર્મ નિવારીઓ રે, ધર્મ પ્રવર્તનહાર રે....
ભવિયા ....૨

જ્ઞાનાતિશયે ભવ્યના રે, સંશય છેદનહાર,
દેવ નરા તિરિ સમજીઆ રે, વચનાતિશય વિચાર રે....
ભવિયા ....૩

ચાર ઘને મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત,
પંચ ઘને યોજન ટળે રે, કષ્ટ એ તૂર્ય પ્રસંત રે....
ભવિયા ....૪

યોગ ક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગાનીર,
પ્રીતિ ભકિતપણે કરી રે, નિત્ય નમે શુભવીર રે....
ભવિયા ....૫

❋ 卐 ❋

- ૧૦ -

ઋષભ જિણંદ શુ પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર,
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર;
ઋષભ જિણંદ શું પ્રીતડી .... .... .... .... ૧

કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન....ઋષભ-૨

Download From : https://PDFSeva.com

પ્રીત કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વિતરાગ,
પ્રીતડી જે અરાગીથી, મેળવવી હો તે લોકોત્તર માગ....ઋષભ-૩

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ,
કરવી નિર્વિષ પ્રીતડી, કીણ ભાતે હો કહો બને બનાવ....ઋષભ-૪

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો જોડે એહ,
પરમપુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ....ઋષભ-૫

પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ,
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ...ઋષભ-૬

卐

## -૧૧-

પ્રથમ જિનેશ્વર પ્રણમીએં, જાસ સુગંધી રે કાય,
કલ્પવૃક્ષ પરે તાસ ઇન્દ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય....૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ,
તેહુથી પ્રતિહુત તેહ માનું કોઇ નવિ કરે, જગમાં તુમ શું વાદ....૨

વગર ધોઈ તુજ નિરમળી, કાયા કંચન વાન,
નહીં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન....૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઈ,
રૂધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દુધ સહોદર હોય....૪

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત,
દેખે ન આહાર નિહાર, ચરમ ચક્ષુધણી, એહવા તુજ અવદાત....૫

Download From : https://PDFSeva.com

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ,
કર્મ ખપ્યાથી અગીયાર, ચોત્રીશ ઈમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ....૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ,
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ....૭

* 卐 *

- ૧૨ -

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત
રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે ....... ... ....૧

પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય,
પ્રીત સગાઇ રે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય
....ઋષભ–૨

કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મીલશું કંતને ધાય,
એ મેળો નવી કંઇએ સંભવે રે, મેળો ઠામ ન ઠાય ....ઋષભ–૩

કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ,
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ મિલાપ
....ઋષભ–૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પુરે મન આશ,
દોષ રહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ ....ઋષભ–૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ,
કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘન પદરેહ ...ઋષભ–૬

* 卐 *

Download From : https://PDFSeva.com

-૧૩-

તારક ઋષભ જિનેશ્વર તું મળ્યો, પ્રત્યક્ષ પોત સમાન હો,
તારક તુજને જે અવલંબીયા, તેણે લહ્યું ઉત્તમ સ્થાન હો તારક....૧

તારક તુજ વંદન પૂજન કરી, પવિત્ર કરૂં નિજ દેહ હો,
તારક તુજ ગુણ સ્તવનાએ સ્તવી,
જીહ્વા કરૂં અમૃત લેહ હો તારક....૨

તારક ગુણ અનંતા તાહરા, કુણ કહી લહેશે પાર હો,
તારક કેવળી કોડી મીલે કદા, જાણે ન કહે નિરધાર હો તારક....૩

તારક ગણધર મુનિવરે સ્તવ્યો, સ્તવીઓ દેવતા ક્રોડ હો,
તારક તો પણ તુજને હું સ્તવું, ભકિત કરૂં તસ હોડ હો તારક...૪

તારક મરૂદેવી માતાને હું નમું, રત્નકુક્ષિ ધરનાર હો,
તારક નાભિરાયાકુલચંદલો, સકલ જંતુ આધાર હો તારક....૫

તારક સુમંગલા સુનંદા તણો, પ્રીતમ પ્રભુ વિખ્યાત હો,
તારક શ્રી પુંડરિક ગણધર તણો,
પિતામહ ગુરૂ જગતાત હો, તારક....૬

તારક તુજ નામે ઋદ્ધિ સંપજે, કીર્તિ વાધે અપાર હો,
તારક શિવલચ્છી સહેજે મીલે, સફળ થાએ અવતાર હો તારક....૭

❊ 卐 ❊

-૧૪-

શેત્રુંજા ગઢના વાસી રે, મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે, દિલમાં ધારજો રે;
પ્રભુ મેં દીઠો તુમ દેદાર, આજ મુને ઉપન્યો હર્ષ અપાર,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે... ... ... ... ૧

Download From : https://PDFSeva.com

એક અરજ અમારી રે, દિલમાં ધારજો રે,
ચોરાસી લાખ ફેરા રે, દૂર નિવારજો રે,
પ્રભુ મને દુર્ગતિ પડખો રાખ, દરિશણ વ્હેલું વ્હેલું દાખ
સાહિબાની સેવા રે .... .... .... .... .... .... .... .... ૨

દોલત સવાઈ રે સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે, તારા વેશની રે,
પ્રભુ તારું રૂડું દેખી રૂપ, મોહ્યા સુરનર વૃંદના ભૂપ...સાહિબા–૩

તીરથ કો નહીં રે શત્રુંજય સારીખું રે,
પ્રવચન દેખી રે કીધું મેં પારખું રે,
ઋષભને જોઇ જોઇ હરખે જેહ, ત્રિભુવન લીલા પામે તેહ   સાહિબા–૪

ભવોભવ માગું રે પ્રભુ તારી સેવના રે.
ભાવઠ ન ભાંગે રે જગમાં તે વિના રે.
પ્રભુ! પુરો મારા મનના કોડ, એમ કહે ઉદયરતન કરજોડ,
સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંજશે રે.... ... .... .... –૫

❋ 卐 ❋

- ૧૫ -

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી સુરતિ મારૂં મન લોભાણુંજી
મારૂં દિલ લોભાણુંજી, દેખી તાહરી સુરતિ
મારૂં ચિત્ત ચોરાણુંજી....૧

કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન,
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ્ય પાંચસો માન ....માતા–૨

Download From : https://PDFSeva.com

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર,
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર ....માતા-૩

ઉર્વસી રૂડી અપ્સરાને, રામા છે મનરંગ,
પાયે નેપુર રણઝણે કાંઈ, કરતી નાટારંગ, ...માતા-૪

તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર,
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અડવડીઆ આધાર ...માતા-૫

તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ,
સુર-નર-કિન્નર વાસુદેવા, કરતાં તુજ પદ સેવ ...માતા-૬

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ,
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભવ ફંદ ....માતા-૭

卐

Download From : https://PDFSeva.com

# શ્રી અજિતનાથ જિન સ્તવનો

-૧-

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણ ધામ,
જે તેં જીત્યા રે તેણે હું જીતીઓ રે, પુરૂષ કિશ્યું મુજ નામ?
પંથડો નિહાળું રે...૧

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભુલ્યો સયલ સંસાર,
જેણે નયણે કરી મારગ જોઈએ રે,
નયણ તે દિવ્ય વિચાર....પંથડો-૨

પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અંધો અંધ પુલાય,
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે,
ચરણ ધરણ નહિં ઠાય....પંથડો-૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય,
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય....પંથડો-૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડયો નિરધાર,
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર....પંથડો-૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ,
એ જન જીવે રે જીનજી જાણજો રે,
આનંદઘન મત અંબ...પંથડો-૬

* 卐 *

Download From : https://PDFSeva.com

- ૨ -

અજિત જિણંદ શું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફુલે મોહીઓ, કિમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે
અજિત જિણંદ શું પ્રીતડી....૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે,
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે જો જેમ ચાતક બાલ કે
અજિત....૨

કોકિલ કલ કુજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,
ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆ શું હો હોયે ગુણનો પ્યાર કે
અજિત....૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે,
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે
અજિત....૪

તીમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,
શ્રી નયવિજય વિબુધ તણો,
વાચક યશ હો નિત્ય નિત્ય ગુણ ગાય કે....અજિત....૫

❋ 卐 ❋

- ૩ -

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો,
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જલદઘટા જેમ શિવસુત વાહન દાય જો....પ્રીતલડી....૧

નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો,
મ્હારે તો આધાર રે સાહિબ રાઉલો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુજજો....પ્રીતલડી....૨

Download From : https://PDFSeva.com

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો,
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરૂદ તુમારૂં તારણ તરણ જહાજજો...પ્રીતલડી...૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળજો,
તુજ કરૂણાની લહેરે રે, મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો...પ્રીતલડી...૪

કરૂણાદષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો,
મનવંછિત ફળીયા રે, જિન આલંબને,
કરજોડીને મોહન કહે મન રંગજો...પ્રીતલડી....૫

卐

– ૪ –

અજિત જિનેશ્વર ચરણની સેવા, હેવાએ હું હળીયો,
કંઇએ અણચાખ્યો પણ અનુભવ, રસનો ટાણો મળીયો,
પ્રભુજી, મહેર કરીને આજ, કાજ હવે મુજ સારો .... ... ...૧
મુકાવ્યો પણ હું નવિ મુકું, ચુકું એ નવિ ટાણો,
ભક્તિભાવ ઉઠયો જે અંતર, તે કેમ રહે શરમાણો ...પ્રભુજી ૨
લોચન શાન્ત સુધારસ સુભગાં, મુખ મટકાળું પ્રસન્ન,
યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશયનો અતિધન્ન ....પ્રભુજી ૩
પિંડ પદસ્થ રૂપસ્થે લીનો, ચરણ કમલ તુજ ગ્રહીઓ,

Download From : https://PDFSeva.com

ભ્રમરપરે રસ સ્વાદ ચખાવો, વિરસો કાં કરો મહીઓ ....પ્રભુજી ૪

બાળકાળમાં વાર અનંતી, સામગ્રીએ નવિ જાગ્યો,
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો ....પ્રભુજી ૫

તું અનુભવરસ દેવા સમરથ, હું પણ અર્થી તેહનો,
ચિત્ત વિત્તને પાત્ર સંબંધે, અજર રહ્યો હવે કેહનો ....પ્રભુજી ૬

પ્રભુજીની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો,
માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો ....પ્રભુજી ૭

* 卐 *

– ૫ –

જીવડા વિષમ વિષયની હેવા, તુજ કાંઇ જાગે હજી કાંઈ જાગે, જીવડા
અકળ સરૂપ અજિત જિન નિરખ્યો, પરખ્યો પૂરણ ભાગે, જીવડા...૧

સરસ સુકોમળ સુરતરૂ પામી, કંટક બાઉલ માગે,
ઐરાવત સાટે કુણ મૂરખ, રાસભ પુંઠે લાગે.... જીવડા....૨

ઘોર પહાડ ઉજાડ ઓલંગી, આવ્યો સમકિત લાગે,
તૃષ્ણાએ સમતા રસ બીગડે, કુંભ ઉદક જીમ કાગે... જીવડા....૩

જીમ કોઇક નર જાન લેઇને, આવ્યો કન્યા રાગે,
સરસ આહાર નિદ્રાભર પોઢયો, કરડયો વિષયા નાગે... જીવડા...૪

વિજયાનંદન વયણ સુધારસ, પીતાં શુભમતિ જાગે,
પાંચે ઇન્દ્રિય ચપલ તુરંગમ, વશ કરી જ્ઞાન સુવાગે.... જીવડા...૫

ક્ષમાવિજય જિન ગુણ કુસુમાવલી, શોભિત ભકિત પરાગે,
કંઠે આરોપી વિરતિ વનિતા, વરી કેસરીએ વાઘે.... જીવડા....૬

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી સંભવનાથ જિન સ્તવનો

- ૧ -

સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ જ્ઞાતા રે,
ખામી નહીં મુજ ખીજમતે, કદીએ હોશો ફળ દાતા રે.....સંભવ-૧

કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે,
જો મનમાં આણો નહીં, તો શું કહીએ થાંને રે.....સંભવ-૨

ખોટ ખજાને કો નહીં, દીજીએ વંછિત દાનો રે,
કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે.....સંભવ-૩

કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે,
લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે.....સંભવ-૪

દેશો તો તુમ હી ભલા, બીજા તો નવિ જાચું રે,
વાચક યશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે.....સંભવ-૫

✲ 卐 ✲

- ૨ -

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઇ મીઠું,
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું,
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જીનજી મુજને...પ્યારા-૧

એમ મત જાણો જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું?
પણ પરમારથ પ્રીછી આપે, તેહીજ કહીએ દેવું...પ્યારા-૨

અર્થી હું, તું અર્થ સમર્પક, ઇમ મત કરજો હાંસું,
પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું...પ્યારા-૩

Download From : https://PDFSeva.com

પરમપુરૂષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઇમ પ્રભુતાઇ,
તેણે રૂપે અમે તુમને ભજીએ, તેણે તુમ હાથ વડાઇ...પ્યારા-૪

તુમે સ્વામી, હું સેવા કામી, મુજરે સ્વામી નિવાજે,
નહીં તો હઠ માંડી માગતાં, કીણ વિધ સેવક લાજે...પ્યારા-૫

જ્યોતે જ્યોતિ મિલે મત પ્રીછો. કુણ લહેશે કુણ ભજશે,
સાચી ભક્તિ તે હંસ તણી પરે, ખીરનીર નય કરશે...પ્યારા-૬

ઓલગ કીધી તે લેખે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી,
રૂપવિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી...પ્યારા-૭

✽ 卐 ✽

- ૩ -

સાહેબ સાંભળો રે, સંભવ અરજ અમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહી, સેવા તુમારી,
નરક નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુઃખ સહ્યા રે, અહોનિશ ક્રોધે ધમધમીઓ
...સાહેબ-૧

ઇન્દ્રિય વશ પડયો રે, પાળ્યાં વ્રત નવિ સુંશે,
ત્રસ પણ નવિ ગણ્યા રે, હણીઆ થાવર હુંશે,
વ્રત નવિ ચિત્ત ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તીહાં મેં હઈડું ખોલ્યું...સાહેબ-૨

ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિન આણશું રે, મેં નવિ સંયમ પાળ્યું,
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસના લાલચે રે, નીરસ પિંડ ઉવેખ્યો...સાહેબ-૩

Download From : https://PDFSeva.com

નરભવ દોહિલો રે, પામી મોહવશ પડીઓ,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તીહાં જઇ અડીઓ,

કામ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરીઓ,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરીઓ...સાહેબ-૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી,
તો પણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી,

જે જન અભિલષે રે, તે તો તેહથી નાશે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે...સાહેબ-૫

ધન્ય ધન્ય તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, તેહને ધર્મમાં જોડી,

અભક્ષ્ય તે મેં ભખ્યા રે, રાત્રીભોજન કીધાં,
વ્રત નવિ પાળીઆં રે, જેહવા મૂળથી લીધાં...સાહેબ-૬

અનંતભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળીયો,
તુમ વિણ કોણ દીએ રે! બોધિરયણ મુજ બળીયો,

સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વિનવે રે, સુણજો દેવાધિદેવા...સાહેબ-૭

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી અભિનંદન જિન સ્તવનો

-૧-

દીઠી હો પ્રભુ, દીઠી જગગુરૂ તુજ,
મુરતિ હો પ્રભુ, મુરતિ મોહનવેલડીજી,
મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણી,
લાગે હો પ્રભુ, લાગે જેસી શેલડીજી ....૧

જાણું હો પ્રભુ, જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મળ્યોજી,
સુરમણી હો પ્રભુ સુરમણી પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરૂ ફળ્યોજી ....૨

જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુન્ય અંકુર,
માગ્યા હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢળ્યાજી,
વુઠા હો પ્રભુ, વુઠા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યાજી ....૩

ભુખ્યા હો પ્રભુ, ભુખ્યા મીલ્યા ઘૃતપુર,
તરસ્યાં હો પ્રભુ, તરસ્યા દિવ્ય ઉદક મીલ્યાજી,
થાકયા હો પ્રભુ, થાકયા મીલ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હલ્યાજી ....૪

દીવો હો પ્રભુ, દીવો નિશા વનગેહ,
સાખી હો પ્રભુ, સાખી થલે, જલે નૌ મલીજી,
કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલ્લહો તુજ,
દરિસણ હો પ્રભુ, દરિસણ લહ્યું આશા ફળીજી ....૫

Download From : https://PDFSeva.com

વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ, વિનવે અભિનંદન સુણોજી,
કંઈએ હો પ્રભુ, કંઇએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ, દેજો સુખ દરિસણ તણોજી ....૬

✻ 卐 ✻

-૨-

અભિનંદન જિન દરિસણ, તરસીએ, દરિસણ દુર્લભ દેવ,
મત મત ભેદે રે જો જઇ પુછીએ, સહુ થાપે અહમેવ ....અભિ-૧

સામાન્યે કરી દરિસણ દોહીલું, નિર્ણય સકલ વિશેષ,
મદમેં ઘેર્યો રે અંધો કીમ કરે, રવિ શશી રૂપ વિલેખ ....અભિ-૨

હેતુ વિવાદે હો ચિત્તધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ,
આગમવાદે હો ગુરૂગમ કો નહિં, એ સબલો વિષવાદ ...અભિ-૩

ઘાતીડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ,
ધીઠાઈ કરી મારગ સંચરૂં, સેંગું કોઇ ન સાથ ....અભિ-૪

દરિસણ દરિસણ રટતો જો ફીરૂં, તો રણરોઝ સમાન,
જેહને પિપાસા હો અમૃતપાનની, કીમ ભાંજે વિષપાન ....અભિ-૫

તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરસણ કાજ,
દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ ....અભિ-૬

✻ 卐 ✻

Download From : https://PDFSeva.com

# શ્રી સુમતિનાથ જિન સ્તવનો

-૧-

સુમતિનાથ ગુણશું મીલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જીમ વિસ્તરેજી, જલમાંહિ ભલી રીતિ,
સોભાગીજીનશું લાગ્યો અવિહડ રંગ....૧

સજજનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય,
પરિમલ કસ્તુરીતણોજી, મહીમાંહે મહેકાય....સોભાગી-૨

આંગળીએ નવિ મેરૂ ઢંકાએ, છાબડીએ રવિ તેજ,
અંજલિમાં જિમ ગંગ ન માએ.
મુજ મન તીમ પ્રભુ હેજ....સોભાગી-૩

હુઓ છિપે નહીં અધર અરૂણ જીમ, ખાતાં પાન સુરંગ,
પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા,
તીમ મુજ પ્રેમ અભંગ....સોભાગી-૪

ઢાંકી ઇક્ષુ પરાલશુંજી, ન રહે લહી વિસ્તાર,
વાચક યશ કહે પ્રભુ તણોજી, તીમ મુજ પ્રેમ પ્રકાર....સોભાગી-૫

* 卐 *

-૨-

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જીમ અવિકાર, સુજ્ઞાની
મતિ તરપણ બહુસમ્મત જાણીએ, પરિસરપણ સુવિચાર....સુજ્ઞાની-૧

ત્રિવિધ સકલ તનુધરગત આતમા, બહિરાતમ ધુરી ભેદ.... સુજ્ઞાની
બીજો અંતરઆતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ....સુજ્ઞાની-૨

Download From : https://PDFSeva.com

આતમબુદ્ધે કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ....સુજ્ઞાની
કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમરૂપ....સુજ્ઞાની-૩

જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ....સુજ્ઞાની
અતીન્દ્રિય ગુણગણમણિઆગરૂ, એમ પરમાતમ સાધ....સુજ્ઞાની-૪

બહિરાતમ તજી અંતર આતમ, રૂપ થઇ થિર ભાવ,....સુજ્ઞાની
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ....સુજ્ઞાની-૫

આતમઅરપણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ દોષ,....સુજ્ઞાની
પરમપદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ....સુજ્ઞાની-૬

* 卐 *

Download From : https://PDFSeva.com

# પદ્મપ્રભ જિન સ્તવનો

-૧-

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂ રે, કીમ ભાંજે ભગવંત,
કર્મવિપાકે કારણ જોઇને રે,
કોઇ કહે મતિમંત....પદ્મપ્રભ-૧

પયઈ ઠિઇ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ,
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે,
સત્તા કર્મ વિચ્છેદ....પદ્મપ્રભ-૨

કનકોપલવત્ પયડિ પુરૂષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ,
અન્ય સંજોગી જીહાં લગે આતમા રે,
સંસારી કહેવાય....પદ્મપ્રભ-૩

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય,
આશ્રવ સંવર નામ અનુક્રમે રે,
હેય ઉપાદેય સુણાય....પદ્મપ્રભ-૪

યુંજનકરણે હો અંતર તુજ પડયો રે,
ગુણકરણે કરી ભંગ,
ગ્રન્થ ઉકતે કરી પંડિતજન કહ્યો રે,
અંતર ભંગ સુઅંગ....પદ્મપ્રભ....૫

તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલતુર,
જીવસરોવર અતિશય વાધશે રે,
આનંદઘન રસપુર....પદ્મપ્રભ-૬

卐

Download From : https://PDFSeva.com

- ૨ -

પદ્મચરણ જીનરાય, બાલ અરૂણ સમકાય,
જીવનલાલ, ઉદયો ઘર નૃપ કુલ તિલોજી....૧
મોહાદિક અંતરંગ અરિઅણ આઠ અભંગ,
જીવનલાલ, મારવા માનું રાતો થયોજી....૨
ચડી સંયમ ગજરાય, ઉપશમ ઝુલ બનાય,
જીવનલાલ, તપસિંદુરે અલંકર્યોજી....૩
પાખળ ભાવના ચાર, સમિતિ ગુપ્તિ શણગાર,
જીવનલાલ અધ્યાતમ અંબાડીએજી....૪
પંડિતવીર્ય કમાન, ધર્મધ્યાન શુભ બાણ,
જીવનલાલ, ક્ષપક શ્રેણી સેના વલીજી....૫
શુકલધ્યાન સમશેર, કર્મકટક કીઆ જેર,
જીવનલાલ, ક્ષમાવિજય જિન રાજવીજી....૬

* 卐 *

- ૩ -

પદ્મપ્રભ જિન જઇ અળગા રહ્યા, જીહાંથી નાવે લેખોજી,
કાગળ ને મસી તીહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી,
સુગુણ સનેહારે કદીએ ન વિસરે....૧

ઈહાંથી તીહાં જઇ કોઇ આવે નહી, જેહ કહે સંદેશોજી,
જેહનું મીલવું રે દોહીલું તેહશું,
નેહ તે આપ કિલેશોજી....સુગુણ-૨

વીતરાગ શું રે રાગ તે એકપખો, કીજે કવણ પ્રકારોજી,
ઘોડો દોડે રે સાહીબ વાજમાં, મન નાણે અસવારોજી....સુગુણ-૩

સાચી ભક્તિ રે ભાવનરસ કહ્યો, રસ હોય તીહાં દોય રીઝેજી,
હોડાહોડે રે બીહું રસ રીઝથી, મનના મનોરથ સીઝેજી....સુગુણ-૪

પણ ગુણવંતા રે ગોઠે ગાજીએં, મોટા તે વિસરામજી,
વાચક યશ કહે એહીજ આસરે, સુખ લહું ઠામોઠામજી....સુગુણ-૫

Download From : https://PDFSeva.com

# શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવનો

-૧-

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ લલના
શાન્તસુધારસ જલનિધિ, ભવસાગરમાંહે સેતુ લલના....શ્રી-૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના....શ્રી-૨

શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિસરૂપ અસમાન લલના....શ્રી-૩

અલખનિરંજન વચ્છલુ, સકલજંતુ વિસરામ, લલના
અભયદાનદાતા સદા, પૂરણ આતમરામ લલના...શ્રી-૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભયસોગ, લલના
નિદ્રા તંદ્રા દુરદશા, રહિત અબાધિત યોગ લલના...શ્રી-૫

પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન, લલના
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમદેવ પરમાન લલના....શ્રી-૬

વિધિ વિરંચી વિશ્વંભરૂ, હૃષિકેશ જગનાથ લલના
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ લલના....શ્રી-૭

એમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના
જેહુ જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના...શ્રી-૮

❋ 卐 ❋

Download From : https://PDFSeva.com

– ૨ –

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ,
આજ હો છાજેરે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી ....૧

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગીઆર,
આજ હો કીધારે ઓગણીશે, સુરગણ ભાસુરેજી ....૨

વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ,
આજ હો રાજેરે, દીવાજે છાજે આઠશુંજી....૩

દિવ્યધ્વનિ સુરફુલ ચામર છત્ર અમૂલ,
આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુંદુભિજી ....૪

સિંહાસને અશોક, બેઠા મોહે લોક,
આજ હો સ્વામી રે શિવગામી, વાચક યશ થુણ્યોજી....૫

❊ 卐 ❊

Download From : https://PDFSeva.com

# શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવનો

-૧-

દેખણ દે રે સખિ મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ, સખિ૦
ઉપશમરસનો કંદ સખિ૦ ગત કલિમલ દુઃખદંદ સખિ૦
સેવે સુરનર ઇંદ સખિ૦ સેવે ચોસઠ ઇંદ સખિ૦
સેવે સુરનર વૃંદ સખિ૦-૧

સુહુમ નિગોદે ન દેખીઓ, સખિ૦
બાદર અતિહી વિશેષ, સખિ૦
પુઢવી આઉ ન લેખીઓ, સખિ૦
તેઉ વાઉ ન લેશ, સખિ૦-૨

વનસ્પતિ અતિ ઘણ દિહા, સખિ૦
દીઠો નહીય દેદાર, સખિ૦
બિતિ ચઉરિંદી જલલિહા, સખિ૦
ગતસન્નિ પણ ધાર, સખિ૦-૩

સુર તિરિ નિરય નિવાસમાં, સખિ૦
મનુજ અનારજ સાથ, સખિ૦
અપજ્જત્તા પ્રતિભાસમાં સખિ૦
ચતુર ન ચઢીઓ હાથ, સખિ૦-૪

એમ અનેક સ્થલ જાણીએ, સખિ૦
દરિસણ વિણુ જિનદેવ, સખિ૦
આગમથી મતિ આણીએ, સખિ૦
કીજે નિર્મળ સેવ, સખિ૦-૫

Download From : https://PDFSeva.com

નિર્મળ સાધુ ભક્તિ લહી, સખિ૦
યોગઅવચંક હોય, સખિ૦
કિરિઆઅવચંક તિમ સહી, સખિ૦
ફળઅવચંક જોય, સખિ૦-૬

પ્રેરક અવસર જિનવરૂ, સખિ૦
મોહનીય ક્ષય જાય, સખિ૦
કામિત પુરણ સુરતરૂ, સખિ૦
આનંદઘન પ્રભુ પાય, સખિ૦-૭

✲ 卐 ✲

-૨-

ચન્દ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા
સેવા જાણો દાસની રે, દેશો પદ નિરવાણ, ,, ,,
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી,
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા....૧

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ, ,, ,,
આપે ફળ જે અણકહે રે, ગિરૂઓ સાહિબ તેહ, ,, ,, ....૨

દીન કહ્યા વિણ દાનથી રે દાતાની વાધે મામ, ,, ,,
જલ દીએ ચાતક ખીજવી રે મેઘ હુઓ તીણે શ્યામ, ,, ,, ....૩

પીઉ પીઉ કરી તુમને જપું રે, હું ચાતક તુમ મેહ, ,, ,,
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ ,, ,, ....૪

મોડું વ્હેલું આપવું રે, તો શી ઢીલ કરાય? ,, ,,
વાચક યશ કહે જગધણી રે, તુમ તુઠે સુખ થાય ,, ,,.... ૫

✲ 卐 ✲

Download From : https://PDFSeva.com

– ૩ –

જિનજી ચંદ્રપ્રભ અવધારો કે, નાથ નિહાળજો રે લોલ,
બમણી બિરૂદ ગરીબ નિવાજ કે, વાચા પાળજો રે લોલ....૧

હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લોલ,
ચોરટા ચાર ચુગલ જે ભુંડા રે, તે દૂર નાખજો રે લોલ....૨

પ્રભુજી પંચતણી પરશંસા કે, રૂડી થાપજો રે લોલ,
મોહન મહેર કરીને દરિશન, મુજને આપજો રે લોલ....૩

તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે, હવે મુને તારજો રે લોલ,
કુતરી કુમતિ થઇ છે કેડે કે, તેહને વારજો રે લોલ....૪

સુંદરી સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણી રે લોલ,
તાતજી તે વિણ જીવે, ચૌદ ભુવન કર્યું આંગણું રે લોલ....૫

લખગુણ લખમણા રાણીના જાયા કે, મુજ મન આવજો રે લોલ,
અનુપમ અનુભવ અમૃત મીઠી કે, સુખડી લાવજો રે લોલ....૬

દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડી રે લોલ,
દેવની દશ પુરવલખ માન કે, આયુષ વેલડી રે લોલ...૭

નિર્ગુણ નીરાગી પણ હું રાગી કે, મનમાંહે રહ્યો રે લોલ,
શુભગુરૂ સુમતિ વિજય સુપસાય કે, રામે સુખ લહ્યો રે લોલ....૮

✻ 卐 ✻

– ૪ –

ચંદ્રપ્રભુની ચાકરી, મુને લાગે મીઠી,
જગમાં જોડી જેહની, કીહાં દીસે ન દીઠી....ચંદ્ર....૧

પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું,
કુણ છે બીજો જગે, જીને જોયે પલટાણું....ચંદ્ર....૨

Download From : https://PDFSeva.com

કોડી કરે પણ અવર કો, મુજ હીઅડે નાવે,
સુરતરૂ ફુલે મોહીઓ, કીમ આક સોહાવે....ચંદ્ર....૩

મુજ પ્રભુ મોહન વેલડી, કરૂણા શું ભરીઓ,
પ્રભુતા પુરી ત્રિભુવને, ગુણમણીનો દરીઓ....ચંદ્ર....૪

જીમ જીમ નિરખું નયણડે, તીમ હીયડું હુલસે,
એક ઘડીને અંતરે, મુજ મનડું તલસે....ચંદ્ર....૫

સહજ સલુણો સાહીબો, મિલ્યો શિવનો સાથી,
સહજે જીત્યો જગતમેં, પ્રભુની સેવાથી....ચંદ્ર....૬

વિમલવિજય ગુરૂ શિષ્યનો, શિષ્ય કહે કરજોડી,
રામવિજય પ્રભુ નામથી, લહે સંપદ કોડી....ચંદ્ર....૭

卐

Download From : https://PDFSeva.com

# શ્રી સુવિધિનાથ જિન સ્તવનો

– ૧ –

મેં કીનો નહીં તુમ બિન ઓર શું રાગ
દિન દિન વાન વધે ગુણુ તેરો, જયું કંચન પરભાગ,
ઓરન મેં હે કષાયકી કાલિમા, સો કયું સેવા લાગ, મેં કીનો૦-૧

રાજહંસ તું માનસરોવર, ઓર અશુચિ રૂચિ કાગ,
વિષય ભુજંગમ ગરૂડ તું કહીએ, ઓર વિષય વિષનાગ, મેં કીનો૦-૨

ઓર દેવ જળછિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાગ,
તું સુરતરૂ મનવાંછિત પુરણુ, ઓર તો સુકે સાગ, મેં કીનો૦-૩

તું પુરૂષોત્તમ તુંહી નિરંજન, તું શંકર વડભાગ,
તું બ્રહ્મા તું બુધ્ધ મહાબલ, તું હી જ દેવ વીતરાગ, મેં કીનો૦-૪

સુવિધિનાથ તુજ ગુણુ ફુલન કો, મેરો દિલ હે બાગ,
યશ કહે ભ્રમર રસિક હુઈ તામેં, લીજીએ ભકિત પરાગ, મેં કીનો૦-૫

* 卐 *

– ૨ –

સુવિધિ જિનેશ્વર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે,
અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજે રે,
...સુવિધિ-૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઈએ રે,
દહ તિગ પણુ અહિગમ સાચવતાં, એકમના ધુરી થઈએ રે,
...સુવિધિ-૨

Download From : https://PDFSeva.com

કુસુમ અક્ષત વર વાસ સુગંધિ, ધૂપ દીપ મન સાખી રે,
અંગ પૂજા પણ ભેદ સુણી ઈમ, ગુરૂમુખ આગમ ભાખી રે,
...સુવિધિ–૩

એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે,
આણાપાલણ ચિત્તપ્રસત્તિ, મુગતિ સુગતિ સુરમંદિર રે,
...સુવિધિ–૪

ફૂલ અક્ષત વરધૂપ પઈવો, ગંધ નૈવેદ્ય ફળ જળ ભરી રે,
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે,
...સુવિધિ–૫

સત્તરભેદ એકવીશ પ્રકારે, અઠોત્તર શત ભેદે રે,
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે,
...સુવિધિ–૬

તુરીય ભેદ પડિવત્તિ પૂજા, ઉપશમ ખીણ સયોગી રે,
ચઉહા પૂજા ઇમ ઉત્તજ્ઝયણે, ભાખી કેવલભોગી રે,
...સુવિધિ–૭

ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે,
ભવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણી રે,
...સુવિધિ–૮

Download From : https://PDFSeva.com

# શ્રી શીતલનાથ જિન સ્તવનો

-૧-

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે,
કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે....શીતલ૦ ૧

સર્વ જંતુ હિતકરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણ રે,
હાનાદાનરહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે, શીતલ૦ ૨

પર દુઃખ છેદન ઈચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝે રે,
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે? શીતલ૦ ૩

અભયદાન તેમ લક્ષણ કરૂણા, તીક્ષણતા ગુણ ભાવે રે,
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે, શીતલ૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રન્થતા સંયોગે રે,
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગે રે, શીતલ૦ ૫

ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમતકાર ચિત્ત દેતી રે,
અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘન પદ લેતી રે, શીતલ૦ ૬

Download From : https://PDFSeva.com

-૨-

શ્રી શીતલ જિન ભેટીએ, કરી ચોખ્ખું ભક્તે ચિત્ત હો,
તેહથી કહો છાનો કીશ્યું, જેહને સોંપ્યા તન મન વિત્ત હો, શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો,
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર તેજ સરૂપ હો, શ્રી૦ ૨

મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણી, હું કરૂણાપાત્ર વિખ્યાત હો, શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો,
મા આગળ મોસાળના, શ્યા વરણવવા અવદાત હો ? શ્રી૦ ૪

જાણો તો તાણો કીશ્યું ? સેવાફળ દીજે દેવ હો,
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો, શ્રી૦ ૫

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવનો

-૧-

તુમે બહુ મૈત્રી રે સાહિબા, મારે તો મન એક,
તુમ વિણુ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક,
શ્રી શ્રેયાંસ કૃપા કરો... ..૧

મન રાખો તુમે સવિતણાં, પણ કીહાં એક મળી જાઓ,
લલચાવો લખ લોકને, શાથી સહજ ન થાઓ? શ્રી શ્રેયાંસ૦ ૨

રાગભરે જન મન રહો, પણ ત્રિહું કાળ વૈરાગ,
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઇ ન પામે રે તાગ...શ્રી શ્રેયાંસ૦ ૩

એહવા શું ચિત્ત મેળવ્યું, કેળવ્યું પહેલા ન કાંઈ,
સેવક નિપટ અબુઝ છે, નિવંહશો તુમે સાંઈ...શ્રી શ્રેયાંસ૦ ૪

નિરાગી શું રે કિમ મીલે, પણ મળવાનો એકાંત
વાચક યશ કહે મુજ મીલ્યો, ભકતે કામણ કંત....શ્રી શ્રેયાંસ૦ ૫

Download From : https://PDFSeva.com

-૨-

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે,
અધ્યાતમ મત પુરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે, શ્રી૦ ૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે, શ્રી૦ ૨

નિજસ્વરૂપ જે કિરિઆ સાધે, તેહ અધ્યાતમ લહીએ રે,
જે કિરિઆ કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે, શ્રી૦ ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે, શ્રી૦ ૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે,
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ ગ્રહણ મતિ ધરજો રે, શ્રી૦ ૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે,
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે, શ્રી૦ ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

-૩-

શ્રી શ્રેયાંસ જિણંદ ઘનાઘન ગહુગહ્યો રે, ઘના૦
વૃક્ષ અશોકની છાયા, સુભર છાઈ રહ્યો રે, સુભર૦
ભામંડલની ઝલક ઝબુકે વિજળી રે, ઝલક૦
ઉન્નત ગઢતિગ ઈન્દ્રધનુષ શોભા મિલી રે, ઈન્દ્ર૦ ....૧

દેવદુંદુભિનો નાદ ગુહિર ગાજે ઘણું રે, ગુહિર૦
ભાવિકજનના નાટીક, મોર ક્રિડા ભણું રે, મોર૦
ચામર કેરી હાર, ચલંતી બગતતિ રે, ચલંતી૦
દેશના સરસ સુધારસ, વરસે જિનપતિ રે, વરસે૦ ....૨

સમકિત ચાતકવૃંદ તૃપતિ પામે તીહાં રે, તૃપતિ૦
સકળ કષાય દાવાનલ, શાન્તિ હુઇ જીહાં રે. શાન્તિ૦
જન ચિત્તવૃત્તિ સુભૂમિત્રે, હાલી થઇ રહી રે, હાલી૦
તીણે રોમાંચ અંકુર, વતી કાયા લહી રે, વતી૦ ....૩

શ્રમણ કૃષિ બળ સજ્જ, હુએ તવ ઉજમા રે, હુએ૦
ગુણવંત જનમન ક્ષેત્ર, સમા રે સંયમી રે, સમા રે૦
કરતાં બિજાધાન, સુધાન નિપાવતા રે, સુધાન૦
જેણે જગના લોક, રહે સવિ જીવતા રે, રહે૦ ....૪

ગણધર ગિરિ તટ સંગી, થઈ સૂત્ર ગુંથના રે, થઇ૦
તેહ નદી પરવાહે, હુઇ બહુ પાવના રે, હુઈ૦
એહીજ મોટો આધાર, વિષમ કાળે લહ્યો રે, વિષમ૦
માનવિજય ઉવજ્જાય, કહે મેં સદ્દહ્યો રે, કહે૦ ...૫

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી વાસુપૂજ્ય જિન સ્તવનો

-૧-

વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે,
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમફળ કામી રે, વાસુ૦ ૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુભેદ ચેતના વસ્તુ ગ્રહણ વ્યાપારો રે, વાસુ૦ ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરીએ રે,
એક અનેકરૂપ નયવાદે, નિયતે નય અનુસરીએ રે, વાસુ૦ ૩

દુઃખ સુખ રૂપ કર્મ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે,
ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન કહે જિન ચંદો રે, વાસુ૦ ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે,
જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે, વાસુ૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે,
વસ્તુગતે જે વસ્તુપ્રકાશે, આનંદઘન મત સંગી રે, વાસુ૦ ૬

Download From : https://PDFSeva.com

-૨-

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું હમારૂં ચોરી લીધું.
સાહિબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય,
તીમ અમે તુમ શું કામણ કરશું, ભકિતગ્રહી મનઘરમાં ધરશું....
સાહિબા૦ ૧

મન ઘરમાં ધરીઆ ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા,
મન વૈકુંઠ અકુંઠિત ભગતે, યોગી ભાખે અનુભવ યુકતે...
સાહિબા૦ ૨

કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન ઘર તુમે આયા, તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા
સાહિબા૦ ૩

સાત રાજ અલગા જઇ બેઠા, પણ ભકતે અમ મનમાં પેઠા,
અલગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું....
સાહિબા૦ ૪

ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે,
ખીરનીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હળશું....
સાહિબા૦ ૫

✲ 卐 ✲

Download From : https://PDFSeva.com

- ૬ -

આવો મુજ મન મંદિરે, સમરાવું સમકિત વાસ હો મુણિંદ,
પંચાચાર બિછાવણાં, પંચરંગી રચના તાસ „ „ ... આવો૦ ૧

સિજ્જા મૈત્રીભાવના, ગુણમુદિતા તળાઇ ખાસ „ „
ઉપશમ ઉત્તરછદ બન્યો, તીહાં કરૂણા કુસુમ સુવાસ „ „ આવો૦ ૨

થિરતા આસન આપશ્યું તપ તકીઆ નિજગુણ ભોગ , „
શુચિતા કેસર છાંટણાં, અનુભવ તંબોળ સુરંગ „ „ આવો૦ ૩

ખાંતિ ચામર વિંજશે, વળી મૃદુતા ઢોળે વાય „ „
છત્ર ધરે ઋજુતા સખી, નિર્લોભ ઓળાસસે પાય „ „ આવો૦ ૪

સત્ય સચિવને સોંપશું, સેવા વિવેક સંયુત „ „
આતમસત્તા શુદ્ધ ચેતના, પરણાવું આજ મુહૂર્ત „ „ આવો૦ ૫

અરજ સુણીને આવીઆ, જયાનંદ નિરૂપમ દેહ „ „
ઓચ્છવરંગ વધામણાં, થયા ક્ષમાવિજય જિન ગેહ „ „ આવો૦ ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી વિમલનાથ જિન સ્તવનો

-૧-

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદ શું ભેટ,
ધીંગ ધણી માથે કીઓ રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન, દીઠા લોયણે આજ, મ્હારાં સિધ્યાં વંછિત કાજ

વિમલ જિન, દીઠા લોયણ આજ....... ૧
ચરણ કમલ કમલા વસે રે, નિર્મળ થિરપદ દેખ,
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ, વિમલ૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ,
રંક ગણે મંદર ધરા રે, ઈન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર, વિમલ૦ ૩
સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર,
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર, વિમલ૦ ૪

દરિસણ દીઠે જિન તણું રે, સંશય ન રહે વેધ.
દિનકર કર ભર પસરતાં રે, અંધકાર પ્રતિષેધ, વિમલ૦ ૫

અમિય ભરી મુરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય, વિમલ૦ ૬

એક અરજ સેવક તણી રે, અવધારો જિન દેવ,
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ, વિમલ૦ ૭

卐

Download From : https://PDFSeva.com

- ૨ -

સેવો ભવિઆં વિમલ જિનેશ્વર, દુલ્લહા સજ્જન સંગાજી,
એહવા પ્રભુજીનું દરિસણ લેવું, તે આળસ માંહે ગંગાજી-સેવો૦ ૧

અવસર પામી આળસ કરશે, તે મુરખમાં પહેલોજી,
ભુખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી-સેવો૦ ૨

ભવ અનંતમાં દરિસણ દીઠું, એહવા પ્રભુ દેખાડેજી,
વિકટગ્રંથી જે પોળ પોળીયો, કર્મ વિવર ઉઘાડેજી-સેવો૦ ૩

તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજીજી,
લોયણ ગુરુ પરમાન્ન દીએ તવ, ભ્રમ નાખે સવિ ભાંજીજી-સેવો૦ ૪

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુ શું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી,
સરલતણે જે હૈડે આવે, તેહ બતાવે બોલીજી-સેવો૦ ૫

શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી,
કોડી કપટ જો કોઇ દેખાવે, તોહી પ્રભુ વિણ નવિ રાચુંજી-સેવો૦ ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી અનંતનાથ જિન સ્તવનો

-૧-

શ્રી અનંત જિન શું સાહેલડીઆં,
ચોળમજીઠનો રંગ રે ગુણવેલડીઆં,
સાચો રંગ તે ધર્મનો, ,, બીજો રંગ પતંગ રે. ,, -૧
ધર્મ રંગ જીરણ નહી, ,, દેહ તે જીરણ થાય રે, ,,
સોનું તો વિણસે નહી, ,, ઘાટ ઘડામણ જાય રે. ,, -૨
ત્રાંબું જે રસ વેધીઉં, ,, તે હોય જાચું હેમ રે, ,,
ફરી ત્રાંબું તે નવિ હુએ, ,, એહવો જગગુરૂ પ્રેમ રે. ,, -૩
ઉત્તમ ગુણ અનુરાગથી, ,, લહીએ ઉત્તમ ઠામ રે, ,,
ઉત્તમ નિજ મહિમા વધે, ,, દીપે ઉત્તમ ધામ રે. ,, -૪
ઉદક બિંદુ સાયર ભળ્યો, ,, જીમ હોય અક્ષય અભંગ રે, ,,
વાચક યશ કહે પ્રભુ ગુણે, ,, તીમ મુજ પ્રેમ પ્રસંગ રે. ,, -૫

* 卐 *

-૨-

ધાર તરવારની સોહિલી દોહિલી,
ચૌદમા જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતાં દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧
એક કહીએ સેવીએ વિવિધ કિરિઆ કરી,
ફળ અનેકાંત લોચન ન દેખે,

Download From : https://PDFSeva.com

ફળ અનેકાંત કિરિઆ કરી બાપડા,
રડવડે ચાર ગતિ માંહી લેખે. ધાર૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણે નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહનડીઆ કળિકાળ રાજે. ધાર૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ,
સાંભળી આદરી કાંઇ રાચો. ધાર૦ ૪
દેવગુરુ ધર્મની શુદ્ધિ કહો કીમ રહે?
કીમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો?
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિઆ કહી,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫
પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો,
ધર્મ નહી કોઇ જગસૂત્ર સરીખો,
સૂત્ર અનુસાર જે ભવિક કિરિઆ કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ધાર૦ ૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦ ૭

* 卐 *

Download From : https://PDFSeva.com

- ૩ -

જ્ઞાન અનંતુ તાહુરે રે, દરિસન તાહુરે અનંત,
સુખ અનંતમય સાહિબા રે, વીરજ પણ ઉલ્લસ્યું અનંત,
અનંત જિન આપજો રે, મુજને એહ અનંતાં ચાર,
મુજને અવરશું નહીં ખ્યાર, તુજને આપતાં શી વાર?
એ છે તુજ યશનો ઠાર, અનંત જિન, આપજો રે...૦ ૧

આપ ખજાનો ન ખોલવો રે, નહી મળવાની ચિંત,
મારે પોતે છે સવે રે, વચ્ચે આવરણની ભીંત, અનંતજિન૦ ૨
તપ જપ કિરિઆ મોઘરે રે, ભાંગી પણ ભાંજી ન જાય,
તે તુજ આણું લહે થકે રે, હેલામાં પરહી થાય, અનંતજિન૦ ૩
માતા મરૂદેવા ભણી રે, શ્રી જિન ઋષભે દીધ,
આપ પરાયું વિચારતાં રે, એમ કેમ વીતરાગતા સિદ્ધ,
અનંતજિન૦ ૪

તે માટે તસ અરથીઆ રે, પ્રાર્થતા જે કોઇ લોક,
તેહને આપો આપણી રે, તીહાં ન ઘટે કરાવવી ટોક,
અનંતજિન૦ ૫

તેહને તેહનું આપવું રે, તેમાં શ્યો ઉપજે ખેદ?
પ્રાર્થના કરતાં તાહુરે રે, નહી પ્રભુતાઇનો છેદ, અનંતજિન૦ ૬
પામ્યા પામે પામશે રે, જ્ઞાનાદિક જે અનંત,
તે તુજ આણુા લહે થકે રે, કહે માનવિજય ઉલ્લસંત
અનંતજિન૦ ૭

❀ 卐 ❀

Download From : https://PDFSeva.com

- ૪ -

અનંત જિણુંદ મુણિંદ ઘનાઘન ઉમહ્યો રે, ઘના૦
સકલ અશોકની છાંહી સભર છાંહી રહ્યો રે, સભર૦
છત્રત્રયી ચઉપાસ ચલંતાં વાદળાં રે, ચલંતાં૦
ચંચળ ચોદિશ ચામર બગપરે ઉજળા રે, બગપરે૦ ...૧

ભામંડળની જ્યોતિ ઝબુકે વિજળી રે, ઝબુકે૦
રત્નસિંહાસન ઈન્દ્રધનુષ શોભા મિલી રે, ધનુષ૦
ગુહિરો દુંદુહિનાદ આકાશે પુરતો રે, આકાશે૦
ચઉવિહ દેવનિકાય મયૂર નચાવતો રે મયૂર૦ ....૨

બહુવિધ ફુલ અમૂલ સુગંધિ વિસ્તરે રે, સુગંધિ૦
બાર પરખદા નયન સરસીઆં કરે રે, સરસીઆં૦
સુજશાનંદન વયણ સુધારસ વરસતો રે, સુધા૦
ભવિક હૃદય ભૂપીઠ રોમાંચ અંકુરતો રે રોમાંચ૦ ....૩

ગણધર ગિરિવર શૃંગથી પસરી સુરસરી રે, પસરી૦
નયગમ ભંગપ્રમાણ તરંગે પરવરી રે, તરંગે૦
ક્રોધ દાવાનલ શાંતિથી શીતલ ગુણ વહે રે, શીતલ૦
અશુભ કરમ ધનધામ સમાધિ સુખ લહે રે, સમાધિ૦ ....૪

વિકસિત સંયમ શ્રેણી વિચિત્ર વનાવલી રે, વિચિત્ર૦
આશ્રવ પંચ જવાસ કે મૂળ સંતતિ બળી રે, મૂળ૦
પ્રસર્યો સુથ સુકાલ દુકાલ ગયો ટળી રે, દુકાલ૦
ક્ષમાવિજય જિન સંપદ વરવા ઋતુ ફળી રે, વરવા૦ ....૫

卐

Download From : https://PDFSeva.com

# શ્રી ધર્મનાથ જિન સ્તવનો

-૧-

ધર્મજિનેશ્વર ધર્મધુરંધર,
પૂરણ પુણ્યે મલીઓ,
મન મરૂથલમાં સુરતરૂ ફળીઓ,
આજ થકી દિન વળીઓ,
પ્રભુજી મહેર કરી મહારાજ,
કાજ હુવે મુજ સારો,
સાહેબ ગુણનિધિ ગરીબ નિવાજ,
ભવ જળ પાર ઉતારો. પ્રભુજી -૧
બહુ ગુણવંતા જે તેં તાર્યા,
તે નહિં પાડ તુમારો,
મુજ સરીખો પત્થર જો તારો,
તો તુમચી બલીહારો. પ્રભુજી -૨
હું નિર્ગુણ પણ તાહરી સંગે,
ગુણ લહું તે ઘટમાન,
નિંબાદિક પણ ચંદન સંગે,
ચંદન સમ લહે તાન. પ્રભુજી -૩
નિર્ગુણ જાણી છેહ મ દેવો,
જોવો આપ વિચારી,
ચન્દ્ર કલંકિત પણ નિજ શીરથી,
ન તજે ગંગાધારી. પ્રભુજી -૪
સુવ્રતાનંદન સુવ્રતદાયક,
નાયક જિન પદવીનો,
પાયક જાસ સુરાસુર કિન્નર,
ઘાયક મોહ રિપુનો. પ્રભુજી -૫

Download From : https://PDFSeva.com

તારક તુજ સમ અવર ન દીઠો,
લાયક નાથ હમારો,
શ્રી ગુરૂ ક્ષમાવિજય પય સેવી,
કહે જિન ભવ જલ તારો. પ્રભુજી -૬

※ 卐 ※

- ૨ -

થાંશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહશો તો લેખે,
મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિરવહેવો, તેમાં શી શાબાશી? થાંશું-૧
નિરાગી સેવે કાંઈ હોવે, એમ મનમાં નવિ આણું,
ફળે અચેતન પણ જેમ સુરમણિ, તીમ તુમ ભકિત પ્રમાણું. થાંશું-૨
ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે,
સેવકના તીમ દુરિત ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થાંશું-૩
વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેજ સંબંધે,
અણસંબંધે કુમુદ અનુહરે, વસ્તુ સ્વભાવ પ્રબંધે. થાંશું-૪
દેવ અનેરાં તુમસેં છોટા, થે જગમેં અધિકેરા,
યશ કહે ધર્મ જિનેશ્વર થાંશું, દિલ માન્યા હે મેરા. થાંશું-૫

※ 卐 ※

Download From : https://PDFSeva.com

-૩-

હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવડલો લલચાણો જિનજીની ઓલગે રે લોલ,
હાં રે મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી માહરી રે સવિ થાશે વગે રે લોલ. ....૧

હાં રે કોઈ દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,
ઓળવશે નહિં કયારે કીધી ચાકરી રે લોલ;
હાં રે મારા સ્વામિ સરખો કુણ છે દુનિઆ માંહી જો,
જઈએં રે જીમ તેહને ઘર આશા કરી રે લોલ. ....૨

હાં રે જસ સેવા સેંતી સ્વારથની નહીં સિદ્ધિ જો,
ઠાલી રે શી કરવી તેહુથી ગોઠડી રે લોલ;
હાં રે કાંઈ જીહું ખાય તે મીઠાઈને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહીં પ્રીતડી રે લોલ. ....૩

હાં રે પ્રભુ અંતરજામી જીવન પ્રાણ આધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લોલ;
હાંરે મારે લાયક નાયક ભક્તવત્સલ ભગવંત જો,
વારૂ રે ગુણ કેરો સાહિબ સાયરૂ રે લોલ ....૪

હાંરે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અલગારે રહ્યાથી હોય ઓસિંગલો રે લોલ,
હાંરે કુણ જાણે અંતરગતની
હેજે રે હસી બોલો છોડી આમળો રે લોલ ....૫

Download From : https://PDFSeva.com

હાંરે તારે મુખને મટકે અટકયું મારૂં મન્ન જો,
આંખલડી અણીઆળી કામણગારડી રે લોલ,
હાંરે મારા નયણાં લંપટ જોવે ખિણ ખિણ તુજ જો,
રાતાં રે પ્રભુ રૂપે ન રહે વારીઆ રે લોલ ૬...

હારે પ્રભુ અલગા તો પણ જાણજો કરી હજુરને જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લોલ,
હાંરે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણે રે લોલ ૭...

## -૪-

ધર્મજિનેશ્વર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર
બીજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત ,,
ધર્મ ... ૧

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ ,,
ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ ,,
ધર્મ .... ૨

પ્રવચન અંજન જો સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન ,,
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરૂ સમાન ,,
ધર્મ .... ૩

દોડત દોડત દોડત દોડીઓ, જેતી મનની રે દોડ ,,
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરૂગમ લેજો રે જોડ ,,
ધર્મ ... ૪

Download From : https://PDFSeva.com

એક પખી કેમ પ્રીતિ પરવડે, ઉભય મિલ્યા હોવે સંધિ ,,
હું રાગી હું મોહે ફંદીઓ, તું નીરાગી નિબંધ ,,
ધર્મ ... ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય ,,
જ્યોતિ વિના રે જુઓ જગદીશની, અંધોઅંધ પુલાય ,,
ધર્મ .... ૬

નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા મુનિજનમાનસ હંસ ,,
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુલ વંશ ,,
ધર્મ .... ૭

મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ ,,
ઘનનામી આનંદઘન સાંભળો, અમ સેવક અરદાસ ,,
ધર્મ .... ૮

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી શાંતિનાથ જિન સ્તવનો

-૧-

શ્રી શાંતિજિનેશ્વર સાહિબા, તુજ નાઠે કેમ છુટાશે,
મેં લીધી કેડજ તાહરી, તેહ પ્રસન્ન થયે મુકાશે.
શ્રી શાંતિ-૧

તું વીતરાગપણું દાખવી, ભોળા જનને ભોળાવે,
જાણીને કીધી મેં પ્રતિગન્યા, તેહથી કહો કોણ ડોલાવે.
શ્રી શાંતિ.-૨

કોઇ કોઇની કેડે મત પડો, કેડે પડયા આણે વાજ,
નિરાગી પ્રભુ પણ ખેંચીઓ, ભકતે કરી મેં સાત રાજ.
શ્રી શાંતિ.-૩

મનમાંહી આણી વાસીઓ, હવે કેમ નિસરવા દેવાય,
જો ભેદરહિત મુજશું મીલો, તો પલકમાંહી છુટાય.
શ્રી શાંતિ.-૪

કબજે આવ્યા કેમ છુટશો, દીધા વિણુ કહણુ કૃપાળ,
તો શું હઠવાદ લેઈ રહ્યા, કહે માન કરો ખુશીઆલ.
શ્રી શાંતિ.-૫

Download From : https://PDFSeva.com

- ૨ -

શાંતિજિનેશ્વર સાચો સાહિબ,
શાંતિકરણ ઈણુ કલમેં હો જિનજી,
તું મેરા મનમેં, તું મેરા દિલમેં,
ધ્યાન ધરૂં પલપલમેં, સાહિબજી.....તું મેરા-૧
ભવમાં ભમતાં મેં દરિસન પાયો,
આશા પુરો એક પલમેં, હો જિનજી.....તું મેરા-૨
નિર્મલ જ્યોત વદન પર સોહે,
નિકસ્યો જ્યું ચંદ્ર બાદલમેં, હો જિનજી.....તું મેરા-૩
મેરો મન તુમ સાથે લીનો,
મીન વસે જ્યું જલમેં, હો જિનજી.....તું મેરા-૪
જિન રંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર,
દીઠોજી દેવ સકલમેં, હો જિનજી.....તું મેરા-૫

* 卐 *

Download From : https://PDFSeva.com

- ૩ -

સુણ દયાનિધિ, તુજ પદ પંકજ મુજ મન મધુકર લીનો
તું તો રાત દિવસ રહે સુખ ભીનો, સુણ દયાનિધિ૦ ૧

પ્રભુ અચિરામાતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુલ આયો,
એક ભવમાં દોય પદવી પાયો, સુણ દયાનિધિ૦ ૨

પ્રભુ ચક્રી જિનપદનો ભોગી શાન્તિ નામ થકી થાય નીરોગી,
તુજ સમ અવર નહીં દુજો યોગી, સુણ દયાનિધિ૦ ૩

ષટખંડ તણો પ્રભુ તું ત્યાગી નિજ આતમ ઋધિ તણો રાગી,
તુજ સમ અવર નહીં વૈરાગી, સુણ દયાનિધિ૦ ૪

વડવીર થયા સંજમધારી, લહે કેવલદુગકમલા સારી,
તુજ સમ અવર નહીં ઉપગારી, સુણ દયાનિધિ૦ ૫

પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા ઉપર કરૂણા આણી,
નિજ શરણે રાખ્યો ગુણખાણી, સુણ દયાનિધિ૦ ૬

પ્રભુ કર્મકટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુવાળી,
પ્રભુ પામ્યા શિવવધૂ લટકાળી, સુણ દયાનિધિ૦ ૭

સાહેબ એક મુજરો માનીજે, નિજ સેવક ઉત્તમપદ દીજે,
રૂપ કીર્તિ કરે તુજ જીવ વિજે, સુણ દયાનિધિ૦ ૮

* 卐 *

Download From : https://PDFSeva.com

- ૪ -

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં,
ધ્યાનમેં, ધ્યાનમેં, ધ્યાનમેં, હમ મગન.
બિસર ગઇ દુવિધા તનમનકી,
અચિરાસુત ગુણ ગાનમેં, હમ મગન.....૧
હરિહર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ,
આવત નહીં કોઉ માનમેં, ,, ,,
ચિદાનંદકી મોજ મચી હૈ,
સમતારસ કે પાનમેં, ,, ,, .....૨
ઇતને દિન તું નાંહી પિછાન્યો,
મેરો જન્મ ગયો સબ અજાનમેં, ,, ,,
અબ તો અધિકારી હુઈ બેઠે,
પ્રભુ ગુણ અખય ખજાનમેં, ,, ,,.....૩
ગઇ દીનતા સબહી હમારી,
પ્રભુ તુજ સમકીત દાનમેં, ,, ,,
પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે,
આવત નહીં કોઉ માનમેં, ,, ,,....૪
જિનહી પાયા તિનહી છિપાયા,
ન કહે કોઉ કે કાનમેં, ,, ,,
તાલી લાગી જબ અનુભવકી,
તબ સમજે સોઉ સાનમેં, ,, ....૫
પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જયું.
સો તો ન રહે મ્યાનમેં, ,, ,,
વાચક યશ કહે મોહ મહા અરિ,
જીત લીઓ હે મેદાનમેં, ,, ,,....૬

❋ 卐 ❋

Download From : https://PDFSeva.com

- ૫ -

શાન્તિ જિનેશ્વર સાહિબા રે, શાન્તિ તણા દાતાર,
અંતરજામી છો માહરા રે, આતમના આધાર શાન્તિ ....૧

ચિત્ત ચાહે પ્રભુ ચાકરી રે, મન ચાહે મળવાને કાજ,
નયન ચાહે પ્રભુ નિરખવા રે, દ્યો દરિસન મહારાજ, શાન્તિ ...૨

પલક ન વિસરો મન થકી રે, જેમ મોરા મન મેહ,
એક પખો કેમ રાખીએ રે રાજ કપટનો નેહ, શાન્તિ ...૩

નેહ નજરે નિહાળતા રે, વાધે બમણો વાન,
અખુટ ખજાનો પ્રભુ તાહરો રે, દીજીએ વાંછિત દાન, શાન્તિ ...૪

આશ કરે જે કોઈ આપણી રે, નવી મુકીએ નિરાશ,
સેવક જાણીને આપણો રે, દીજીએ તાસ દીલાસ, શાન્તિ ....૫

દાયકને દેતાં થકા રે, ક્ષણ નવિ લાગે વાર,
કાજ સરે નિજ દાસના રે, એ મોટો ઉપકાર, શાન્તિ ...૬

એહવું જાણીને જગ ધણી રે, દિલમાંહી ધરજો પ્યાર,
રૂપવિજય કવિરાયનો રે, મોહન જય જયકાર, શાન્તિ ...૭

Download From : https://PDFSeva.com

- ૬ -

શાન્તિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદો રે,
મુખ મટકે લોચનને લટકે, મોહ્યા સુરનર વૃંદો રે.... શાંતિ ૧
મંજર દેખીને કોયલ ટહુકે, મેઘ ઘટા જિમ મોરો રે,
તીમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જીમ ચંદ ચકોરો રે....
શાંતિ ૨
જિનપ્રતિમા જિનવર શી ભાખી, સૂત્ર ઘણા છે સાખી રે,
સુરનર મુનિવર વંદન પૂજા, કરતાં શિવ અભિલાષી રે....
શાંતિ ૩
રાયપસેણી એ પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિતધારી રે,
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજય દેવ અધિકારી રે....
શાંતિ ૪
જિનવર બિંબ વિના નવિ વંદુ, આણંદજી એમ બોલે રે,
સાતમે અંગે સમકિત મૂલે, અવર નહિં તસ તોલે રે....
શાંતિ ૫
જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે,
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહિ રાગે રે....
શાંતિ ૬
વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે,
જંઘાચારણ મુનિવરે વંદી, જિનપડિમા મન રંગે રે....
શાંતિ ૭
આર્ય સુહસ્તિસૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિ રાય રે,
સવા કોડ જિનબિંબ ભરાવ્યા, ધન્ય ધન્ય તેહની માય રે....
શાંતિ ૮

Download From : https://PDFSeva.com

મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમારે રે,
જાતિ સ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે....
શાંતિ ૯

ઈત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્રમાંહિ સુખકારી રે,
સૂત્રતણો એક વરણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે....
શાંતિ ૧૦

તે માટે જિન આણાધારી, કુમતિ કદાગ્રહ વારી રે,
ભક્તિ તણા ફળ ઉત્તરાધ્યયને, બોધિબીજ સુખકારી રે....
શાંતિ ૧૧

એક ભવે દોય પદવી પામ્યા સોળમા શ્રી જિનરાય રે,
મુજ મન મંદિરીએ પધરાવ્યા, ધવલ મંગલ ગવરાય રે,....
શાંતિ ૧૨

જિન ઉત્તમપદ રૂપ અનુપમ, કીર્તિ કમલાની શાળા રે,
જીવવિજય કહે પ્રભુજીની ભકિત, કરતાં મંગલમાળા રે....
શાંતિ ૧૩

✻ 卐 ✻

– ૭ –

મારો મુજરો લ્યોને રાજ, સાહેબ શાન્તિ સલુણા૦
અચિરાજીના નંદન તોરે, દરિશણ હેતે આવ્યો,
સમકિત રીઝ કરોને સ્વામી, ભકિત ભેટણું લાવ્યો, મારો૦ ૧
દુઃખભંજન છે બિરૂદ તુમારૂં અમને આશા તુમારી,
તુમે નીરાગી થઇને છુટો, શી ગતિ હોશે હમારી, મારો૦ ૨

Download From : https://PDFSeva.com

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે,
પણ બાળક જો બોલી ન જાણે, તો કેમ વાલો લાગે, મારો૦ ૩
મારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું,
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કીશ્યાનું, મારો૦ ૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે,
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે, મારો૦ ૫

❊ 卐 ❊

– ૮ –

ધન્ય દિન વેલા ધન્ય ઘડી તેહ,
અચિરાનો નંદન જિન યદિ ભેટશુંજી,
લહીશું રે સુખ, દેખી મુખચંદ,
વિરહવ્યથાના દુઃખ સવિ મેટશુંજી.....૧
જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજા રે રસ તેહને મન નવિ ગમેજી,
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ નવિ રૂચેજી.....૨
તુજ સમકિત રસ સ્વાદનો જાણ,
પાપ કુભકતે બહુ દિન સેવીયુંજી,
સેવે જો કર્મને જોગે તો હી,
વાંછે તે સમકિત અમૃત ધુરે લીખ્યુંજી...૩

Download From : https://PDFSeva.com

તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ,
તેહી જ જ્ઞાનને ચારિત્ર તેહ છે જી,
તેહથી જાએ સઘળા હો પાપ,
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોય પછેજી....૪
દેખી રે અદ્‌ભુત તાહરૂં રૂપ,
અચરિજ ભવિક અરૂપીપદ વરેજી,
તાહરી ગત તો તું જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક યશ કરેજી....૫

* 卐 *

-૯-

તું પારંગત તું પરમેશ્વર, વાલા મારા તું પરમારથ વેદી,
તું પરમાતમ તું પુરૂષોત્તમ,
તું અછેદી અવેદી રે, મનના મોહનીઆ,
તાહરી કીકી કામણગારી રે, જગના સોહનીઆ ....૧
યોગી અયોગી ભોગી અભોગી, વાલા તુંહીજ કામી અકામી,
તુંહી અનાથ નાથ સહુ જગનો,
આતમસંપદ રામી રે, મનના૦ ....૨
એક અસંખ્ય અનંત અનૂચર, વાલા અકળ સકળ અવિનાશી,
અરસ અવર્ણ અગંધ અફરસી,
તુંહી અપાશી અનાશી રે. મનના૦ ....૩
મુખ પંકજ ભમરી પરે અમરી, વાલા તુંહી સદા બ્રહ્મચારી,
સમોસરણ લીલા અધિકારી. તુંહી જ સંયમધારી રે, મનના૦ ....૪
અચિરાનંદન અચરિજ એહી, વાલા કહણી માંહે ન આવે,
ક્ષમાવિજય જિન વયણ સુધારસ,
પીવે તેહી જ પાવે રે, મનના૦ ....૫

Download From : https://PDFSeva.com

# શ્રી કુંથુનાથ જિન સ્તવનો

મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હી ન બાજે
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે, હો કુંથુ ....૧
રજની વાસર વસતી ઉજ્જડ, ગયણ પાયાલે જાય,
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય, હો કુંથુ ....૨
મુકિત તણા અભિલાષી તપીઆ, જ્ઞાનને ધ્યાન અભ્યાસે,
વૈરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે, હો કુંથુ ....૩
આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ આંકું,
કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણી પરે વાંકું, હો કુંથુ ....૪
જો ઠગ કહું તો ઠગ ન દેખું, શાહુકાર પણ નાંહી,
સર્વમાંહે ને સહુથી અળગું, એ અચરિજ મનમાંહી, હો કુંથુ ...૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો,
સુરનર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાળો, હો કુંથુ ....૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે
બીજી વાતે સમરથ છે નર, એહને કોઇ ન જેલે, હો કુંથુ ....૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિં ખોટી
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી, હો કુંથુ ....૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું
આનંદઘન પ્રભુ માહરૂં આણો તો સાચું કરી જાણું, હો કુંથુ ...૯

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી અરનાથ જિન સ્તવનો

-૧-

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાગપુર રાજીઓ,
જગપતિ રાય સુદર્શન નંદ, મહિમા મહીમાંહે ગાજીઓ, ....૧
જગપતિ કંચનવરણ શરીર, કામિત પૂરણ સુરતરૂ,
જગપતિ લંછન નંદાવર્ત, ત્રણભુવન મંગલકરૂ, ....૨
જગપતિ ષટખંડ ભરત અખંડ, ચક્રવર્તીની સંપદા,
જગપતિ સહસ બત્રીસ ભૂપાલ, સેવીત ચરણકમલ સદા, ....૩
જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠુ સહસ અંતેઉરી,
જગપતિ ભોગવી ભોગ રસાલ, જોગ દશા ચિત્તમાં ધરી, ...૪
જગપતિ સહસપુરૂષ સંઘાત, મૃગશિર સુદિ એકાદશી,
જગપતિ સંયમ લીએ પ્રભુ ધીર, ત્રિકરણયોગે ઉલ્લસી, ....૫
જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભકિત કરે ચિત્ત ગહગહી,
જગપતિ નાચે સુરવધૂ કોડી, અંગ મોડી આગળ રહી, ....૬
જગપતિ વાગે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહામણા,
સુરપતિ દેવદુષ્ય ધરે ખંધ, પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા, ...૭
જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુર નર ખેચરા,
જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જનમ તે ભવ તર્યા, ....૮
જગપતિ પ્રભુ પદપદ્મની સેવ, ત્રિકરણશુધ્ધે જે કરે,
જગપતિ કરીઅ કરમનો અંત, શુધ્ધ રૂપ નિજ તે વરે, ...૯

✲ 卐 ✲

Download From : https://PDFSeva.com

– ૨ –

શ્રી અરજિન ભવજળનો તારૂ, મુજમન લાગે વારૂરે, મનમોહન સ્વામી
બાંહ્ય ગ્રહી જે ભવિજન તારે, આણે શિવપુરઆરે રે „ „ ....૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે, „ „
પણ નવિ ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથે રે „ „ ....૨

ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઈ રે, „ „
કાયા કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે „ „ ....૩

જે ઉપાય બહુવિધની રચના, યોગ માયા તે જાણો રે, „ „
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવદીએ પ્રભુ સપરાણો રે „ „ ....૪

પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે, „ „
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે „ „ ....૫

❋ 卐 ❋

Download From : https://PDFSeva.com

# શ્રી મલ્લિનાથ જિન સ્તવનો

-૧-

સેવક કિમ અવગણીએ હો મલ્લિજિન એ અબ શોભા સારી,
અવર જેહને આદર અતિ દીએ,
તેહને મૂલ નિવારી હો મલ્લિ૦ ૧
જ્ઞાનસ્વરૂપ અનાદિ તુમારૂં, તે લીધું તમે તાણી,
જુઓ અજ્ઞાનદશા રીસાવી,
જાતાં કાણ ન આણી હો મલ્લિ૦ ૨
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી,
નિદ્રા સુપન દશા રીસાણી,
જાણી ન નાથ મનાવી હો મલ્લિ૦ ૩
સમકિત સાથે સગાઇ કીધી, સ્વપરિવાર શું ગાઢી,
મિથ્યામતિ અપરાધણ જાણી,
ઘરથી બાહિર કાઢી હો મલ્લિ૦ ૪
હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી,
નોકષાય ગજશ્રેણી ચડતાં,
શ્વાનતણી ગતિ ઝાલી હો મલ્લિ૦ ૫
રાગ દ્વેષ અવિરતિની પરિણતી, એ ચરણમોહના યોદ્ધા
વીતરાગ પરિણતિ પરિણમતાં,
ઉઠી નાઠા બોદ્ધા હો મલ્લિ૦ ૬
વેદોદય કામા પરિણામા, કામ્યરસ સહુ ત્યાગી,
નિઃકામી કરૂણારસસાગર,
અનંત ચતુષ્કપદ પાગી હો મલ્લિ૦ ૭

Download From : https://PDFSeva.com

દાન વિઘન વારી સહુજનને, અભયદાન પદ દાતા,
લાભ વિઘન જગ વિઘન નિવારક,
પરમ લાભ રસ માતા હો મલ્લિ૦ ૮

વીર્ય વિઘન પંડિતવીર્યે હણી, પૂરણ પદવી યોગી,
ભોગોપભોગ દોય વિઘન નિવારી,
પૂરણ ભોગ સુભોગી હો મલ્લિ૦ ૯

એમ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા,
અવિરતિ રૂપક દોષ નિરૂપણ,
નિર્દૂષણ મન ભાયા હો મલ્લિ૦ ૧૦

ઈણવિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે,
દીનબંધુની મહેર નજરથી,
આનંદઘન પદ પાવે હો મલ્લિ૦ ૧૧

– ૨ –

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિલાસી રે,
કરે વિનતિ ગુણની રાશી, મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિજીવને શિવસુખ દીજે, મલ્લિજિન૦ ................૧
તુમે કરૂણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે,
સેવકનો કરો ઉદ્ધાર, મલ્લિજિન૦ ..............૨
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે,
ભવ્યત્વપણે તસ સ્થાપે, મલ્લિજિન૦ ................૩
સુરપતિ સઘળા મળી આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે,
પ્રભુ ચરણે શીશ નમાવે, મલ્લિજિન૦ ................૪

Download From : https://PDFSeva.com

તીર્થોદિક કુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે,
સુરપતિ ભકતે નવરાવે, મલ્લિજિન૦ ................૫

વસ્ત્રાભરણે શણગારે રે, ફુલમાલા હૃદય પર ધારે રે,
દુઃખડાં ઇન્દ્રાણી ઉવારે, મલ્લિજિન૦ ................૬

મલ્યા સુરનર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે,
કરે ભકિત યુકિત મદ મોડી, મલ્લિજિન૦ ................૭

મૃગશિર સુદિની અજુઆળી રે, એકાદશી ગુણની આલી રે,
વર્યા સંયમવધૂ લટકાળી, મલ્લિજિન૦ ................૮

દીક્ષાકલ્યાણુક એહ રે, ગાતાં દુઃખ ન રહે રેહ રે,
લહે રૂપ વિજય જસ નેહ મલ્લિજિન૦ ................૯

– ૩ –

મલ્લિ જિનેશ્વર અરચિત કેસર, અલવેસર અવિનાશીજી,
પરમેશ્વર પૂરણપદ ભોકતા, ગુણ રાશી શિવવાસી,
જિનજી ધ્યાવોજી, મલ્લિજિણંદ મુણિંદ, ગુણ ગણ ગાવોજી૦ ૧

મૃગશિર સુદિ એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણુજી,
લોકાલોક પ્રકાશક ભાસક, પ્રગટયો અભિનવ ભાણ જિનજી૦ ૨

મત્યાદિક–ચઉનાણનું ભાસન, એહમાં સકલ સમાયજી,
ગ્રહ ઉડુ તારા ચન્દ્રપ્રભા જીમ, તરણી તેજમાં જાય જિનજી૦ ૩

જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષજી,
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્દગલ સંકલેશ, જિનજી૦ ૪

Download From : https://PDFSeva.com

ચાલીશ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધારજી,
સહસ પંચાવન સાહુણી જાણો, ગુણમણિ રયણ ભંડાર, જિનજી૦ ૫
શત સમ ન્યૂન, સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતાજી,
વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપકારને કરતા, જિનજી૦ ૬
કેવલનાણ કલ્યાણક જિનનું, જે ભવિઅણ નિત્ય ગાવેજી
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, શુદ્ધ રૂપ તે પાવે, જિનજી૦ ૭

– ૪ –

તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી,
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી૦ ...........૧
મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી,
હોય રીઝણનો ઉપાય, સામું કોઇ ન જુએરી૦ ...........૨
દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી,
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી૦ ...........૩
લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઇરી,
તાત ચક્ર ધુરી પૂજ્ય, ચિંતા એહ હુઇરી૦ ...........૪
રીઝવવો એક સાંઇ, લોક તે વાત કરેરી,
શ્રી નયવિજય સુશિષ્ય, એહીજ ચિત્ત ધરેરી૦ ...........૫

– ૫ –

મિથિલા તે નયરી દીપતી રે, કુંભ નૃપતિ કુલ હંસ,
મલ્લિ જિણંદ સોહામણો રે, સયલ દેવ અવતંસ,
સખી સુણ કહીએં રે, મારો જિનજી મોહનવેલી,
હીઅડે વહીએં રે –૧

છપ્પન દિશીકુમરી મલી રે, કરતી જન્મના કાજ,
હેજાલી હરખે કરી રે, હુલરાવે જિનરાજ ...સખી. –૨

Download From : https://PDFSeva.com

વીણા બજાવે વાલહી રે, લળી લળી જિનગુણ ગાય,
ચિરંજીવો એ બાલુડો રે, જીમ કંચન ગિરિરાય ...સખી. -૩

કેઇ કરમાં વીંજણ ગ્રહી રે, વીંજે હરખે વાય,
ચતુરા ચામર ઢાળતી રે, સુરવધૂ મન મલકાય, ...સખી. -૪

નાચે સાચે પ્રેમથી રે, રાચે માચે ચિત્ત,
જાચે સમકિત શુધ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત, ...સખી. -૫

ઉર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધૂ હોડાહોડી
જગ તિલક ભાલે ધરી રે, કરતી મોડા મોડી, ...સખી. -૬

તવ સુરપતિ સુરગિરિ શીરે રે, નમન કરે કર જોડી,
તીર્થોદક કુંભા ભરી રે, સાઠ લાખ એક કોડી, ...સખી. -૭

જિન જનની પાસે ઠવી રે, વરસી રયણની રાશી,
સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ, ...સખી. -૮

સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મ ઓચ્છવ અતિ ચંગ,
મલ્લિ જિણંદપદ પદ્મ શું રે, રૂપવિજય ધરે રંગ, ...સખી. -૯

❊ 卐 ❊

Download From : https://PDFSeva.com

# શ્રી મુનિસુવ્રત સ્વામીનાં સ્તવનો

– ૧ –

મુનિસુવ્રત કીજે મયા રે, મનમાંહીં ધરી મહેર,
મહેર વિહુણા માનવી રે, કઠણ જણાયે કહેર,
જિનેશ્વર, તું જગનાયક દેવ, તુજ જગહિત કરવા ટેવ, જિનેશ્વર,
બીજા જુએ કરતાં સેવ, જિનેશ્વર૦ ૧

અરહટ્ટ ક્ષેત્રની ભૂમિકા રે, સીંચે કૃતારથ હોય,
ધારાધર સઘળી ધરારે, ઉધ્ધરવા સજ્જ જોય, જિનેશ્વર૦ ૨

તે માટે અશ્વ ઉપરે રે, આણી મનમાં મહેર,
આપે આવ્યા આફણી રે, બોધવા ભરૂઅચ્છ શહેર, જિનેશ્વર૦ ૩

અણપ્રાર્થતા ઉધ્ધર્યા રે, આપે કરીઅ ઉપાય,
પ્રાર્થતા રહે વિલવતા રે, એ કુણ કહીએ ન્યાય, જિનેશ્વર૦ ૪

સંબંધ પણ તુજ મુજ વિચે રે, સ્વામી સેવક ભાવ,
માન કહે હવે મહેરનો રે, ન રહ્યો અજર પ્રસ્તાવ, જિનેશ્વર૦ ૫

– ૨ –

જય જય મુનિસુવ્રત જગદીશ, વરસે વાણી ગુણ પાંત્રીશ,
વારે ઘાતી સુડતાલીશ, જેહથી પ્રગટે રે,
જેહથી પ્રગટે ગુણ એકત્રીશ રે,
મુણિંદા તોરી દેશના સુખખાણી, સુખખાણી રે,
મેં જાણી રે, મુણિંદા તોરી.
જેહથી લાજે સાકર પાણી રે, મુણિંદા તોરી,
એ તો ધર્મરાય પટરાણી રે –૧

Download From : https://PDFSeva.com

એનાં અંગ ઉપાંગ અનુપ, એનું મુખડું મંગલ રૂપ,
એ તો નવ રસ રંગ સરૂપ, એહના પગલાં રે,
એહના પગલાં પ્રણુમે ભૂપ રે –૨

એ તો એક અનેક સ્વભાવ, એ તો ભાસે ભાવ વિભાવ,
એ તો બોલે બહુ પ્રસ્તાવ, એ તો ભંગી રે,
એ તો ભંગી સપ્ત બનાય રે –૩

એનો નયગભિંત અવદાત, એનો તીર્થંકર પદ તાત,
એ તો ચઉ પુરૂષાર્થની માત, એના સઘળા રે,
એના સઘળા અર્થ છે જાત રે –૪

એનો ત્રિહું જગમાં ઉદ્યોત, જીપે રવિ શશી દીપક જ્યોત,
બીજા વાદી શ્રુત ખદ્યોત, એ તો તારે રે,
એ તો તારે જીમ જલ પોત રે –૫

એને ગણુધર કરે શણુગાર, એને સેવે સહુ અણુગાર
એ તો ધુરથી સદા બ્રહ્મચાર, એ તો ત્રિપદી રે,
એ તો ત્રિપદીનો વિસ્તાર રે –૬

એથી જાતિનાં વૈર સમાય, બેસે વાઘણુ ભેળી ગાય,
આવે સુર દેવી સમુદાય, એને ગાવે રે,
એને ગાવે પાપ પલાય રે –૭

એને વાંછે નર ને નાર, એથી નાશે કામ વિકાર,
એથી ઘર ઘર મંગલ ચાર, એ તો મુનિ જિન રે,
એ તો મુનિ જિન પ્રાણુ આધાર રે,
મુણિંદા તોરી દેશના સુખખાણી –૮

Download From : https://PDFSeva.com

- ૩ -

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે,
વદન અનુપમ નિરખતાં, મારા ભવોભવના દુઃખ જાયરે,
જગતગુરૂ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ,
જગતગુરૂ૦ -૧

નિશદિન સુતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર રે,
જબ ઉપગાર સંભારીએ, તબ ઉપજે આનંદ પૂર રે,
જગતગુરૂ૦ -૨

પ્રભુ ઉપગાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે,
ગુણગણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે,
જગતગુરૂ૦ -૩

અક્ષયપદ દીએ પ્રેમ જે, પ્રભુનો તો અનુભવ રૂપ રે,
અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાય અરૂપ રે,
જગતગુરૂ૦ -૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લખાય રે,
વાચક યશ કહે પ્રેમથી, પણ મન માંહે ન પરખાય રે,
જગતગુરૂ૦ -૫

- ૪ -

હો પ્રભુ મુજ પ્યારા, ન્યારા થયા કેઈ રીત જો,
ઓલગુઆને આલાલુંબન તાહરા રે લોલ,
હો પ્રભુ૦ ભક્તવત્સલ ભગવંત જો,
આય વસો મન મંદિર સાહેબ માહરે રે લોલ -૧

હો પ્રભુ૦ ખીણ ન વિસારૂં તુજ જો,
તંબોલીના પત્ર તણી પરે ફેરતો રે લોલ,
હો પ્રભુ૦ લાગી મુને માયા જોર જો,
દિણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લોલ -૨

Download From : https://PDFSeva.com

હો પ્રભુ૦ તું નિઃસ્નેહી જિનરાજ જો,
એક પખી પ્રીતલડી કીણુ પરે રાખીએ રે લોલ,
હો પ્રભુ૦ અંતરગતની મહારાજ જો,
વાતલડી વિણુ સાહિબ કેહને દાખીએ રે લોલ -૩
હો પ્રભુ૦ અલખ રૂપ થઈ આપ જો,
જાઈ વસ્યો શિવ મંદિર માંહે તું જઈ રે લોલ,
હો પ્રભુ૦ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિધ્ધાંત ગતિને સાહિબ તુમ લહી રે લોલ -૪
હો પ્રભુ૦ જગજીવન જિનરાજ જો,
મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લોલ,
હો પ્રભુ૦ પય પ્રણમી જિનરાજ જો,
ભવભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લોલ -૫
હો પ્રભુ૦ રાખશું હૃદય મોઝાર જો,
આપોને શામળીયા પદવી તાહરી રે લોલ,
હો પ્રભુ૦ રૂપવિજયનો શિષ્ય જો
મોહનને મન લાગી માયા તાહરી રે લોલ -૬

Download From : https://PDFSeva.com

# શ્રી નમિનાથ જિન સ્તવનો

-૧-

પરમ રૂપ નિરંજન જન મન રંજણો લલના,
ભક્તિ વત્સલ ભગવંત, તું ભવભય, ભંજણો લલના,
જગત જંતુ હિતકારક, તારક જગધણી લલના,
તુજ પદ પંકજ સેવ, હેવ મુજને ઘણી લલના૦ ....૧

આવ્યો રાજ હજુર, પૂરણ ભક્તિ ભરે લલના,
આપો સેવના આપ, પાપ જીમ સવિ ટળે લલના,
તુમ સરીખા મહારાજ, મહેર જો નવિ કરે લલના,
તો અમ સરીખા જીવના, કારજ કીમ સરે લલના૦ ....૨

જગ તારક જિનરાજ, બિરૂદ છે તે તુમ તણો લલના,
આપો સમકિત દાન, પરાયા મત ગણો લલના,
સમરથ જાણી દેવ, સેવના મેં કરી લલના,
તુંહીજ છે સમરથ, તરણ તારણ તરી લલના૦ ....૩

મૃગશિર સિત એકાદશી, ધ્યાન શુકલ ધરી લલના,
ઘાતી કરમ કરી અંત કે, કેવલશ્રી વરી લલના,
જગ નિસ્તારણ કારણ, તીરથ થાપીઓ લલના,
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીઓ લલના૦ ....૪

Download From : https://PDFSeva.com

અમ વેળા કિમ આજ, વિલંબ કરી રહ્યા લલના,
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગહ્યાં લલના,
મન માન્યા વિણુ માહરૂં, નવિ છોડું કદા લલના,
સાચો સેવક તેહ જે, સેવ કરે સદા લલના૦ ....૫

વપ્રા માત સુજાત, કહાવો શું ઘણું લલના,
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ઘણું લલના,
જિન ઉત્તમ પદ પદ્મ, વિજય પદ દીજીએ લલના,
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ લલના૦ ....૬

– ૨ –

ષટ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે,
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ દરિસણ આરાધે રે, ષટ૦ ૧

જિન સુર પાદપ પાય વખાણો, સાંખ્ય યોગ દોય ભેદે રે,
આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે, ષટ૦ ૨

ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે,
લોકાલોક અવલંબન ભજીએ, ગુરૂગમથી અવધારી રે, ષટ૦ ૩

લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે,
તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કેમ પીજે રે, ષટ૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે,
અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગે રે, ષટ૦ ૫

જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે,
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે, ષટ૦ ૬

Download From : https://PDFSeva.com

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે,
ભૃંગી ઇલિકાને ચટકાવે, તે ભંગી જન જોવે રે, ષટ૦ ૭

ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે,
સમય પુરૂષના અંગ કહ્યા એ, જે છેદે તે દુર્ભવ રે, ષટ૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગે રે,
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવચંક ભોગે રે, ષટ૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથાવિધ ન મિલે રે,
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિખવાદ ચિત્ત સઘળે રે, ષટ૦ ૧૦

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહીએ રે,
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે, ષટ૦ ૧૧

– ૩ –

મુજ મન પંકજ ભમરલો, શ્રી નમિ જિન જગદીશો રે,
ધ્યાન ધરૂં નિત્ય તુમ તણું, નામ જપું નિશદિશો રે, મુજ૦ ૧

ચિત્ત થકી કદીએ ન વિસરે, દેખીએ આગલે ધ્યાને રે,
અંતર જાપથી ભણીએ, દૂર રહ્યાં અનુમાને રે, મુજ૦ ૨

તું ગતિ તું મતિ આશરો, તુંહી જ બાંધવ મોટો રે,
વાચક યશ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે, મુજ૦ ૩

Download From : https://PDFSeva.com

# શ્રી નેમિનાથ જિન સ્તવનો

-૧-

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ,
પૂરણ દષ્ટિ નિહાળીએં, ચિત્ત ધરીએં હો અમચી અરદાસ,
પરમા૦ ૧

સર્વ દેશ ઘાતી સહુ, અઘાતી હો કરી ઘાત દયાળ,
વાસ કીઓ શિવ મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ,
પરમા૦ ૨

જગતારક પદવી લહી, તાર્યા સહી હો અપરાધી અપાર,
તાત કહો મોહે તારતાં, કિમ કીની હો ઇણ અવસર વાર,
પરમા૦ ૩

મોહ મહા મદ છાકથી, હું છકીઓ હો નહિં શુદ્ધ લગાર,
ઉચિત સહી ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ,
પરમા૦ ૪

મોહ ગયા જો તારશો, તીણ વેળા હો કહાં તુમ ઉપગાર,
સુખ વેળા સ્વજન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર,
પરમા૦ ૫

પણ તુમ દરિશન યોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ,
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ,
પરમા૦ ૬

કર્મ કલંક નિવારીને, નિજરૂપે હો રમે રમતા રામ,
લહત અપુરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરામ,
પરમા૦ ૭

ત્રિકરણ યોગે વિનવું, સુખદાયી હો શિવાદેવીના નંદ,
ચિદાનંદ મનમેં સદા, તુમે આવો હો પ્રભુ નાણ દિણંદ,
પરમા૦ ૮

Download From : https://PDFSeva.com

- ૨ -

નિરખો નેમિ જિણંદને, અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ,
ભગવંતાજી

બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, „ અનુક્રમે થયા વીતરાગ, „ -૧

ચામર ચક્ર સિંહાસન, „ પાદપીઠ સંયુત, „
છત્ર ચાલે આકાશમાં, „ દેવ દુંદુભિ વરયુત, „ -૨

સહસ જોયણ ધ્વજ સોહતો, „ પ્રભુ આગળ ચાલંત, „
કનક કમલ નવ ઉપરે, „ વિચરે પાય ઠવંત, „ -૩

ચાર મુખે દીએ દેશના, „ ત્રણ ગઢ ઝાક ઝમાલ „
કેશ રોમ શ્મશ્રુ નખા, „ વાધે નહિં કોઇ કાલ „ -૪

કાંટા પણ ઉંધા હોવે, „ પંચ વિષય અનુકૂલ, „
ષટઋતુ સમકાળે ફળે, „ વાયુ નહિ પ્રતિકૂલ, „ -૫

પાણી સુગંધ સુર કુસુમની, „ વૃષ્ટિ હોય સુરસાલ, „
પંખી દીએ સુપ્રદક્ષિણા, „ વૃક્ષ નમે અસરાલ, „ -૬

જિન ઉત્તમ પદ પદ્મની, „ સેવા કરે સુર કોડી, „
ચાર નિકાયના જઘન્યથી, „ ચૈત્ય વૃક્ષ તેમ જોડી, „ -૭

卐

Download From : https://PDFSeva.com

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં સ્તવનો

- ૧ -

અબ મોહે ઐસી આય બની,
શ્રી શંખેશ્વર પાર્શ્વ જિનેશ્વર, મેરો તું એક ધણી, અબ મોહે૦
તુમ બિન કોઉ ચિત્ત ન સુહાવે. આવે કોડ ગુણી,
મેરો મન તુજ ઉપર રસીઓ, અલિ જયું કમલ ભણી,
અબ મોહે૦ ૧

તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરણી,
નામ જપું નિશિ વાસર તેરો, એ મુજ શુભ કરણી, અબ મોહે૦ ૨
કોપાનલ ઉપજાવત દુર્જન મથન વચન અરણી,
નામ જપું જલધાર તીહાં તુજ, ધારૂં દુઃખ હરણી. અબ મોહે૦ ૩

મિથ્યામતી જન હે બહુ જગમેં, પદ ન ધરણ ધરણી,
ઉન કે અબ તુમ ભક્તિ પ્રભાવે, ભય નહિ એક કણી,
અબ મોહે૦ ૪

સજ્જન નયન સુધારસ અંજન, દુર્જન રવિ ભરણી,
તુજ મૂરતિ નિરખે સો પાવે, સુખ જશ લીલ ઘણી, અબ મોહે૦ ૫

* 卐 *

- ૨ -

મેરે સાહિબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા,
ખિજમતગાર ગરીબ હું, મે તેરા બંદા, મેરે૦ ૧
મેં ચકોર કરૂં ચાકરી, જબ તુમ હી ચંદા,
ચક્કવાક મેં હુઈ રહું, જબ તુમ હી દિણંદા, મેરે૦ ૨

Download From : https://PDFSeva.com

મધુકર પરે મેં રણઝણું, જબ તુમ અરવિંદા,
ભક્તિ કરૂં ખગપતિ પરે, જબ તુમ હી ગોવિંદા, મેરે૦ ૩
જબ તુમ ગર્જિત ઘન ભયે, તબ મેં શિખિ નંદા,
જબ સાયર તુમે મેં તદા, સુર સરિતા અમંદા, મેરે૦ ૪
દૂર કરો દાદા પાસજી, ભવ દુઃખ કા ફંદા,
વાચક યશ કહે દાસ કું, દીજે પરમાનંદા, મેરે૦ ૫

– ૩ –

શ્રી પાસજી પ્રગટ પ્રભાવી, તુજ મૂરતિ મુજ મન ભાવી રે,
મનમોહના જિનરાયા
સુર નર કિન્નર ગુણ ગાયા રે, મન૦
જે દિનથી મૂરતિ દીઠી,
તે દિનથી આપદા નીઠી રે „ „ –૧
મટકાળું મુખ સુપ્રસન્ન,
દેખત રીઝે ભવિ મન્ન રે „ „
સમતા રસ કેરાં કચોળાં,
નયણા દીઠે રંગ રોળાં રે „ „ –૨
હાથ ન ધરે હથીયાર,
નહિં જપમાલાનો પ્રચાર રે „ „
ઉત્સંગે ન ધરે વામા,
તેહથી ઉપજે સવિ કામા રે „ „ –૩
ન કરે ગીત નૃત્યના ચાળા,
એ તો પ્રત્યક્ષ નટના ખ્યાલા રે „ „
ન બજાવે આપે વાજાં,
ન ધરે વસ્ત્ર જીરણ સાજાં રે „ „ –૪

Download From : https://PDFSeva.com

એમ મૂરતિ તુજ નિરૂપાધી,
વીતરાગપણે કરી સાધી રે „ „
કહે માનવિજય ઉવજ્ઝાયા,
મેં અવલંબ્યા તુજ પાયા રે „ „ –૫

* 卐 *

– ૪ –

સેવો ભવિઅણ જિન ત્રેવીશમો, લંછન નાગ વિખ્યાત,
જલધર સુંદર પ્રભુજીની દેહડી, વામારાણીનો જાત, સેવો૦ ૧

ચઉદિશિ ઘોર ઘટા ઘન શું મિલ્યો, કમઠે રચ્યો જલધાર,
મુશલધારે જલ વરસે ઘણું, જલથલનો નહિ પાર, સેવો૦ ૨

વાલો મારો વડ હેઠે કાઉસ્સગ્ગ રહ્યો, મેરૂતણી પરે ધીર,
ધ્યાન તણી ધારા વાધે તીહાં, ઉંચા ચડીઆં છે નીર, સેવો૦ ૩

અચલ ન ચલીઆ પ્રભુજી માહરા, પામ્યા પમ્યા કેવલનાણ,
સમવસરણ સુર કોડી મિલ્યા તીહાં,
વાગ્યાં વાગ્યાં જીત નિશાન, સેવો૦ ૪

નવ કર ઉંચપણે પ્રભુ ઓપતા, અશ્વસેન રાજાના નંદ,
પ્રગટ પરચો પુરણ પાસજી, દીઠડે હોવે આનંદ, સેવો૦ ૫

એક શત વરસનું આઉખું ભોગવી,
પામ્યા પામ્યા અવિચલ ઋદ્ધિ,
બુધ શ્રી સુમતિવિજય ગુરૂરાયનો, રામ લહે વર સિદ્ધિ, સેવો૦ ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

-૫-

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તમારો,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મમરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો. -૧

સહુકોનાં મનવાંછિત પુરો, ચિંતા સહુની ચૂરો,
એહવું બિરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે. સેવક૦-૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો,
કરૂણાસાગર કેમ કહેવાશો? જો ઉપગાર ન કરશો. સેવક૦-૩

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજે,
ધુંઆડે ધીજું નહિં સાહિબ, પેટ પડયાં પતીજે. સેવક૦-૪

શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો,
કહે જિન હર્ષ મયા કરી મુજને, ભવસાયરથી તારો. સેવક૦-૫

❋ 卐 ❋

-૬-

પ્રભુ જગજીવન જગબંધુ રે, સાંઈ સયાણો રે,
તારી મુદ્રાએ મન મોહ્યું રે, જુઠ ન જાણો રે,
તું પરમાતમ તું પુરૂષોત્તમ, તું પરબ્રહ્મ સ્વરૂપી.
સિદ્ધિ સાધક સિદ્ધાંત સનાતન, તું ત્રય ભાવ પ્રરૂપી રે, સાંઇ૦ ૧

તાહરી પ્રભુતા ત્રિહું જગમાંહે, પણ મુજ પ્રભુતા મોટી,
તુજ સરીખો મહારે મહારાજા; [1]માહરે કાંઇ ન ખોટ રે, સાંઈ૦ ૨

---

૧ 'તારે નથી કોઈ ઓઠી રે.' આવું પાઠાંતર પણ મળે છે. આ પાઠાંતર સારૂં લાગે છે.

Download From : https://PDFSeva.com

તું નિર્દ્રવ્ય પરમપદવાસી, હું તો દ્રવ્યનો ભોગી.
તું નિર્ગુણ હું તો ગુણધારી હું કરમી તું અભોગી રે, સાંઇ૦ ૩

તું તો અરૂપી ને હું રૂપી, હું રાગી તું નીરાગી.
તું નિરવિષ હું તો વિષધારી, હું સંગ્રહી તું ત્યાગી રે, સાંઇ૦ ૪

તાહરે રાજ નથી કોઇ એકે, ચૌદ રાજ છે માહરે રે.
માહરી લીલા આગળ જોતાં, અધિકું શું છે તાહરે રે, સાંઇ૦ ૫

પણ તું મોટો ને હું છોટો, ફોગટ કુલ્યે શું થાય ?
ખમજો એ અપરાધ અમારો, ભક્તિ વશે કહેવાય રે, સાંઇ૦ ૬

શ્રી શંખેશ્વર વામાનંદન, ઉભા ઓલગ કીજે.
રૂપ વિબુધનો મોહન પભણે, ચરણની સેવા દીજે રે, સાંઇ૦ ૭

❋ 卐 ❋

– ૭ –

રાતા જેવાં ફુલડાં, શામળ જેવો રંગ,
આજ તારી આંગીનો કાંઇ રૂડો બન્યો રંગ,
પ્યારા પાસજી હો લાલ, દીન દયાળ, મુને નયણે નિહાળ. ૧

જોગીવાડે જાગતો ને, માતો ધીંગડ મલ્લ,
શામળો સોહામણો કાંઈ, જીત્યા આઠે મલ્લ, પ્યારા૦ ૨

તું છે માહરો સાહિબોને, હું છું તારો દાસ,
આશા પુરો દાસની કાંઇ, સાંભળી અરદાસ, પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એક જ તુ અવલ્લ,
લાખેણું છે લટકું તારૂં, દેખી રીઝે દિલ્લ, પ્યારા૦ ૪

કોઇ નમે પીરને ને, કોઇ નમે રામ,
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમ શું કામ, પ્યારા૦ ૫

Download From : https://PDFSeva.com

– ૮ –

પરમાતમ પરમેસરૂ, જગદીશ્વર જિનરાજ,
જગ બંધવ જગભાણુ, બલીહારી તુમ તણી,
ભવજલધિમાંહી જહાજ, ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ,
અતિશયવંત ભદંત રૂપાળી, શિવવધૂ, પરણી લહી નિજ સિદ્ધિ ૨

જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણુ અનંત,
એમ દાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા, ગુણ તે અનંતાનંત, ૩

બત્રીશવર્ણ સમાય છે, એક જ શ્લોક મોઝાર,
એક વર્ણ પ્રભુ તુજ ન માએ જગતમાં, કેમ કરી થુણીએ ઉદાર, ૪

તુજ ગુણ કોણુ ગણી શકે, જો પણ કેવલ હોય,
આવિર્ભાવથી તુજ સયલ ગુણ માહરે, પ્રચ્છન્નભાવથી જોય, ૫

શ્રી પંચાસરા પાસજી, અરજ કરૂં એક તુજ,
આવિર્ભાવથી થાય દયાળ કૃપાનિધિ, કરૂણા કીજેજી મુજ, ૬

શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ,
પદ્મ વિજય કહે એમ લહું શિવનગરીનું, અક્ષય અવિચલ રાજ, ૭

* 卐 *

– ૯ –

મોહન મુજરો લ્યોને રાજ, તુમ સેવામાં રહીશું,
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી,
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઈન્દ્રાણી. મોહન....૧

ભવપટ્ટણુ ચિહું દિશિ ચારે ગતી, ચોરાશી લાખ ચૌટા,
ક્રોધ માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા. મોહન....૨

મિથ્યા મેતો કુમતિ પુરોહિત, મદનસેનાને તોરે,
લાંચ લઈ લખ લોક સંતાપે, મોહ કંદર્પને જોરે. મોહન....૩

Download From : https://PDFSeva.com

અનાદિ નિગોદનો બંદીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો,
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક વાંકો. મોહન....૪
ભવસ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો,
સ્થાવર વિગલેંદ્રિયપણું ઓળંગી, પંચેદ્રિયપણું લાધ્યો. મોહન....૫
માનવભવ આરજકુલ સદ્ગુરુ,
વિમલબોધ મળ્યો મુજને,
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન....૬
પાટણમાંહે પરમ દયાળુ, જગત વિભૂષણ ભેટયા,
સત્તર બાણું શુભ પરિણામે, કર્મ કઠિન બળ મેટયા. મોહન....૭
સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું,
ખિમાવિજય જિન ચરણ રમણ સુખ,
રાજ પોતાનું લીધું. મોહન....૮

* 卐 *

– ૧૦ –

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં, શીતલ વયણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલ્લસે વયણાં રે,
શંખેશ્વર સાહિબ સાચો,
બીજાનો આશરો કાચો રે, શંખેશ્વર૦ ૧
દ્રવ્યથી દેવ દાનવ પૂજે,
ગુણ શાન્તરૂચિ પણું લીજે,
અરિહા પદ પજજવ છાજે,
મુદ્રા પદ્માસન રાજે રે, શંખેશ્વર૦ ૨
સંવેગે તજી ઘર વાસો,
પ્રભુ પાર્શ્વના ગણધર થાશો,
તવ મુક્તિપુરીમાં જાશો,
ત્રણે લોકમાં વયણે ગવાશો રે, શંખેશ્વર૦ ૩

Download From : https://PDFSeva.com

એમ દામોદર જિન વાણી,
આષાઢી શ્રાવકે જાણી,
જિન વંદી નિજ ઘર આવે,
પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે, શંખેશ્વર૦ ૪
ત્રણ કાલ તે ધૂપ ઉખેવે,
ઉપકારી શ્રી જિન સેવે,
પછી તેહ વૈમાનિક થાવે,
તે પ્રતિમા પણ તીહાં લાવે રે, શંખેશ્વર૦ ૫
ઘણા કાળ પૂજી બહુમાને,
વળી સૂરજ ચન્દ્ર વિમાને,
નાગલોકના કષ્ટ નિવાર્યા
જ્યારે પ્રભુ પાર્શ્વ પધાર્યા રે, શંખેશ્વર૦ ૬
યદુ સૈન્ય રહ્યું રણ ઘેરી,
જીત્યા નવિ જાએ વૈરી,
જરાસંઘે જરા તવ મેલી,
હરિ બલ વિના સઘળે ફેલી રે, શંખેશ્વર૦ ૭
નેમીશ્વર ચોકી વિશાલી,
અઠ્ઠમ કરે વનમાલી,
તુઠી પદ્માવતી બાલી,
આપે પ્રતિમા ઝાકઝમાલી રે, શંખેશ્વર૦ ૮
પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી,
બળવંત જરા તવ ધ્રુજી,
છંટકાવ ન્હવણ જળ જોતી,
જાદવની જરા જાય રોતી રે, શંખેશ્વર૦ ૯

Download From : https://PDFSeva.com

શંખપુરી સહુને જગાવે,
શંખેશ્વર ગામ વસાવે,
મંદિરમાં પ્રભુ પધરાવે,
શંખેશ્વર નામ ધરાવે રે, શંખેશ્વર૦ ૧૦
રહે જે જિનરાજ હજુરે,
સેવક મનવાંછિત પુરે,
એ પ્રભુજીને ભેટણુ કાજે,
શેઠ મોતીભાઇને રાજે રે, શંખેશ્વર૦ ૧૧
નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ,
રાજનગરથી સંઘ ચલાવે,
ગામે ગામના સંઘ મિલાવે રે, શંખેશ્વર૦ ૧૨
અઢાર અઠ્ઠોત્તેર વરસે, ફાગણ વદિ તેરશ દિવસે,
જિન વંદી આનંદ પાવે,
શુભ વીર વચન રસ ગાવે રે, શંખેશ્વર૦ ૧૩

* 卐 *

-૧૧-

પરમ પુરૂષ પરમાતમા સાહેબજી, પુરૂષાદાણી પાસ હો,
શિવ સુખરા ભ્રમર થાંશુ વિનતિ સાહેબજી
અવસર પામી બોલશું સા૦, સફળ કરો અરદાસ હો, શિવ૦ ૧
હોય નંદન મોહ ભૂપરા સા૦, તેણે કર્યો જગ ધંધોળ હો, શિવ૦
દ્વેષ કરી રાગ કેસરી સા૦, તેહના રાણા સોળ હો, શિવ૦ ૨
મિથ્યા મહેતો આગળે સા૦, કામ કટક સરદાર હો, શિવ૦
ત્રણ રૂપ કરી તે રમે સા૦, હાસ્યાદિક પરિવાર હો, શિવ૦ ૩

Download From : https://PDFSeva.com

મોહ મહીપરા જોરથી સા૦, જગ સઘળો કર્યો જેર હો, શિવ૦
હરિહર સુરનર સહુ નમ્યા સા૦, જકડી કર્મની ઘેર હો, શિવ૦ ૪
ભવ સ્થિતિ ચઉગતિ ચોકમાં સા૦, લોક કરે પોકાર હો, શિવ૦
આપ ઉદાસી હુઈ રહ્યા સા૦, ઇમ કેમ રહેશ્યે કાર હો, શિવ૦ ૫
ક્ષપક શ્રેણીરી ગજ ઘટા સા૦, હલકારો અરિંહત હો, શિવ૦
નાણુ ખડગ મુજ કર દીઓ સા૦, ક્ષણુમાં કરૂં અરિહંત હો, શિવ૦ ૬
કરૂણા નયણ કટાક્ષથી સા૦, રિપુદળ થાયે વિસરાલ હો, શિવ૦
ખિમાવિજય જિન સંપદા સા૦, પ્રગટે ઝાકઝમાલ હો, શિવ૦ ૭

卐

- ૧૨ -

શ્રી ચિંતામણી પાસજી, વાત સુણો એક મોરી રે,
મારા મનના મનોરથ પૂરજો,
હું તો ભકિત ન છોડું તોરી રે, શ્રી૦ ૧
માહરી ખીજમતમાં ખામી નહિં,
તાહરે ખોટ ન કાંઇ ખજાને રે,
હવે દેવાની શી ઢીલ છે ? કહેવું તે કહીએ થાંને રે, શ્રી૦ ૨
તેં ઉરણુ સવિ પૃથિવી કરી, ધન વરસી વરસી દાને રે,
માહરી વેળા શું એહવા, દીઓ વાંછિત વાળો વાન રે, શ્રી૦ ૩
હું તો કેડ ન છોડું તાહરી,
આપ્યા વિણુ શિવસુખ સ્વામી રે,
મુરખ તે ઓછે માનશે, ચિંતામણી કરતલ પામી રે, શ્રી૦ ૪
મત કહેશ્યો તુજ કરમે નથી,
કરમે છે તો તું પામ્યો રે,
મુજ સરીખા કીધા મોટકા,
કહો તેણે કાંઈ તુજ થામ્યો રે, શ્રી૦ ૫

Download From : https://PDFSeva.com

કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે,
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબળ વિશ્વાસો રે, શ્રી૦ ૬
અમે ભકતે મુક્તિને ખેંચશું,
જીમ લોહને ચમકપાષાણો રે,
તુમે હેજે હસીને દેખશો, કહેશો સેવક છે સપરાણો રે, શ્રી૦ ૭
ભકિત આરાધ્યા ફળ દીએ, ચિંતામણી પણ પાષાણો રે,
વળી અધિકું કાંઇ કહાવશો,
એ ભદ્રક ભકિત તે જાણો રે, શ્રી૦ ૮
બાળક તે જીમ તીમ બોલતો,
કરે લાડ તાતને આગે રે,
તે તેહશું વાંછિત પૂરવે, બની આવે સઘળું રાગે રે, શ્રી૦ ૯
માહરે બનનારૂં તે બન્યું જ છે,
હું તો લોકને વાત શીખાવું રે,
વાચક જશ કહે સાહિબા, એ ગીતે તુમ ગુણ ગાવું રે. શ્રી ૧૦

Download From : https://PDFSeva.com

# ભગવાન મહાવીર પ્રભુનાં સ્તવનો

-૧-

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિરનામી,
કંત જસોદા નારીનો, જિન શિવગતી પામી. શ્રી મહાવીર...૧

ભગિની જાસ સુંદસણા, નંદિવર્ધન ભાઇ,
હરિ લંછન હેજાલુઓ, સહુને સુખદાઇ. શ્રી મહાવીર...૨

સિદ્ધારથ ભૂપતિ તણો, સુત સુંદર સોહે,
નંદન ત્રિશલા દેવીનો, ત્રિભુવન મન મોહે. શ્રી મહાવીર...૩

એકશત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે
પુન્ય પાપ ફળ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. શ્રી મહાવીર...૪

ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર,
સોળ પહોર દીએ દેશના, કરે ભવી ઉપગાર. શ્રી મહાવીર...૫

સર્વાર્થ સિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી,
યોગ નિરોધ કરે તીહાં શિવની નિસરણી. શ્રી મહાવીર...૬

સ્વાતિ નક્ષત્ર ચંદ્રમા, શુભ યોગે આવે,
અજરામર પદ પામીઆ, જય જય રવ થાવે. શ્રી મહાવીર...૭

ચોસઠ સુરવર આવીઆ, જિન અંગ પખાલી,
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાલી. શ્રી મહાવીર...૮

લાખ કોડી ફળ પામીએ, જિન ધ્યાને રહીએ,
ધીરવિમલ કવિરાયનો, જ્ઞાનવિમલ કહીએ. શ્રી મહાવીર...૯

Download From : https://PDFSeva.com

- ૨ -

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર,
ભવ મંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ સિદ્ધા૦ ૧
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ,
દાન દીઅંતાં રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ, સિદ્ધા૦ ૨
ચરણ અંગુઠે રે મેરૂ કંપાવીઓ, મોડયાં સુરનાં રે માન,
અષ્ટ કરમનારે ઝઘડા જીતવા, દીધાં વરસી રે દાન, સિદ્ધા૦ ૩
શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કુખે રતન,
સિદ્ધારથનો રે વંશ દીપાવીઓ, પ્રભુજી તમે ધન ધન, સિદ્ધા૦ ૪
વાચક શેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય,
ધર્મ તણે રસે જિન ચોવીશના, વિનય વિજય ગુણ ગાય, સિદ્ધા૦ ૫

❀ 卐 ❀

- ૩ -

ગિરૂઆ રે ગુણ તુમ તણા,
શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમી ઝરે,
મ્હારી નિર્મળ થાએ કાયા રે, ગિરૂઆ૦ ૧
તુમ ગુણ ગણ ગંગા જળે,
હું ઝીલી નિર્મળ થાઉં રે,
અવર ન ધંધો આદરૂં,
નિશદિન તોરા ગુણ ગાઉં રે, ગિરૂઆ૦ ૨
ઝીલ્યા જે ગંગા જળે,
તે છિલ્લર જળ નવિ પેસે રે,
જે માલતી ફુલે મોહીઓ,
તે બાઉલ જઇ નવિ બેસે રે, ગિરૂઆ૦ ૩

Download From : https://PDFSeva.com

એમ અમે તુમ ગુણ ગોઠશું,
રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પરસુર આદરે,
જે પરનારી વશ રાચ્યા રે, ગિરૂઆ૦ ૪
તું ગતિ તું મતિ આશરો,
તું આલંબન મુજ પ્યારો રે,
વાચક યશ કહે માહરે,
તું જીવ જીવન આધારો રે, ગિરૂઆ૦ ૫

* 卐 *

-૪-

વીર જીણંદ જગત ઉપગારી, મિથ્યા ધામ નિવારીજી,
દેશના અમૃત ધારા વરસી, પરપરિણતિ સવિ વારીજી, વીર૦ ૧
પાંચમે આરે જેહનું શાસન, દોય હજારને ચારજી,
યુગપ્રધાન સૂરીશ્વર વહેશે, સુવિહિત મુનિ આધારજી, વીર૦ ૨
ઉત્તમ આચારજ મુનિ અજ્જા, શ્રાવક શ્રાવિકા અચ્છજી,
લવણજલધિ માંહે મીઠું જળ, પીવે શૃંગી મચ્છજી, વીર૦ ૩
દશ અચ્છેરે દૂષિત ભરતે, બહુ મત ભેદ કરાલજી,
જિન કેવલી પૂરવધર વિરહે, ફણી સમ પંચમ કાલજી, વીર૦ ૪
તેહનું ઝેર નિવારણ મણિ સમ,
તુજ આગમ તુજ બિંબજી,
નિશિ દીપક પ્રવહણ જીમ દરીએ, મરૂમાં સુરતરૂ લુંબજી, વીર૦ ૫
જિનાગમ વકતા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી,
કલિકાળે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી, વીર૦ ૬
મારે તો સુષમાંથી દુષમાં, અવસર પુણ્ય નિધાનજી,
ક્ષમાવિજય જિન વીરસદાગમ, પામ્યો સિદ્ધિ નિદાનજી, વીર૦ ૭

Download From : https://PDFSeva.com

- ૫ -

આજ જિનરાજ મુજ કાજ સિધ્ધ્યાં સર્વે,
તું કૃપા કુંભ જો મુજ તુઠયો,
કલ્પતરૂ, કામઘટ, કામધેનુ મિલ્યો,
આંગણે અમીયરસ મેહુ વુઠો.....આજ-૧

વીર તું કુંડપુરનયર ભૂષણ હુઓ,
રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજો,
સિંહ લછન કનકવર્ણ કર સપ્તતનુ,
તુજ સમો જગતમાં કો ન દુજો.....આજ-૨

સિંહપરે એકલો ધીર સંયમ ગ્રહી,
આયુ બહોંતેર વર્ષ પૂર્ણ પાળી,
પુરી અપાપાયે નિષ્પાપ શિવવધૂ વર્યાં,
તીહાં થકી પર્વ પ્રગટી દિવાળી.....આજ-૩

સહસ તુજ ચૌદ મુનિવર મહાસંયમી,
સાહૂણી સહસ છત્રીશ રાજે,
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી,
સકલ તુજ ભવિકની ભીતિ ભાંજે.....આજ-૪

તુજ વચન રાગ સુખ સાગરે ઝીલતો,
પીલતો મોહ મિથ્યાત્વ વેલી,
આવીઓ ભાવીઓ ધર્મપથ હું હવે,
દીજીએ પરમપદ હોઇ બેલી.....આજ-૫

સિંહ નિશદિહ જો હૃદયગિરિ મુજ રમે,
તું સુગુણલીહ અવિચલ નિરીહો,
તો કુમતરંગ માતંગના જૂથથી,
મુજ નહી કોઈ લવલેશ બીહો.....આજ-૬

Download From : https://PDFSeva.com

ચરણ તુજ શરણ મેં ચરણ ગુણનિધિ ગ્રહ્યા,
ભવતરણ કરણદમ શર્મ દાખો,
હાથ જોડી કહે જસ વિજય બુધ ઇશ્યું,
દેવ નિજ ભવનમાં દાસ રાખો.....આજ–૭

* 卐 *

– ૬ –

વંદો વીર જિનેશ્વર રાયા, ત્રિશલાદેવીના જાયા રે,
હરિ લંછન કંચનવર્ણ કાયા, અમર વધૂ હુલરાયા રે, વંદો૦ ૧
બાલપણે સુરગિરિ ડોલાયા, અહિ વેતાલ હરાયા રે,
ઇન્દ્ર કહણ વ્યાકરણ નિપાયા, પંડિત વિસ્મય પાયા રે, વંદો૦ ૨
ત્રીશ વરસ ઘરવાસ વસાયા, સંયમ શું દિલ લાયા રે,
બાર વરસ તપી કર્મ ખપાયા, કેવલનાણ ઉપાયા રે, વંદો૦ ૩
ક્ષાયિક ઋદ્ધિ અનંતી પાયા,
અતિશય અધિક સોહાયા રે,
ચાર રૂપ કરી ધર્મ બતાયા,
ચઉવિહ સુર ગુણ ગાયા રે, વંદો૦ ૪
તીન ભુવન મેં આણ મનાયા,
દશ દોય છત્ર ધરાયા રે,
રૂપ કનક મણિગઢ વિરચાયા, નિર્ગ્રન્થ નામ ધરાયા રે, વંદો૦ ૫
રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુભિ નાદ બજાયા રે,
દાનવ માનવ વાસવ આયા, ભક્તે શીષ નમાયા રે, વંદો૦ ૬
પ્રભુ ગુણ ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે,
પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક જિન ગુણ ગાયા રે, વંદો૦ ૭

Download From : https://PDFSeva.com

- ૭ -

ના રે પ્રભુ નહીં માનું, નહીં માનું રે અવરની આણ, ના રે પ્રભુ૦
માહરે તાહરૂં વચન પ્રમાણ, ના રે પ્રભુ૦

હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે,
ભામિની ભ્રમર ભ્રકુટીએ ભુલ્યા, તે મુજને ન સોહાય, ના રે પ્રભુ૦ ૧

કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઇક લોભી દેવ રે,
કેઇક મદ મયાના ભરીઆ, કીમ કરીએ તસુ સેવ, ના રે પ્રભુ૦ ૨

મુદ્રા પણ તેહમાં નવિ દીશે, પ્રભુ તુજ માંહેલી તિલ માત્ર રે,
જે દેખી દિલડું નવિ રીઝે, શી કરવી તસ વાત, ના રે પ્રભુ૦ ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર રે,
રાત દિવસ સ્વપ્નાંતરમાંહી, તુ માહરે નિરધાર, ના રે પ્રભુ૦ ૪

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાળ રે,
જગ બંધવ એ વિનંતિ મારી, માહરાં સવિ દુઃખ દૂરે ટાળ,
ના રે પ્રભુ૦ ૫

ચોવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદ રે,
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિહી આનંદ, ના રે પ્રભુ૦ ૬

સુમતિવિજય કવિરાયનો રે, રામવિજય કર જોડ રે,
ઉપગારી અરિહંતજી માહરા, ભવોભવના બંધ છોડ, ના રે પ્રભુ૦ ૭

* 卐 *

- ૮ -

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે,
વીર મને તારો, મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારો રે,
પરિભ્રમણ મેં અનંતાં રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે,
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન,
અમે તો અનંતા ભવ ભમ્યારે, વીર૦ ૧

Download From : https://PDFSeva.com

તમે અમે વાર અનંતી ભેળા, રમીઆ સંસારી પણે રે,
તેહ પ્રીત જો પુરણ પાળો, તો હમને તુમ સમ કરો રે,
વીર૦ ૨

તુમ સમ હમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે,
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે,
વીર૦ ૩

ઇન્દ્રજાળીઓ કહેતો રે આવ્યો, ગણધરપદ તેહને દીયો રે,
અર્જુનમાળી જે ધુર પાપી, તેહને જિન તમે ઉદ્ધર્યો રે,
વીર૦ ૪

ચંદનબાળાએ અડદના બાકુલ, પડિલાભ્યા તમને પ્રભુ રે,
તેહને સાહુણી સાચી રે કીધી, શિવવધૂ સાથે ભેળવી રે,
વીર૦ ૫

ચરણે ચંડકોશીઓ ડસીઓ, કલ્પ આઠમે તે ગયો રે,
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને,
આવી તુમ સનમુખ રહ્યો રે, વીર૦ ૬

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે,
ભેદ ભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશું રે,
વીર૦ ૭

વહેલા મોડા તુમહી જ તારક, હવે વિલંબ શા કારણે રે ?
જ્ઞાનતણાં ભવના પાપ મિટાવો,
વારી જાઉં વીર તોરા વારણે રે, વીર૦ ૮

Download From : https://PDFSeva.com

-૯-

જગપતિ તું તો દેવાધિદેવ, દાસનો દાસ છું તાહરો,
,, તારક તું કીરતાર, મનમોહન પ્રભુ માહરો.-૧
,, તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી,
,, વીરમાં તું મહાવીર, મુરતિ તાહરી સોહામણી.-૨
,, ત્રિશલા રાણીનો તું તન, ગંધાર બંદરે ગાજીઓ,
,, સિદ્ધારથ કુલ શણગાર, રાજરાજેશ્વર રાજીઓ.-૩
,, ભક્તોની ભાંગે તું ભીડ, પીડ પરાઈ પ્રભુ પારખે,
,, તુંહી પ્રભુ અગમ અપાર,
સમજ્યો ન જાય મુજ સારીખે.-૪
,, ખંભાત જંબુસર સંઘ, ભગવંત ચોવીશમો ભેટીઓ,
,, ઉદય નમે કરજોડ, સત્તર નેવું સંઘ સમેટીઓ.-૫

卐

-૧૦-

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે,
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીન પર દયા કીજે. તાર-૧
રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડયો,
લોકની રીતિમાં ઘણું એ રાતો,
ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષય માતો. તાર-૨

Download From : https://PDFSeva.com

આદર્યું આચરણુ લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણુ કાંઇ કીધો,
શુદ્ધ શ્રદ્ધાન વળી આત્મ અવલંબ વિનુ,
તેહવો કાર્ય તેણે કો ન સીધો. તાર-૩

સ્વામિ દરિસણુ સમો નિમિત્ત લહી નિમંળો,
જો ઉપદાન એ શુચિ ન થાશે,
દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,
સ્વામિ સેવા સહી નિકટ લાશે. તાર-૪

સ્વામિ ગુણુ ઓળખી સ્વામિને જે ભજે,
દરિસણુ શુદ્ધતા તેહ પામે,
જ્ઞાન ચારિત્ર તપવીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે. તાર-૫

જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણુને શરણુ વાસ્યો.
તારજો બાપજી બિરૂદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તાર-૬

વિનતિ માનજો, શક્તિ મુજ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે,
સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તાર-૭

Download From : https://PDFSeva.com

-૧૧-

માતા ત્રિશલાનંદકુમાર, જગતનો દીવો રે,
મારા પ્રાણ તણો આધાર, વીર ઘણું જીવો રે,
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામી રે,
સુણજો ને સ્વામી આતમરામી, વાત કહું શિરનામી રે, વીર૦ ૧
સુધર્મા સુરલોકે રહેતા, અમે મિથ્યાત્વ ભરાણા રે,
નાગદેવની પૂજા કરતાં, શિર ન ધરી પ્રભુ આણા રે, વીર૦ ૨
એક દિન ઈન્દ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલે રે,
ધીરજબલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલે રે, વીર૦ ૩
સાચું સાચું સહુ સુર બોલ્યા, પણ મેં વાત ન માની રે,
ફણિધર ને લઘુ બાળક રૂપે, રમત રમીઓ છાની રે, વીર૦ ૪
વર્ધમાન તુજ ધૈર્ય જ મોટું, બલમાં પણ નહિં કાચું રે,
ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે, વીર૦ ૫
એક જ મુષ્ટિ પ્રહારે માહરૂં, મિથ્યાત્વ ભાગ્યું જાય રે,
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહીં થાય રે, વીર૦ ૬
આજ થકી તું સાહિબ માહરો, હું છું સેવક તારો રે,
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણ થકી તું પ્યારો રે, વીર૦ ૭
મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગે સિધાવે રે,
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઈન્દ્રસભા ગુણ ગાવે રે, વીર૦ ૮
પ્રભુ મલપતા નિજઘર આવે, સરખા મિત્ર સોહાવે રે,
શ્રી શુભ વીરનું મુખડું દેખી, માતાજી સુખ પાવે રે, વીર૦ ૯

卐

Download From : https://PDFSeva.com

-૧૨-

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાંના ગીત,
સોના રૂપા ને વળી રતને જડીઉં પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત,
હાલો હાલો હાલો હાલો મારા નંદને, હાલો૦ ૧
જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે અંતરે,
હોશે ચોવીશમા તીર્થંકર જિન પરમાણ,
કેશીસ્વામી મુખથી એવી વાણી સાંભળી,
સાચી સાચી હુઇ તે મારે અમૃત વાણ, હાલો૦ ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિં હવે ચક્રીરાજ,
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
તેહને વચણે જાણ્યા ચોવીશમા જિનરાજ,
મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ,
મારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્યપનોતી ઈન્દ્રાણી થઈ આજ, હાલો૦ ૩
મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું, ચામર છત્ર ધરાય,
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય, હાલો૦ ૪

Download From : https://PDFSeva.com

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહુથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ,
નંદન જમણી જંઘે લંછન સિંહ વિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વિસવાવીશ, હાલો૦ ૫

નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઇઓના દીઅર છો સુકુમાલ,
હસશે ભોજાઇઓ કહી દીઅર મારા લાડકા,
હસશે રમશેને વળી ચુંટી ખણશે ગાલ,
હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ, હાલો૦ ૬

નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો,
નંદન મામલીઆના ભાણેજા સુકુમાલ,
હસશે હાથે ઉછાળી, કહીને નાના ભાણુજા,
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ, હાલો૦ ૭

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડીઆં ઝાલર મોતી કસબી કોર,
લીલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતીનાં,
પહેરાવશે મામી મારા નંદકીશોર, હાલો૦ ૮

નંદન મામા મામી સુખડલી સહુ લાવશે.
નંદન ગજવે ભરશે લાડુ મોતીચુર,
નંદન મુખડા જોઇને લેશે મામી ભામણા,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર, હાલો૦ ૯

Download From : https://PDFSeva.com

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બેન તમારી નંદ,
તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે.
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ, હાલો૦ ૧૦

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો
વળી શુડા મેના પોપટ ને ગજરાજ
સારસ હંસ કોયલ તેતરને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ, હાલો૦ ૧૧

છપ્પન કુમરી અમરી જળ કલશે નવરાવીઆ,
નંદન તમને અમને કેલીઘરની માંહી,
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી. હાલો૦ ૧૨

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,
નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય,
મુખડા ઉપર વારૂ કોટી કોટી ચંદ્રમા,
વળી તન પર વારૂ ગ્રહગણનો સમુદાય. હાલો૦ ૧૩

નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ,
પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું,
સુખડલી લેશું નિશાળીઆને કાજ. હાલો૦ ૧૪

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર,

Download From : https://PDFSeva.com

સરખા વેવાઇ વેવાણુંને પધરાવશું,
વરવહૂ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાલો૦ ૧૫
પીઅર સાસરા મારાં બેઉ પખ નંદન ઉજળાં,
મારી કુખે આવ્યા તાત પનોતા નંદ,
મારે આંગણે વુઠા અમૃત દુધે મેહુલા,
મારે આંગણે ફળીઆ સુરતરૂ સુખના કંદ. હાલો૦ ૧૬
એણીપેરે ગાયું માતા ત્રિશલાસુતનું પારણું,
જે કોઇ ગાશે લેશે પુત્રતણાં સામ્રાજ,
બીલ્લીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૭

* 卐 *

– ૧૩ –

જય જિનવર જગ હિતકારી રે, કરે સેવા સુર અવતારી રે,
ગૌતમ પમુહા ગણધારી, સનેહી વીરજી જયકારી રે, –૧
અંતરંગ રિપુને ત્રાસે રે, તપ કોપાટોપે વાસે રે,
લહ્યું કેવલનાણ ઉલ્લાસે, સનેહી૦ –૨
કટીલંકે વાદ વદાય રે, પણ જિન સાથે ન ઘટાય રે,
તેણે હરિ લંછન પ્રભુ પાય, સનેહી૦ –૩
સવિ સુરવહૂ થેઈ થેઇ કારા રે, જલપંકજની પરે ન્યારા રે,
તજી તૃષ્ણા ભોગવિકારા, સનેહી૦ –૪

Download From : https://PDFSeva.com

પ્રભુ દેશના અમૃતધારા રે, જિનધર્મ વિષે રથકારા રે,
જેણે તાર્યા મેઘકુમારા, સનેહી૦ -૫

ગૌતમને કેવલ આલી રે, વર્યા સ્વાતીએ શિવ વરમાલી રે,
કરે ઉત્તમલોક દીવાલી, સનેહી૦ -૬

અંતરંગ અલચ્છી નિવારી રે, શુભ સજ્જનને ઉપગારી રે,
કહે વીર વિભુ હિતકારી, સનેહી૦ -૭

❋ 卐 ❋

- ૧૪ -

વીર જિનેશ્વર સાહિબ મેરા, પાર ન લહું તેરા,
મહેર કરી ટાળો મહારાજજી, જન્મ મરણના ફેરા,
હો જિનજી, અબ હું શરણે આયો૦ ૧

ગરભાવાસ તણાં દુઃખ મોટાં, ઉંધે મસ્તક રહીઓ,
મળ મૂત્રમાંહે લપટાણો,
એહવાં દુઃખ મેં સહીઆ, હો જિનજી૦ ૨

નરક નિગોદમાં ઉપન્યોને ચવીઓ, સૂક્ષ્મ બાદર થઇઓ,
વીંધાણો સુઇને અગ્રભાગે,
માન તીહાં કીહાં રહીઓ, હો જિનજી૦ ૩

નરક તણી વેદના અતિ ઉલ્લસી, સહી તે જીવે બહુ,
પરમાધામીને વશ પડીઓ, તે જાણો તુમે સહુ, હો જિનજી૦ ૪

તિર્યંચ તણાં ભવ કીધાં ઘણેરા, વિવેક નહીંય લગાર,
નિશિ દિનનો વ્યવહાર ન જાણ્યો,
કેમ ઉતરાયે પાર, હો જિનજી૦ ૫

Download From : https://PDFSeva.com

દેવ તણી ગતિ પુન્યે હું પામ્યો વિષયારસમાં ભીનો,
વ્રત પચ્ચક્ખાણ ઉદય નવી આવ્યા,
તાન માન માંહે લીનો, હો જિનજી૦ ૬

મનુષ્યજન્મ ને ધર્મ સામગ્રી, પામ્યો છું બહુ પુણ્યે,
રાગ દ્વેષમાંહે બહુ ભળીઓ,
ન ટળી મમતા બુદ્ધિ, હો જિનજી૦ ૭

એક કંચનને બીજી કામિની, તેહશું મનડું બાંધ્યું,
તેહનાં ભોગ લેવાને હું શૂરો,
કેમ કરી જિન ધર્મ સાધું, હો જિનજી૦ ૮

મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છું કોક જડ જેવો,
કલિ કલિ કલ્પ મેં જન્મ ગમાયો,
પુનરપિ પુનરપિ તેહવો, હો જિનજી૦ ૯

ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી,
હવે વડાઇ જોઇએ તમારી,
ખીજમતમાંહી છે ખામી, હો જિનજી૦ ૧૦

ચાર ગતિ માંહે રડવડીઓ, તો એ ન સિધ્યાં કાજ,
ઋષભ કહે તારો સેવકને, બાંહગ્રહ્યાની લાજ, હો જિનજી૦ ૧૧

Download From : https://PDFSeva.com

# શ્રી ચોવીશ જિનેશ્વરનું સ્તવન

- ૧ -

ભવિ તુમે વંદો રે, ચોવીશે જિન ચંદા,
ગુણ ગણ કંદો રે, નમતાં જાય ભવ ફંદા,
ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતીનાથ સુખકંદા ભવિ૦- ૧
પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ, સુવિધિ શીતલ સ્વામી,
શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત પ્રભુ,
ધર્મનાથ સુખધામી ભવિ૦- ૨
પાંચમા છઠ્ઠા સાતમા ચક્રી, શાંતિ કુંથુ અર દેવા,
એકજ ભવ માંહે હોય પદવી, એ પુણ્ય પ્રકૃતિના મેવા. ભવિ૦- ૩
મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ, પુરૂષાદાની પાસ,
વર્ધમાન જિનવરને નામે, વર્ધમાન સુખવાસ. ભવિ૦- ૪
પુંડરીક પમુહા ગણધારી, ચૌદસયાં બાવન્ન,
લાખ અઠ્ઠાવીશ સહુસ અડયાલીશ, મુનિવર પાવન મન્ન. ભવિ૦- ૫
એક લાખ હજાર છહોતેર, એકસો કેવલનાણી,
એક લાખ ને તેત્રીશ સહુસા, ચઉસય અવધિ વરનાણી. ભવિ૦- ૬
મનઃપર્યવ નાણી એક લાખને, અધિકા સહુસ પણયાલા.
પાંચસો એકાણું નિત્ય નમીએં, ચરણ કમલ સુંહાલા. ભવિ૦- ૭
તેત્રીશ સહુસ નવસેં અઠ્ઠાણું, ચૌદહ પુરવધારી,
દો લખ સહુસ પણયાલ બસેં અડ, વૈક્રિય લબ્ધિ ભંડારી. ભવિ૦- ૮
એક લખ છવ્વીશ ને દો સય, વાદી સુત વિસ્તારી,
જિનમત સ્થાપન કુમત ઉત્થાપન, મયગલ જેમ મદધારી. ભવિ૦- ૯

Download From : https://PDFSeva.com

ઓગણીશ લાખને છયાસી સહસા, એકાવન અધિકેરા,
સવિ જિનના સામાન્ય મુનીશ્વર, ટાળ્યા ભવભય ફેરા. ભવિ૦-૧૦
લાખ ચુમ્માલીસ સહસ છેતાલીશ, ચઉસયાં ષટવંદા,
સાધ્વીનો પરિવાર મનોહર, પ્રણમી પાપ નિકંદો. ભવિ૦-૧૧
લાખ પંચાવન સહસ અડયાલીશ, શ્રાવક સમકિતધારી,
એક ક્રોડ પણ લખ અડત્રીશ સહસા,
શ્રાવિકા શુદ્ધ વિચારી. ભવિ૦-૧૨
ચોવીશે જિનનો પરિકર, પ્રહ ઉઠી પ્રણમીજે,
ખિમા વિજય પંડિત ગુણઠાણે, જિનપદ રંગ નમીજે. ભવિ૦-૧૩

| | | | |
|---|---|---|---|
| ગણધર | ૧૪૫૨ | વૈક્રિય લબ્ધિધારી | ૨૪૫૨૦૮ |
| કેવલનાણી | ૧૭૬૧૦૦ | વાદી | ૧૨૬૨૦૦ |
| અવધિજ્ઞાની | ૧૩૩૪૦૦ | સામાન્ય મુનીશ્વર | ૧૯૮૬૦૫૧ |
| ચૌદ પૂર્વધર | ૩૩૯૯૮ | | |
| મનઃપર્યવજ્ઞાની | ૧૪૫૫૯૧ | | |

ચોવીશ જિનેશ્વરના મુનિઓની કુલ સંખ્યા ૨૮,૪૮,૦૦૦

Download From : https://PDFSeva.com

# શ્રી જિન પંચક સ્તવન

પંચ પરમેશ્વરા પરમ અલવેસરા,
વિશ્વ વાલેસરા વિશ્વ વ્યાપી,
ભક્તવત્સલ પ્રભુ ભક્તજન ઉદ્ધરી,
મુક્તિપદ જે વર્યા કર્મ કાપી, પંચ૦ ૧

વૃષભ અંકિત પ્રભુ ઋષભ જિન વંદીએ,
નાભિ મરૂદેવીનો નંદ નીકો,
ભરત ને બ્રાહ્મીના તાત ભુવનાંતરે,
મોહમદ ગંજણો મુક્તિ ટીકો; પંચ૦ ૨

શાન્તિ વર આપવા શાન્તિ પદ સ્થાપવા,
અદ્ભુત કાન્તિ પ્રભુ શાન્તિ સાચો,
મૃગાંક પારાપત શ્યેનથી ઉદ્ધરી,
જગપતિ જે થયો જગત જાચો, પંચ૦ ૩

નેમ બાવીશમા શંખ લંછન નમું,
સમુદ્રવિજય અંગજ અનંગ જીતી,
રાજકન્યા તજી સાધુ મારગ ભજી,
જાતિ જેણે કરી જગ વિદિતી, પંચ૦ ૪

પાસ જિનરાજ અશ્વસેન કુલ ઉપન્યો,
જનની વામા તણો જેહ જાયો,
આજ ખેટકપુરે કાજ સિધ્યાં સવે,
ભીડભંજન પ્રભુ જે કહાયો, પંચ૦ ૫

Download From : https://PDFSeva.com

વીર મહાવીરજી સર્વ વીર શિરોમણી,
રણવટ મોહભટ માન મોડી.
મુક્તિગઢ આસીઓ, જગત ઉપાસીઓ,
તેહ નિત્ય વંદીએ હાથ જોડી, પંચ૦ ૬
માત ને તાત અવદાત એ જિન તણાં,
ગામ ને ગોત્ર પ્રભુ નામ થુણતાં,
ઉદયવાચક વદે ઉદયપદ પામીએ,
ભાવે જિનરાજની કીર્તિ ભણતાં, પંચ૦ ૭

卐

Download From : https://PDFSeva.com

# શ્રી સિદ્ધચક્ર સ્તવન

સિદ્ધચક્ર વર સેવા કીજે, નરભવ લાહો લીજેજી,
વિધિપૂર્વક આરાધના કરતાં, ભવોભવ પાતક છીજે,
ભવિજન ભજીએજી, અવર અનાદિની ચાલ,
નિત નિત તજીએજી,૦ ૧

દેવના દેવ દયાકર ઠાકર, ચાકર સુરનર ઇંદાજી,
ત્રિગડે ત્રિભુવન નાયક બેઠા, પ્રણમો શ્રી જિન ચંદા,
ભવિજન૦ ૨

અજ અવિનાશી અકલ અજરામર, કેવલ દંસણ નાણીજી,
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણી,
ભવિજન૦ ૩

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્રરાજ યોગ પીઠજી,
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઈઠ્ઠ,
ભવિજન૦ ૪

અંગ ઉપાંગ નંદી અનુયોગા, છ છેદને મૂલ ચારજી,
દશ પયન્ના એમ પણયાલીશ, પાઠક તેહના ધાર,
ભવિજન૦ ૫

વેદ ત્રણ ને હાસ્યાદિક ષટ, મિથ્યાત્વ ચાર કષાયજી,
ચૌદ અભ્યન્તર નવવિધ બાહ્યની, ગ્રન્થિ તજે મુનિરાય,
ભવિજન૦ ૬

ઉપશમ ક્ષયઉપશમ ને ક્ષાયિક, દર્શન ત્રણ પ્રકારજી,
શ્રદ્ધા પરિણુતિ આતમ કેરી, નમીએ વારંવાર,
ભવિજન૦ ૭

Download From : https://PDFSeva.com

અઠ્ઠાવીશ ચૌદ ષટ દુગ એક, મત્યાદિકના જાણુજી,
એમ એકાવન ભેદે પ્રણુમો, સાતમે પદ વરનાણુ,
ભવિજન૦ ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદ, ચારિત્ર છે વ્યવહારેજી,
નિજગુણ સ્થિરતા ચરણુ તે પ્રણુમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે,
ભવિજન૦ ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી,
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ,
ભવિજન૦ ૧૦

એ નવપદમાં પણુ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી,
દેવ ગુરૂ ને ધર્મ છે એહમાં, દો તીન ચાર પ્રકાર,
ભવજિન૦ ૧૧

મારગદેશક અવિનાશીપણું, આચાર વિનય સંકેતેજી,
સહાયપણું ધરતા સાધુજી, પ્રણુમો એહી જ હેતે,
ભવિજન૦ ૧૨

વિમલેશ્વર સાનિધ્ય કરે તેહને, ઉત્તમ જેહ આરાધેજી,
પદ્મવિજય કહે તે ભવિ પ્રાણી,
નિજ આતમ હિત સાધે, ભવિજન૦ ૧૩

Download From : https://PDFSeva.com

# સામાન્ય જિન સ્તવન

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ, મનમાં.
જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુઃખ રાશ,
રંજણો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનો પાશ, મનમાં. ૧

આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર,
ભવ ભ્રમ સવિ ભાંજી ગયા, તુંહી ચિદાનંદ સનૂર, મનમાં. ૨

વીતરાગ ભાવ ન આવહી, જીહાં લગી મુજને દેવ,
તીહાં લગે તુમપદ કમળની, સેવના રહેજો એ ટેવ, મનમાં. ૩

યદ્યપિ તુમે અતુલબલી, યશવાદ એમ કહાય,
પણ કબજે આવ્યા મુજ મને, તે સહુજથી ન જવાય, મનમાં. ૪

મન મનાવ્યા વિણ માહરૂં, કેમ બંધનથી છુટાય,
મનવાંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય, મનમાં. ૫

હુઠ બાલનો હોય આકરો, તે લહો છો જિનરાજ,
ઝાઝું કહાવે શું હોવે, ગિરૂઆ ગરીબ નિવાજ, મનમાં. ૬

જ્ઞાનવિમલ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ,
તો અક્ષયસુખ લીલા દીઓ, જીમ હોવે સુજશ જમાવ, મનમાં. ૭

* 卐 *

Download From : https://PDFSeva.com

# વિહરમાન જિન સ્તવન

-૧-

શ્રી યુગમંધરને કહેજો કે દધિસુત વિનતડી સુણજો રે,
શ્રી યુગમંધરને કહેજો

કાયા પામી અતિ કુડી, પાંખ નહીં આવું ઉડી,
લબ્ધિ નહીં કોઇ રૂડી રે, શ્રી યુગ૦ ૧
તુમ સેવામાં સુર કોડી, ઈહાં આવે જો એક દોડી,
આશા ફળે પાતક મોડી રે, શ્રી યુગ૦ ૨
દુષમ સમયમાં ઇણે ભરતે, અતિશયનાણી નવિ વરતે,
કહીએ કહો કોણ સાંભળતે રે, શ્રી યુગ૦ ૩
શ્રવણાં સુખીઆં તુમ નામે, નયણાં દરિશન નવિ પામે
એ તો ઝઘડાને ઠામે રે, શ્રી યુગ૦ ૪
ચાર આંગળ અંતર રહેવું, શોકલડીની પેરે દુઃખ સહેવું.
પ્રભુ વિના કોણ આગળ કહેવું રે, શ્રી યુગ૦ ૫
મોટા મેળ કરી આપે, બેઉને તોલ કરી થાપે.
સજ્જન જશ જગમાં વ્યાપે રે, શ્રી યુગ૦ ૬
બેઉનો એક મતો થાવે, કેવલનાણ યુગલ પાવે,
તો સવિ વાત બની આવે રે, શ્રી યુગ૦ ૭
ગજ લંછન ગજ ગતિ ગામી, વિચરે વપ્ર વિજય સ્વામી.
નયરી વિજયા ગુણ ધામી રે, શ્રી યુગ૦ ૮
માત સુતારાએ જાયો, સુદઢ નરપતિ કુલ આયો,
પંડિત જિનવિજયે ગાયો રે, શ્રી યુગ૦ ૯

卐

Download From : https://PDFSeva.com

– ૨ –

પુક્ખલવઈ વિજયે જયો રે, નયરી પુંડરગિણિ સાર,
શ્રી સીમન્ધર સાહિબા રે, રાય શ્રેયાંસકુમાર,
જિણંદરાય, ધરજો ધર્મસનેહ, જિણંદરાય૦ ૧

મોટા નાના અંતરો રે, ગિરૂઆ નાવે દાખંત
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવ વન વિકસંત, જિણંદરાય૦ ૨

ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જળધાર,
કર દોય કુસુમે વાસીયે રે, છાયા સવિ આધાર, જિણંદરાય૦ ૩

રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશિ સૂર,
ગંગાજલ તે બીહું તણાં રે, તાપ કરે સવિ દૂર, જિણંદરાય૦ ૪

સરીખા સહુને તારવા રે, તીમ તુમે છો મહારાજ
મુજશું અંતર કીમ કરો રે, બાંહી ગ્રહ્યાની લાજ, જિણંદરાય૦ ૫

મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ,
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ, જિણંદરાય૦ ૬

વૃષભ લંછન માતા સત્યકી રે, નંદન રૂકિમણી કંત,
વાચક યશ એમ વિનવે રે, ભયભંજન ભગવંત, જિણંદરાય૦ ૭

✽ 卐 ✽

– ૩ –

સુણો ચંદાજી, સીમન્ધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો,
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઈન્દ્ર પાયક છે,
નાણ દરિસણ જેહને ક્ષાયિક છે, સુણો ચંદાજી –૧

જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે,
પુંડરગિણિ નગરીનો રાયા છે, સુણો ચંદાજી –૨

Download From : https://PDFSeva.com

બાર પર્ષદામાંહી બીરાજે છે,
જસ ચોત્રીશ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે, સુણો ચંદાજી –૩

ભવિજનને જે પડિબોહે છે,
તુમ અધિક શીતલ ગુણ સોહે છે,
રૂપ દેખી ભવિજન મોહે છે, સુણો ચંદાજી –૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસીઓ છું,
મહા મોહરાય કર ફસીઓ છું, સુણો ચંદાજી –૫

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે,
તુમ આણા ખડગ કર ગ્રહીયો છે,
તો કાંઇક મુજથી ડરીઓ છે, સુણો ચંદાજી –૬

જિન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મ વિજય થાઉં શૂરો,
તો વાધે મુજ મન અતિ નુરો, સુણો ચંદાજી –૭

* 卐 *

– ૪ –

તારી મૂરતિએ મન મોહ્યું રે, મનના મોહનીઆ,
તારી સૂરતીએ જગ સોહ્યું રે, જગના જીવનીઆ,
તુમ જોતાં સવિ દુરમતિ વિસરી, દિન રાતડી નવિ જાણી,
પ્રભુ ગુણ ગણ સાંકળ શું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે, મનના. ૧

પહેલાં તો એક કેવળ હરખે, હેજાળું થઈ હળીઓ,
ગુણ જાણીને રૂપે ગળીઓ, અભ્યંતર જઇ ભળીઓ રે, મનના. ૨

વીતરાગ ઇમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ રે,
આપ અરૂપી રાગ નિમિત્તે, દાસ અરૂપ ધરેહ રે, મનના. ૩

Download From : https://PDFSeva.com

શ્રી સીમન્ધર તું જગબંધુ, સુંદર તારી વાણી,
મંદર ભૂધર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે, મનના. ૪
શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી,
સત્યકી માતા વૃષભ લંછન જિન,
જ્ઞાન વિમલ ગુણખાણી રે, મનના. ૫

* 卐 *

– ૫ –

વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ અછો ત્રિભુવનપતિ,
ભાસક લોકાલોક તીણે જાણો છતી,
તો પણ વીતક વાત કહું છું તુજ પ્રતિ, ૧

હું સ્વરૂપ નિજ છોડી, રમ્યો પર પુદ્‌ગલે,
ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જલે,
આશ્રવ બંધ વિભાવ કરૂં રૂચિ આપણી,
ભુલ્યો મિથ્યાવાસ દોષ દુ પરભણી, ૨

અવગુણ ઢાંકણ કાજ કરૂં જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ અનાદિની જે પ્રિયા,
દ્રષ્ટિરાગનો પોષ તેહ સમકિત ગણું,
સ્યાદ્‌વાદની રીતે ન નિરખું નિજપણું, ૩

મન તનુ ચપલ સ્વભાવ વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ ન ભાસે જે છતા,
જે લોકોત્તર દેવ નમું લૌકિકથી,
દુર્લભ સિદ્ધ સ્વભાવ પ્રભો તહકીકથી, ૪

Download From : https://PDFSeva.com

મહાવિદેહ મઝાર કે તારક જિનવરૂ,
શ્રી વજ્રંધર અરિહંત અનંત ગુણાકરૂ,
તે નિર્યામિક શ્રેષ્ઠ સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ રોગ ભવ વારશે, ૫

પ્રભુ મુખ ભવ્ય સ્વભાવ, સુણું જો માહરો,
તો પામે પ્રમોદ એહ ચેતન ખરો,
થાયે શિવ પદ આશ રાશિ સુખ વૃંદની,
સહજ સ્વતંત્ર સ્વરૂપ ખાણ આનંદની, ૬

વળગ્યા જે પ્રભુ નામ ધામ તે ગુણતણા,
ધારો ચેતનરામ એહ સ્થિર વાસના,
દેવચન્દ્ર જિનચન્દ્ર હૃદય સ્થિર સ્થાપજો,
જિન આણા યુક્ત ભક્તિ શક્તિ મુજ આપજો, ૭

* 卐 *

— ૬ —

મનડું તે મારૂં મોકલે, મારા વાલાજી રે,
શશહર સાથે સંદેશ, જઇને કેજો મારા વાલાજી રે
ભરતના ભક્તને તારવા, મારા વાલાજી રે,
એકવાર આવો આ દેશ, જઇને કેજો૦ ૧
પ્રભુજી વસો પુષ્કલાવતી, મારા વાલાજી રે,
મહાવિદેહ ક્ષેત્ર મઝાર, જઇને કેજો૦
પુરી રાજે પુંડરગિણિ, મારા વાલાજી રે,
જીહાં પ્રભુનો અવતાર, જઇને કેજો૦ ૨

Download From : https://PDFSeva.com

શ્રી સીમન્ધર સાહિબા, મારા વાલાજી રે,
વિચરંતા વીતરાગ, જઇને કેજો૦
પડિબોહે બહુ પ્રાણીને, મારા વાલાજી રે,
તેહનો પામે કુણ તાગ, જઇને કેજો૦ ૩
મન જાણે ઉડી મળું, મારા વાલાજી રે,
પણ પોતે નહીં પાંખ, જઇને કેજો૦
ભગવંત તુમ જોવા ભણી, મારા વાલાજી રે,
અલજો ધરે છે બે આંખ, જઇને કેજો૦ ૪
ઘાટીની આંટી ઘણી, મારા વાલાજી રે,
અટવી પંથ અપાર, જઇને કેજો૦
દુર્ગમ મોટા ડુંગરા, મારા વાલાજી રે,
નદી નાળાનો નહી પાર, જઇને કેજો૦ ૫
કોડી સોનૈયે કાસીદુ, મારા વાલાજી રે,
કરનારો નહીં હોય, જઇને કેજો૦
કાગળીઓ કેમ મોકલું, મારા વાલાજી રે,
હોંશ તે નિત્ય નવલી હોય, જઈને કેજો૦ ૬
લખું હું જે જે લેખમાં, મારા વાલાજી રે,
લાખો ગમે અભિલાખ, જઇને કેજો૦
તમે લેજામાં તે લહો, મારા વાલાજી રે,
સમય પુરે છે સાખ, જઇને કેજો૦ ૭
લોકાલોક સ્વરૂપના, મારા વાલાજી રે,
જગમાં તુમે છો જાણ, જઇને કેજો૦

Download From : https://PDFSeva.com

જાણુ આગળ શું જણાવીએ, મારા વાલાજી રે,
આખર અમે અજાણ, જઈને કેજો૦ ૮

વાચક ઉદયની વિનતિ, મારા વાલાજી રે,
શશાહુર કહ્યા સંદેશ, જઈને કેજો૦

માની લેજો માહરી, મારા વાલાજી રે,
વસતાં દૂર વિદેશ, જઈને કેજો૦ ૯

* 卐 *

- ૭ -

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ,
ધન્ય તીહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ,
સીમંધરસ્વામી કંઈએ રે, હું મહાંવિદેહ આવીશ,
જયવંતા જિનવર કંઈએ રે, હું તમને વાંદીશ, ૧

ચાંદલીઆ સંદેશડોજી, કેજો સીમંધર સ્વામ,
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ, સીમંધર. ૨

સમવસરણ દેવે રચ્યું તીહાં, ચોસઠ ઇન્દ્ર નરેશ,
સોનાતણે સિંહાસન બેઠા, ચામર છત્ર ધરેશ, સીમંધર. ૩

ઇન્દ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પુરેશ,
લળી લળી લીએ લુંછણાજી, જિનવર દીએ ઉપદેશ, સીમંધર. ૪

એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવાં પચ્ચખ્ખાણ,
પોથી ઠવણી તીહાં કણેજી, અમૃતવાણી વખાણ, સીમંધર. ૫

રાયને વાલા ઘોડલાજી, વેપારીને વાલા છે દામ,
અમને વાલા સીમંધરસ્વામી, જેમ સીતાને શ્રીરામ, સીમંધર. ૬

નહીં માગું પ્રભુ રાજ્ય ઋદ્ધિજી, નહીં માગું ગરથ ભંડાર,
હું માગું પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર, સીમંધર. ૭

Download From : https://PDFSeva.com

દેવે ન દીધી પાંખડીજી, કીમ કરી આવું હજુર,
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર, સીમંધર. ૮
સમયસુંદરની વિનતિજી, માનજો વારંવાર,
બે કર જોડી વિનવું જી, વિનતડી અવધાર, સીમંધર. ૯

❋ 卐 ❋

– ૮ –

અનંતવીર્ય અરિહંત સુણો મુજ વિનતિ,
અવસર પામી આજ કહું જે દીલ છતી,
આતમસત્તા હારી સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ૧
ક્રોધ દાવાનલ દગ્ધ, માન વિષધર ડસ્યો,
માયા જાળે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો.
મન વચ કાયા યોગ ચપળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપ તણી અહોનિશ દશા ૨
કામ રાગે અણુનાથ્યા સાંઢ પરે ધસ્યો,
સ્નેહરાગની રાચે ભવપિંજર વસ્યો
દષ્ટિરાગ રૂચિ કાચ પાચ સમકિત ગણું,
આગમ રીતે નાથ ન નિરખું નિજપણું. ૩
ધર્મ દેખાડું માંડ ભાંડ પરે અતિ લવું,
અચરે અચરે રામ રામ શુક પેરે જપું,
કપટ પટુ નટવા પરે મુનિ મુદ્રા ધરૂં,
પંચ વિષય સુખ પોષ સદોષ વૃત્તિ વરૂં. ૪
એક દિનમાં નવ વાર કરેમિ ભંતે કરૂં,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણે ક્ષણ એક નવી ઠરૂં,
મા– સાહસ ખગ રીતિ નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ ન તે પણ નિરવહું, ૫

Download From : https://PDFSeva.com

દીન દયાળ ભુજાળ પ્રભુ મહારાજ છો,
જાણુ આગળ શું કહેવું ગરીબ નિવાજ છો.
પુરવ ધાતકીખંડ વિજય નલિનાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક યતિપતિ. ૬
મેઘ મહીપ મંગલાવતી સુત વિજયાપતિ,
આનંદન ગજ લંછન જગ જન તારતી,
ક્ષમાવિજય જિનરાજ અપાય નિવારજો,
વિહરમાન ભગવાન સુનજરે તારજો. ૭

* 卐 *

-૯-

સાહેબ બાહુ જિનેશ્વર વિનવું, વિનતડી અવધાર હો,
સાહેબ ભવોભવમાંહી હું ભમ્યો,
હવે મને ભવપાર ઉતાર હો, સાહેબ૦ ૧
સાહેબ તુમ સરીખા મુજ શિર છતે,
કર્મ કરે કેમ જોર હો,
સાહેબ ભુજંગતણો ભય તીહાં નહીં,
જીહાં વન વિચરે મોર હો, સાહેબ૦ ૨
સાહેબ જીહાં રવિ તેજે ઝગમગે, તીહાં કીમ રહે અંધકાર હો,
સાહેબ કેસરી જીહાં ક્રીડા કરે,
તીહાં નહીં ગજનો પ્રચાર હો, સાહેબ૦ ૩
સાહેબ ઇમ તુમે જો મુજ મન રમો,
તો નાશે દુરિત સંભાર હો,
સાહેબ વત્સવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો, સાહેબ૦
સાહેબ હરિણ લંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીના કંત હો,
સાહેબ વિજયાનંદન મુજ દીઓ,
જસ કહે સુખ અનંત હો, સાહેબ૦ ૫

* 卐 *

Download From : https://PDFSeva.com

# શ્રી સિદ્ધાચળનાં સ્તવનો

-૧-

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું,
ઋષભ જિણંદ જુહારવા, સૂરજકુંડમાં ન્હાશું, તે દિન, ૧

સમવસરણમાં બેસીને, જિનવરની વાણી,
સાંભળશું સાચે મને, પરમારથ જાણી, તે દિન. ૨

સમકિત વ્રત સુધાં ધરી, સદ્ગુરુને વંદી,
પાપ સર્વ આલોઇને, નિજ આતમ નિંદી, તે દિન. ૩

પડિક્કમણાં હોય ટંકના, કરશું મન કોડે,
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે, તે દિન. ૪

વ્હાલા ને વેરી વચ્ચે, નવિ કરવો વેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચેરો, તે દિન. ૫

ધર્મસ્થાનક ધન વાવરી, છકાયને હેતે,
પંચ મહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે, તે દિન. ૬

કાયાની માયા મેલીને, પરિસહને સહેશું,
સુખદુઃખ સઘળાં વિસારીને, સમભાવે રહેશું, તે દિન. ૭

અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદયરતન એમ ઉચ્ચરે, ત્યારે નિરમળ થાશું. તે દિન. ૮

* 卐 *

Download From : https://PDFSeva.com

– ૨ –

બાપડલાં રે પાતિકડાં, તુમે શું કરશો હવે રહીને રે,
શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો,
દૂર જાઓ તુમે વહીને રે, બાપડલાં૦ ૧
કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને રે,
આજથકી પ્રભુ ચરણે રહેવું,
એમ શિખવીઉં મનને રે, બાપડલાં૦ ૨
દુષમ કાળે ઇણે ભરતે, મુક્તિ નહીં સંઘયણને રે,
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે,
ચમક ઉપલ જેમ લોહને રે, બાપડલાં૦ ૩
શુદ્ધ સુવાસન ચુરણ આપ્યું, મિથ્યાપંક શોધનને રે,
આતમભાવ થયો મુજ નિરમળ,
આનંદમય તુજ ભજને રે, બાપડલાં૦ ૪
અખય નિધાન તુજ સમકિત પામી,
કુણ વંછે ચલ ધનને રે,
શાન્ત સુધારસ નયન કચોળે,
સીંચો સેવક તનને રે, બાપડલાં૦ ૫
બાહ્ય અભ્યંતર શત્રુ કેરો,
ભય ન હોવે હવે મુજને રે,
સેવક સુખીઓ સુજશ વિલાસી,
તે મહિમા પ્રભુ તુજને રે, બાપડલાં૦ ૬
નામ મંત્ર તુમારો સાચો, તે થયો જગમોહનને રે,
તુજ સુખ મુદ્રા નિરખી હરખું,
જીમ ચાતક જલધરને રે, બાપડલાં૦ ૭
તુજ વિણ અવરને દેવ કરીને,
નવિ ચાહું ફરી ફરીને રે,
જ્ઞાનવિમલ કહે ભવજળ તારો,
સેવક બાંહ્ય ગ્રહીને રે, બાપડલાં૦ ૮

Download From : https://PDFSeva.com

- ૩ -

મનના મનોરથ સવિ ફળ્યા એ, સિધ્યા વાંછિત કાજ,
પૂજો ગિરિરાજને રે

પ્રાયે એ તીરથ શાશ્વતો એ,
ભવજલ તરવા જહાજ ,, ,, ૧

મણિ માણેક મુકતા ફળે એ,
રજત કનકના ફુલ ,, ,,

કેસર ચંદન ઘસી ઘણાં એ,
બીજી વસ્તુ અમૂલ ,, ,, ૨

છઠ્ઠે અંગે દાખીઓ એ,
આઠમે અંગે ભાખ, ,, ,,

સારાવલિ પયન્ને વર્ણવ્યો એ,
એ આગમની સાખ ,, ,, ૩

વિમલ કરે ભવિલોકને એ,
તેણે વિમલાચલ જાણ, ,, ,,

શુકરાજાથી વિસ્તર્યો એ,
શત્રુંજય ગુણ ખાણ, ,, ,, ૪

પુંડરીક ગણધરથી થયો એ,
પુંડરીકગિરિ ગુણ ધામ ,, ,,

સુર-નરકૃત એમ જાણીએ એ,
ઉત્તમ એકવીશ નામ, ,, ,, ૫

એ ગિરિવરના ગુણ ઘણાંએ,
નાણીએ નવિ કહેવાય ,, ,,

જાણે પણ નવિ કહી શકે એ,
મૂક ગુડને ન્યાય, ,, ,, ૬

Download From : https://PDFSeva.com

ગિરિવર દરિશન નવિ કર્યો એ,
તે રહ્યો ગરભાવાસ ,, ,,
નમન દર્શન ફરસન કર્યો એ,
પુરે મનની આશ, ,, ,, ૭
આજ મહોદય મેં લહ્યો એ,
પામ્યો પ્રમોદ રસાળ ,, ,,
મણિ ઉદ્યોત ગિરિ સેવતાંએ,
ઘેર ઘેર મંગલમાળ ,, ,, ૮

* 卐 *

- ૪ -

ઉમૈયા મુજને ઘણી રે જી હો,
ભેટું વિમલગિરીરાય,
દો ઇતરા મુજ પાંખડી રે જી હો,
લળી લળી લાગું પાય કે,
મોહનગારા હો રાજ રૂડા, મારા સાંભળ સુગુણા શુડા. ૧
શેત્રુંજા શિખર સોહામણો રે જીહો.
ધન્ય ધન્ય રાયણ રૂખ,
ધન્ય પગલાં પ્રભુજી તણાં રે જીહો.
દીઠડે ભાંગે ભુખ કે, મોહન૦ ૨
એણી ગિરિ આવી સમોસર્યા રે જીહો.
નાભિ નરિંદ મલ્હાર,
પાવન કીધી વસુંધરા રે, જીહો.
પુરવ નવાણું વાર કે, મોહન૦ ૩
પુંડરીક મુનિ મુગતે ગયા રે, જીહો.
સાથે મુનિ પંચ ક્રોડ,
પુંડરિક ગિરિવર એ થયા રે જીહો.
નમું નમું બે કર જોડ કે, મોહન૦ ૪

Download From : https://PDFSeva.com

એણે તીરથે સિધ્ધ્યા ઘણાં રે જીહો.
સાધુ અનંતી રે કોડ,
ત્રણ ભુવનમાં જોવતાં રે જીહો.
નમું નમું બે કર જોડ કે, મોહન૦ ૫
મનવાંછિત સુખ મેળવે રે જીહો.
જપતાં એ ગિરિરાજ,
દ્રવ્ય ભાવ વૈરી તણો રે જીહો.
ભય જાવે સવિ ભાંજ કે, મોહન૦ ૬
વાચક રામવિજય કહે રે જીહો.
ધન્ય ધન્ય તીરથ એહ,
શિવ મંદિરની શ્રેણ છે રે જીહો.
એહમાં નહીં સંદેહ કે, મોહન૦ ૭

* 卐 *

– ૫ –

નીલુડી રાયણ તરૂ તળે, સુણ સુંદરી, પીલુડા પ્રભુજીના પાય રે
ગુણમંજરી,
ઉજ્વલ ધ્યાને ધ્યાઇએ, ,, એહીજ મુક્તિ ઉપાય રે ,, ૧
શીતલ છાયાએ બેસીએ, ,, રાતડો કરી મન રંગ રે ,,
પૂજીએ સોવન ફુલડે, ,, જેમ હોય પાવન અંગ રે ,, ૨
ખીર ઝરે જેહ ઉપરે, ,, નેહ ધરીને એહ રે ,,
ત્રીજે ભવે તે શિવલહે, ,, થાયે નિર્મળ દેહ રે ,, ૩
પ્રીત ધરી પ્રદક્ષિણા ,, દીએ એહને જે સાર રે ,,
અભંગ પ્રીતિ હોય જેહને, ,, ભવો ભવ તુમ આધાર રે ,, ૪
કુસુમ પત્ર ફળ મંજરે, ,, શાખા થડ ને મૂળ રે ,,
દેવતણા વાસા ય છે, ,, તીરથ ને અનુકૂળ રે ,, ૫
તીરથ ધ્યાન ધરો મુદા, ,, સેવો એહની છાંય રે ,,
જ્ઞાન વિમલ ગુણ ભાખીઓ, ,, શત્રુંજય માહાત્મ્ય માંહી રે ,, ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

– ૬ –

આંખડીએ મેં આજ શત્રુંજય દીઠો રે,
સવા લાખ ટકાનો દહાડો રે લાગે મુને મીઠો રે,
સફળ થયો મારા મનનો ઉમાયો,
વહાલા મારા ભવનો સંશય ભાગ્યો રે,
નરક નિર્યંચ ગતિ દૂર નિવારી,
ચરણે પ્રભુજીને લાગ્યો રે, શત્રુંજય૦ ૧
માનવ ભવનો લાહો લીજે,
વહાલા મારા દેહડી પાવન કીજે રે,
સોના–રૂપાને ફુલડે વધાવી,
પ્રેમે પ્રદક્ષિણા દીજે રે, શત્રુંજય૦ ૨
દુધડે પખાળીને કેસર ઘોળી,
વહાલા મારા શ્રી આદીશ્વર પૂજ્યા રે,
શ્રી સિદ્ધાચલ નયણે જોતાં,
પાપમેવાસી ધ્રુજ્યા રે, શત્રુંજય૦ ૩
શ્રી મુખ સુધર્મા સુરપતિ આગે,
વહાલા મારા વીર જીણંદ એમ બોલે રે,
ત્રણ ભુવનમાં તીરથ મોટું,
નહીં કોય શત્રુંજય તોલે રે શત્રુંજય૦ ૪
ઈન્દ્ર સરીખા એ તીરથની,
વહાલા મારા ચાકરી ચિત્તમાં ચાહે રે,
કાયાની તો કાસળ કાઢી, સૂરજકુંડમાં નાહે રે, શત્રુંજય૦ ૫
કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે,
વહાલા મારા સાધુ અનંતા સિધ્યા રે,
તે માટે એ તીરથ મોટું,
ઉદ્ધાર અનંતા કીધા રે, શત્રુંજય૦ ૬

Download From : https://PDFSeva.com

નાભિરાયા સુત નયણે જોતાં,
વહાલા મારા મેહ અમીરસ વુઠયા રે,
ઉદયરત્ન કહે આજ મારે પોતે,
શ્રી આદીશ્વર તુઠયા રે, શત્રુંજય૦ ૭

卐

-૭-

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ,
પુછે શ્રી આદિ જિણંદ સુખકારી રે,
કંઇએ તે ભજવલ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે, એક. ૧
કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ,
નાણ અને નિર્વાણ જયકારી રે,
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે, એક. ૨
ઈમ નિસુણીને તીહાં આવીઆ રે લાલ,
ઘાતી કરમ કર્યા દૂર તમ વારી રે,
પાંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજુર ભવપારી રે, એક. ૩
ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દીલધારી રે,
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ પુઈ નમુક્કાર નરનારી રે, એક. ૪
દશ, વીશ, ત્રીશ, ચાલીશ ભલા રે લાલ,
પચાશ પુષ્પની માળ અતિ સારી રે,
નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાળ મનોહારી રે, એક ૫

卐

Download From : https://PDFSeva.com

-૮-

સિદ્ધાચલગિરિ ભેટ્યા રે, ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા,
રાયણ રૂખ સમોસર્યાં સ્વામી, પુરવ નવાણું વારા રે,
ધન્ય ભાગ્ય હમારા-૧

મૂળનાયક શ્રી આદિ જિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા,
અષ્ટ દ્રવ્ય શું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે,
ધન્ય ભાગ્ય હમારા-૨

ભાવભક્તિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા,
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચગતિ વારા રે,
ધન્ય ભાગ્ય હમારા-૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા,
પતિત ઉદ્ધારણ બિરૂદ તમારો, એ તીરથ જગ સારા રે,
ધન્ય ભાગ્ય હમારા-૪

સંવત અઢાર ત્યાશી માસ અષાઢા, વદી આઠમ ભોમવારા,
પ્રભુ કે ચરણ પ્રતાપ કે સંઘમે, ખીમા રતન પ્રભુ પ્યારા રે.
ધન્ય ભાગ્ય હમારા-૫

* 卐 *

-૯-

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહો,
ઋષભદેવ પૂજા કરી, લીજે ભવતણો લાહો, શ્રી રે૦ ૧

મણિમય મુરતિ શ્રી ઋષભની, એ નિપાઈ અભિરામ,
ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ, શ્રી રે૦ ૨

Download From : https://PDFSeva.com

નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી,
શેત્રુંજા સમો તીરથ નહીં, બોલ્યા સીમન્ધર વાણી, શ્રી રે૦ ૩

પુરવ નવ્વાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભ જિણંદ,
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ, શ્રી રે૦ ૪

પુરવ પુન્ય પસાઉલે, પુંડરીકગિરિ પાયો,
કાન્તિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચલ ગાયો, શ્રી રે૦ ૫

✽ 卐 ✽

- ૧૦ -

વિમળાચલ વિમળા પાણી, શીતળ તરૂ છાયા ઠરાણી,
રસવેધક કંચન ખાણી, કહે ઇન્દ્ર સુણો ઈન્દ્રાણી,
સનેહી સંત એ ગિરિ સેવો,
ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો, સનેહી૦ ૧

ષટ રી પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ,
મોહમલ્લની સામા ધસીએ, વિમળાચલ વેગે વસીએ, સનેહી૦ ૨

અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હણુગિરિ હેઠાં હરીએ,
પાખળ પ્રદક્ષિણા ફરીએ, ભવજળનિધિ હેલા તરીએ, સનેહી૦ ૩

શિવમંદિર ચડવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે,
ચડતાં સમકિતી છાજે, દૂરભવ્ય અભવ્ય તે લાજે, સનેહી૦ ૪

પંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા,
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચલ સિધ્યા અનંતા, સનેહી૦ ૫

ષટમાસી ધ્યાન ધરાવે, શુક રાજા રાજ્ય નિપાવે,
બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે, સનેહી૦ ૬

Download From : https://PDFSeva.com

પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો,
મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમલગિરિ સાચો, સનેહી૦ ૭

## -૧૧-

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે, દેખીને હરખિત હોય,
વિધિશું કીજે રે જાત્રા એહુની રે, ભવો ભવના દુઃખ ખોય, મારૂં૦ ૧

પંચમ આરે રે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય,
મોટો મહિમા રે મહીયલ એહનો રે, આ ભરતે ઇહાં જોય, મારૂં૦ ૨

ઇણ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત,
કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કર્મ નિશાંત, મારૂં૦ ૩

જૈન ધરમ તે જાચે જાણીને રે, માનું તીરથ એ સ્તંભ,
સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટારંભ, મારૂં૦ ૪

ધન્ય ધન્ય દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર,
જ્ઞાન વિમલ સૂરિ ગુણ એહના ઘણાં રે, કહેતાં નાવે પાર, મારૂં૦ ૫

## -૧૨-

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા,
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફળ લેવા, વિમલા૦ ૧

ઉજવલ જિનગૃહ મંડળી, તીહાં દીપે ઉત્તંગા
માનું હિમગિરિ વિભ્રમે, આઇ અંબર ગંગા, વિમલા૦ ૨

કોઇ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે,
એમ શ્રી મુખ હરિ આગળે શ્રી સીમન્ધર બોલે, વિમલા૦ ૩

Download From : https://PDFSeva.com

જે સઘળા તીરથ કહ્યાં, જાત્રા ફળ કહીએ,
તેહથી એ ગિરિ ભેટતાં શતગણું ફળ લહીએ, વિમલા૦ ૪
જન્મ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે,
સુજશ વિજય સંપદ લહે, તે નર ચિર નંદે, વિમલા૦ ૫

* 卐 *

-૧૩-

તુમે તો ભલે બિરાજો જી,
શ્રી સિદ્ધાચલ કે વાસી સાહિબ ભલે બિરાજોજી૦

મરૂદેવીનો નંદન રૂડો, નાભિ નરિંદ મલ્હાર,
યુગલા ધર્મ નિવારણ આયા, પુરવ નવાણું વાર, તુમે તો૦ ૧

મૂળદેવને સન્મુખ રાજે, પુંડરીક ગણધાર,
પાંચ ક્રોડ શું ચૈત્રી પુનમે, વરીઆ શિવવધૂ સાર, તુમે તો૦ ૨

સહસકૂટ દક્ષિણ બિરાજે, જિનવર સહસ ચોવીશ,
ચૌદસો બાવન ગણધરનાં પગલાં, પૂજો વામ જગીશ, તુમે તો૦ ૩

પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ,
અષ્ટાપદ ચોવીસ જિનેશ્વર, સમ્મેત વીશ જિણંદ, તુમે તો૦ ૪

મેરૂ પર્વત ચૈત્ય ઘણેરાં, ચઉમુખ બિંબ અનેક,
બાવન જિનાલય દેવળ નિરખી, હરખ લહું અતિરેક, તુમે તો૦ ૫

સહસ ફણા ને શામળા પાસજી, સમવસરણ મંડાણ,
છીપા વસીને ખરતર વસી કાંઈ, પ્રેમાવસી પરિમાણ, તુમે તો૦ ૬

Download From : https://PDFSeva.com

સંવત અઢાર ઓગણુ પચાસે, ફાગણુ અષ્ટમી દિન,
ઉજવલ પક્ષે ઉજવલ હુઓ, ગિરિ ફરસી મુજ મન, તુમે તો૦ ૭

ઈત્યાદિક જિનબિંબ નિહાળી, સાંભળી સિદ્ધની શ્રેણુ,
ઉત્તમ ગિરિવર કેણી પેરે વિસરે,
પદ્મવિજય કહે જેણુ, તુમે તો૦ ૮

卐

-૧૪-

જાત્રા નવાણું કરીએ વિમલ ગિરિ જાત્રા નવાણું કરીએ,
પુરવ નવાણું વાર શેત્રુંજા ગિરિ,
ઋષભ જિણુંદ સમોસરીએ, વિમલ૦ ૧

કોડી સહસ ભવ પાતક ત્રુટે,
શેત્રુંજા સામો ડગ ભરીએ, વિમલ૦ ૨

સાત છઠ્ઠ હોય અઠ્ઠમ તપસ્યા,
કરી ચડીએ ગિરિવરીએ, વિમલ૦ ૩

પુંડરીક પદ જપીએં મન હરખે,
અધ્યવસાય શુભ ધરીએ, વિમલ૦ ૪

પાપી અભવ્ય ન નજરે દેખે,
હિંસક પણ ઉદ્ધરીએ, વિમલ૦ ૫

ભૂમિ સંથારો ને નારી તણો સંગ,
દૂર થકી પરિહરીએ, વિમલ૦ ૬

સચિત્ત પરિહારી ને એકલ આહારી,
ગુરૂ સાથે પદ ચરીએ, વિમલ૦ ૭

Download From : https://PDFSeva.com

પડિક્કમણાં દોય વિધિશું કરીએ,
પાપ પડલ વિખરીએ, વિમલ૦ ૮

કલિકાલે એ તીરથ મોટું,
પ્રવહણ જિમ ભરદરીએ, વિમલ૦ ૯

ઉત્તમ એ ગિરિવર સેવંતાં,
પદ્મ કહે ભવતરીએ, વિમલ૦ ૧૦

* 卐 *

-૧૫-

આજ મારા નયણાં સફળ થયા, શ્રી સિદ્ધાચલ નિરખી,
ગિરિને વધાવું મોતીડે, મારા હૈયડામાં હરખી, આજ૦ ૧

ધન્ય ધન્ય સોરઠ દેશને, જીહાં એ તીરથ જોડી,
વિમલાચલ ગિરનારને, વંદું બે કર જોડી, આજ૦ ૨

સાધુ અનંતા ઇણગિરિ, સિધ્યા અનશન લેઇ,
રામ પાંડવ નારદ ઋષિ, બીજા મુનિવર કેઈ આજ૦ ૩

માનવભવ પામી કરી, નવિ એ તીરથ ભેટે,
પાપ કર્મ જે આકરાં, કહો કેણી પેરે મેટે ? આજ૦ ૪

તીરથરાજ સમરૂં સદા, સારે વાંછિત કાજ,
દુઃખ દોહગ દૂરે કરી, આપે અવિચલ રાજ, આજ૦ ૫

સુખ અભિલાષી પ્રાણીઆ, વંછે અવિચલ સુખડાં,
માણેકમુનિ ગિરિધ્યાનથી, ભાંગે ભવો ભવ દુઃખડાં, આજ૦ ૬

* 卐 *

Download From : https://PDFSeva.com

Download From : https://PDFSeva.com